સચિત્ર ઝેરની પ્યાલી.



સરોવરની સુંદરી. ચીત્ર બીજું.



સુતેલી સરોજના ગાલે તેણે નીચા વળી એક ચુમી ભરી લીધી.
ગુલાબસીંહ આ દેખાવ લાલચોળ આંખે જોઈ રહ્યો.

—:ॐ:—

શ્રી સરસ્વત્યૈ નમઃ !

ઝેરની પ્યાલી.

—: યાને :—

"સમાજ ત્હારે ખાતર !"

(ભાગ બીજો.)

(હિન્દુસમાજનું એક હૃદયસ્પર્શી દિગ્દર્શન)

યોજક:—"પુષ્પ."

—: તે :—

(રાજા ભરથરી, રંગમાં ભંગ, વીણા–વેલી, જળસમાધિ, અભાગીની લક્ષ્મી, સરોવરની સુન્દરી ઈત્યાદિના લેખક.)

પ્રકાશક:-

રણછોડલાલ મોતીલાલ બુકસેલર.

રીચીરોડ-અમદાવાદ.

દ્વીતીયાવૃત્તિ. સંવત ૧૯૮૨. પ્રત ૨૦૦૦

કીંમત ૦-૧૨-૦

વિષયાનુક્રમ :—

—:o:—

પુષ્પ—સંખ્યા.	શિર્ષક.
(૧)	..."સમાજ એટલે શું?"
(૨)	..."હવે શું?"
(૩)	..."પાપને પંથે."
(૪)	..."ઝેરની પ્યાલી."
(૫)	..."ગર્ભવતી વિદ્યા."
(૬)	..."સમાજનું પાપ."
(૭)	..."પાગલ પિતા."
(૮)	..."પતિને ખાતર."
(૯)	..."પતિભક્તિ."
(૧૦)	..."છેલ્લું ચુંબન."
(૧૧)	..."ગરીબનું દીલ."
(૧૨)	..."પ્રાયશ્ચિત્ત."
(૧૩)	..."બળતામાં ઘી."
(૧૪)	..."પ્રિયતમાની પાછળ."
(૧૫)	..."ભયંકર સજા."

.........છેવટ.............

ધી "સૂર્ય પ્રકાશ" પ્રીન્ટીંગ પ્રેસમાં મૂળચંદભાઇ ત્રીકમલાલે છાપ્યું.
પાનકોરનાકા; પીરમશા રોડ—અમદાવાદ.

॥ ૐ શ્રી ॥

ઝેરની પ્યાલી.

—: યાને :—

" સમાજ ત્હારે ખાતર !"

પુષ્પઃ-૧ લું.

" સમાજ એટલે શું ?"

સુર્યપુરનાં ન્યાયાલયમાં સુધામયીના સ્વામી ચંદ્રવદનને ફાંસીની શિક્ષા જાહેર થઈ ચૂકી. બંસીધરની ત્રીજી છેલ્લી પુત્રી ઉષાદેવી લગ્નમંડપમાંથીજ બાળવિધવા બની. હવે લીલાવતી તથા બંસીધરના હૃદય ભાંગી ગયા. તેમાંય પિતાનું હૃદય તો સમાજના આ ઉપરાઉપરી ત્રાસો, અને કુદરતી મારથી એવું તો પાગલ થઈ ગયું, કે સંસાર, અને જીવન બંને તેને ઝેર જેવા લાગવા માંડયા. અંતે હારી તે પોતાની પત્નીના મતની સાથે સંમત થયો. લીલાવતીના અત્યાગ્રહે આજે તેણે ન્યાતમાં અરજી નાખી ન્યાતને એકઠી કીધી. ચોરીમાંજ રંડાપો મેળવનાર પોતાની ઉષાના પુનર્લગ્નનો પ્રશ્ન તેણે ન્યાતની પંચ સમક્ષ મૂકયો.

" જ્ઞાતિશેઠ ! આવી બાળવિધવાઓને તો ન્યાતિએ દંડ લઈને પણ પુનર્લગ્ન કરવાની રજા આપવીજ જોઈએ."

"એ કેમ બને ? આપણા જેવી ઉચ્ચ કોમોમાંજ જ્યારે વિધવા વિવાહ અથવા નાતરા થાય તો પછી રહ્યુંજ શું ?"

"પરન્તુ શેઠ ! આતો અક્ષતયોનીની બાળવિધવા છે. એને માટે અપવાદ જોઈએ."

"ખરી વાત છે. બંસીધરની આ વાત જરા વિચાર કરવા જેવી છે.

"છતાં દુનિયાની નજરે એનુ પાણીગ્રહણ થઇ ચૂકયું છે. એક વાર એનું દાન થઇ ચૂકયું છે. ચાર મંગળ પૂરા ફેરા ફરી ચૂકી છે. વરી ચૂકી છે. પછી વિધવા થઇ, એ તો નસીબનો વાંક."

"પરન્તુ શેઠ ! વિધવા પુનર્લગ્ન કરે એમાં આપ શું દોષ જુઓ છો ?"

"દોષ ! કેમ નહી ? પુનર્લગ્ન એ તો વિષયવાસનાને પોષવાનું એક પગથીયું છે, પગથીયું."

"તો પછી પુરૂષો કેમ ફરી પરણે છે ?"

"હવે ડાહ્યો મા થા. એ તો અસલથી ચાલતું આવ્યું છે ચાલે છે, ને ચાલશે. જુનું એટલુ સુનુ. વેદ ને મહાભારતમાં ભૂલો કાઢવા ન બેસાય. ત્હારા કરતાં ત્હારા બાપદાદા વધારે ડાહ્યા હતા. સમજ્યો ?"

"તે ઉપરાંત પુરૂષને સ્ત્રી વગર ચાલે એમ નથી."

"ને સ્ત્રીને પુરૂષ વગર ચાલે ! એમ તમે કયા અનુભવ ઉપરથી કહો છો ?"

" બંસીધર ! આ તો બધી તમારી અવળી અને ખોટી દલીલ છે."

" નહી ! સત્ય કહું છું. ન્યાત એટલે શું ? જ્ઞાતિ એટલે તો ગંગાની ધારા. એમાં અપવિત્ર પણ પવિત્ર થઇ જાય. સમાજ એટલે શું ? જેમાં સમાનતા અને શુદ્ધતાના બીજારોપણ હોય ! જેમાં પતિતોદ્ધારની ભાવના હોય, જેમાં દયાના દૈવી આદર્શો હોય, જે પોતે શુદ્ધ બનાવી શકે. જે પોતે પ્રત્યેકને સમદૃષ્ટિએ જુએ ! અને જોતા કરે ! આનું નામ સમાજ. સમાજ એટલે જૂના જમાનાના પ્રવાહોને વળગી રહેનાર ! પ્રાચીન લોકમતના પવન પ્રતિજ પીઠ કરી રાખનાર સંઘબળ નહી, પરન્તુ તેમાં સમય, અને સંજોગ અનુસાર યથાયોગ્ય સુધારા કરનાર એક સુન્દર વિચાર-મંડળ જે સમાજ આદર્શ લેવાનો દાવો કરી, આદર્શ ધારા ઘડવામાં પછાત છે, તેને સમાજ કોણ કહે ?"

" તમારી વાત તો ફિલ્સુફીભરી છે."

" એ ફિલ્સુફી નાખી દેવા જેવી નથી. દેશની આવી કેટલીયે બાળવિધવા આજે સમાજની આવી રાક્ષસી રૂઢીઓના ત્રાસથી કંટાળીને દિન પર દિન છૂપા અનાચારો કરી, પાપને પંથે પરવરી, વેશ્યાવૃત્તિ સ્વીકારી- ન્યાત, માત, તાત, કુળ, કૂખ, કીર્તિ, અને નામને ઈતિહાસમાં અમર કરે છે, એ સમાજ કયાં નથી જોઇ શકતી ? સમાજ આંધળી નથી. એ જુએ છે, પરન્તુ મમતમાં તણાઇ આંખ આડા કાન કરે છે. સમા-

જના થડો આથી દિવસે દિવસે પોલાં થતાં જાય છે. એના કરતાં એઓ જાહેરમાં ઘર માંડી બેસે એ શું ઉત્તમ અને ઇચ્છવા યોગ્ય નથી ? ”

“ ના, ના, વિધવા એટલે હિન્દુશાસ્ત્રના અર્થ મુજબ અસ્પૃશ્ય અને અનૂઅધિકારીણી. ”

“બસ કરો ! હિન્દુશાસ્ત્રના કથન અનુસાર સમાજ કેટલી ચાલે છે ? એ મ્હારી ધ્યાન બ્હાર નથી. દેશ, અને આખો હિન્દુસમાજ જો સંયમ પાળી શકતો હોય. બ્રહ્મચર્ય સેવી શકતો હોય, અખિલ જીવનભર માયા, મોહ, અને વિષયાદિને દૂર હઠાવી શકતો હોય તો એનાથી બીજું કાંઇ ઉત્તમજ નથી. પરન્તુ અત્યારે સમાજમાં એટલું મનોબળ નથી. એટલો ત્યાગ નથી, એટલું ચારિત્ર્ય નથી. દેશનો એકે એક જીવ વૈરાગી થઇ શકે એમ નથી. દેશની તમામ વિધવાઓ વિમલ વૈધવ્યવ્રતના પાલન અને સંયમના વિચારો કરવા જોઇએ એટલી તૈયાર નથી. સમજ્યા ? જૂના જમાનાના જેટલી ધર્મભાવના અત્યારે નથી રહી. અત્યારે તો દેશ ભોગવિલાસ ચ્હાય છે.”

“ અને તમે તે વિધવા-વિવાહનો ધારો રચી પૂરા પાડવા માગો છો ? ”

“ એમ નહી. પરન્તુ એની સાથેજ દેશમાં-સમાજમાં અનાચારની દિશા ન ઉઘડે, એ પણ સાથેજ જોવાનું છે. એ ભૂલવાનું નથી.”

"પરન્તુ માબાપ તો સારો જોઈને વર પરણાવે, છતાં છોકરીઓ રાંડે, એમાં કોનો વાંક?"

"રે'વા દયો! માફ કરો. બહુ થયું. સાત સાત વર્ષની વચ્ચે વિવાહ કરી દઈ દશ-બારમાં લગ્ન લઈ નાંખતાં પુત્ર પુત્રીઓની સલાહ શું તમે પૂછો છો? વર-કન્યાના સદ્ગુણો શું તમારાથી જોવાય છે?"

"ગમે તેમ હોય! પણ આવો ભ્રષ્ટાચાર તો આ આપણી ન્યાતમાં નહીજ જોઇએ. જો મ્હોટો...."

"રાખો રાખો! હવે મ્હોટા ઉચ્ચ કોમનો દાવો કરવા નીકળ્યા છો તે. જોયા તમને. જાહેરમાં ઇરાનની હોટલમાં, ચાહ, પાઉં, અને બિસ્કીટ લેતાં બાધ નથી આવતો સ્ટેશન માસ્તરોની અને અમલદારોની નોકરી કરનાર દારૂની ડઝનબંધી બાટલો ખાલી કરે! એને સમાજ અસ્પૃશ્ય નથી ગણતી, નથી પૂછતી. કલકત્તા, વિલાયત, રંગુન, આફ્રિકા કે અમેરિકા જઈ આવી માંસ-મચ્છી ખાઇ આવે, એને સમાજ પાણીની અંજલિ છાંટી, દેહ-શુદ્ધિ કરી ન્યાતમાં લઇ શકે છે. નજરોનજર શ્રીમાન શેઠીઆઓ ન્યાતના કાયદાઓ તોડી પોતાની કન્યાને બીજે સ્થળે બીજી ન્યાતમાં વરાવી શકે છે. તેમને સમાજ ન્યાત બ્હાર નથી મૂકતી. લગ્નમાં અસ્પૃશ્ય એવી વેશ્યાઓના નાચ, સમાજના શ્રીમાન જ્ઞાતિશેઠો નચાવી શકે છે, ઘરમાં છાની છપની રાખતો રાખી શકે છે, પવિત્ર ગણાતા પુરૂષો અપવિત્ર સ્થાનની મુલાકાતો લેતાં

પકડાય છે, તેને માટે ઉડતી વિવિધ વાયકાઓ ન્યાત સાંભળી રહે છે. આ બાબતમાં તમને ભ્રષ્ટાચાર નથી દેખાતો, કેમ! નથી લાગતોને? અને વિધવા ફરી પરણી ઘર માંડે, એમાં ભ્રષ્ટાચાર દેખાય છે? કેવો ન્યાય? કેવી વિચિત્ર વાત? કેવી મૂર્ખતાભરી દલીલ? દેશમાં સતીરત્નો કયાંથી પાકે? મહાત્માઓની જનનીઓ કયાંથી ઉત્પન્ન થાય? જ્યાં બાળલગ્નનો પ્રવાહ પૂર જોશમાં વહે છે, જ્યાં સમાજમાં બાળરાંડો ન કરવાના કર્મ કરે છે, જ્યાં ન્યાત કુધારાઓને ગર્દભ–પૂચ્છ પેઠે પકડી બેસે છે, ત્યાં! શું વળે? ધૂળ. અરે! નિર્બળ અને સંકુચિત મનની આવી સમાજો! આવી ન્યાતો! આપઘાત અને ગર્ભપાત જેવાં મહાન પાપો કરાવે છે. જો એ પતિતોદ્ધાર નથી કરી શકતી, વિધવાઓને સુખી નથી જોઇ શકતી તો પછી એમને સંયમ પાળવાના માર્ગો ખુલ્લાં કરી આપો. સાસરે અને પીએર જે અસહ્ય યાતનાઓ તેમને સહન કરવી પડે છે, એમાંથી એમનો ઉદ્ધાર કરો. પોતાનો ધર્મ પાળી, તેઓ સંતોષથી પેટ ભરી, પ્રભુ–ભજન કરી શકે, પ્રભુ–પ્રેમમાં ચિત્તને પરોવી શકે, એટલી સહૃદય થઇ સગવડ કરી આપો. તેમને સદ્બોધ દઈ, શાન્તવન આપી સત્પંથે ચઢાવો. પરન્તુ તેમ તો કરવું નથી. સમાજને તો આજે ખાલી મ્હોટી મ્હોટી વાતોજ કરવી છે. અને મ્હોટાઈ મારવી છે.:"

"ત્યારે ન્યાતનું કામ તો કોઇ બીજા આવીને કરી જતા હશે. કેમ?"

" કર્યું ! કહો જોઉં કેટલાં વિધવાશ્રમો ખોલ્યાં ? ગરીબ જ્ઞાતિ-વિદ્યાર્થીઓને અધ્યયન માટે શી શી સગવડો કરી આપી ? આને ન્યાત બ્હાર મૂકી, અને ન્યાતમાં લઇ અમુકના દા'ડા પાણી કરી, દંડના પૈસામાંથી મિષ્ટાન્નપાણી ઉડાવ્યાં, એમાં ન્યાતનું શું દળદર ફીટયું ? અરે ! આઘે ક્યાં જાવ છો ? પ્હેલાં તમારા પોતાના ઘરમાં તો નજર નાખો ! તમારી પોતાનીજ વહુ-દીકરીઓને વિધવા થઇ, આંસુ અને અભિશાપ વર્ષાવતી જોતાં તમારાં કાળજાં કેમ નથી ચીરાતાં ! સમાજ આખીનું આમાં ભલું રહેલું છે. મ્હારા એકલાનું નહી. "

" પણ ન્યાતને એનું ભલું તમારે કહેલે રસ્તે નથી કરવું. સમજ્યા ? તમારા કરતાં દસ દિવાળી અમે વધારે જોઇ છે. "

" ધૂળ પડી તમારા એ ધોળા ઉપર. વયમાં વૃદ્ધ થયા છો, પરન્તુ અનુભવમાં વૃદ્ધ નથી થયા. ન્યાત આવા બનાવમાં પણ અપવાદ ન રાખી શકતી હોય, તો એવી ન્યાત જહન્નમમાં જાય. એ નહી જોઇએ. "

" શું તમે અમને અપમાન કરવા અહીં બોલાવ્યા છે ? "

" ન્યાતને ગાળ દે છે ? "

" જુઓ તો ખરા ! આજે તો ન્યાત તમારા ઉપર દયા કરી, રજા આપે, ને આવતી કાલે કોઇ બીજો બીજુંજ

કારણ લાવી, ભાષણ કરી નવુંજ પગલું ભરે. એટલે તો પછી ન્યાતમાં એ ધારો પડી જાય, ધારો ન્યાતના ધારા તો બધાને માટે સરખા. ”

“ પણ ધારો પડી જાય, તો એમાં તમારૂં ને ન્યાતનું નાક પણ શું કપાઇ ન્હાનું થઇ જવાનું છે ? ”

“ તો શું વધવાનું છે ? ”

“ પરન્તુ આ તો અપવાદ ખાતર....”

“ નહી બને. ”

“ જો ન્યાતી મ્હને સીધી રીતે રજા નહી આપે તો પછી વાત માથું ફેરવીને કરવી પડશે. ”

“ તો ન્યાત બહાર મૂકાશો. ”

“ પરવા નથી. મ્હારી પુત્રીના સુખ કરતાં કંઇ ન્યાત વધારે નથી. અણુસમજુ નાહાન વિધવા પાપમાર્ગે પ્રવૃત્ત થઇ મ્હારા બાપદાદાનું નામ કલંકીત કરે, એથી તો ફરી પરણી, આદર્શ ગૃહીણી–જીવન ગાળે, એજ હું વધારે પસંદ કરૂં છું. ’,

“ કોઇ પારકી ન્યાતમાંથી ખોળી કાઢજે. ”

“ અરે ! ન્યાતમાંથી પરણાવું ! ને નાક રાખું. સમજ્યા મહેરબાન ! ”

“ ઉમેદવારી કયો બાપ કરવાનો છે ? જોઇશું ને ! ”

“ ઉમેદવાર તૈયાર છે. ”

" એક તો બતાવ."

" વિનાયક."

"જોઈ લઈશું. એ દરિદ્રી પણ મ્હારી સાથેજ ન્યાતબહાર રહેશે."

" એમાં શું થઈ ગયું ?–સિદ્ધાંતની આગળ એટલો ભોગ તો નહી જેવો છે."

સમથ ન્યાતી વૈશાઇ. બંસીધરે પુત્રીની મરજીને આધીન થઈ હવે ન્યાતબહાર રહીને પણ ઉષાના પુનર્લગ્ન કરવા નિશ્ચય કર્યો. તાબડતોબ એક નોકરને વિનાયક ઉપર ચીઠ્ઠી લખી આપી તેડાવ્યો. પરન્તુ વિનાયકે " મ્હારા શરીરને ઠીક નથી." એવો ઉડતો જવાબ કહાવ્યો. હૃદયભંગ પિતાએ નિ:શ્વાસ મૂકતાં પુત્રી અને પત્નીને આ ઉત્તર કહ્યો. ઉષા પોતે વિનાયકને તેડી લાવવા માતાપિતાની રજા લઈ વિનાયકને ત્યાં જવા નીકળી. પિતાએ પણ પુત્રીને ખુશીથી રજા આપી કોઈ જાણે નહી, એટલા માટે રાત્રિના ભર અંધારામાં યુવાન ઉષા સંકોચાતી, શરમાતી, લપાતી, હિંમત ધરી વિનુની બોર્ડીંગને રસ્તે ચાલવા લાગી. તેના હૃદયમાં એજ ભણકાર થઈ રહ્યા હતા, કે:–" શું વિનુ ! મ્હને ! સમાજની દૃષ્ટિએ વિધવા થએલીને ! સ્વિકારશે ? સત્કારશે ? "

પુષ્પ:—૨ જું.

"હવે શું ?"

—:o:—

આજે રવીવાર એટલે રજાનો દિવસ હતો. વિનાયક પોતાના એકાન્ત ખંડમાં "મેઘદૂત." નો અભ્યાસ કરી રહ્યો હતો. ટેબલ ઉપર ઝગઝગાટ બળતો દીવો પ્રકાશ નાખી રહ્યો હતો. વાંચવામાં વિનાયકનું ધ્યાન ન્હોતું પોરવાતું. પુસ્તકના પાના વચ્ચે આંગળી રાખી તે વિચારમાં પડયો. "અરેરે ! ઉષાના લગ્ન કાલ રાત્રે થઇ ગયા હશે. સારૂં થયું કે હું એ જોવાજ ન ગયો."

વિચારની પરંપરામાં ગુંથાતું તેનું મગજ શાન્ત થઈ ગયું. જેમનો તેમ તે રહી ગયો. એની આંખો મીંચાઇ ગઇ. સ્વપ્નામાં પણ એજ ઉષાની રમ્યમૂર્તિ એની નજર આગળ રમી રહી હતી.

જાણે ઉષાના લગ્ન થઈ ગયા છે. એ પરણી અને સાસરે ગઈ છે. છતાં એનો જીવ વિનાયકમાં અને વિનુનો ઉષામાંજ ચ્હોંટેલો છે. ઇશ્વરનું કરવું ! તે અણધાર્યા એક વાર દર્શને જતાં ઉષા અને વિનાયકનો ભેટો થઈ ગયો. ચાર ચક્ષુ એકાકાર થઇ. વિનુએ હૃદય ઉપર શિલા મૂકી આગળ ચાલવું જારી રાખ્યું. પણ ઉષાથી એમ ન થયું. ન રહેવાયું. તેણે ધીરેથી બૂમ પાડી. "વિનુ !"

વિનુ એકાએક અટકયો. પાછું ફરી જોયું. ઉષાની આંખમાં ઝળઝળીઆં ભરાઇ આવ્યાં હતાં. ઉષા છેક પાસે આવી પ્હોંચી. ગદ્ગદ્ કંઠે અને અશ્રુભીની આંખે તે વિનુનુ હૃદય કોરાય એવા વચનો બોલી. " વિનુ ! તું મ્હને છેકજ ભૂલી ગયો કે ? "

રસ્તા વચ્ચે એક પરણેલી, પરાઈ નાર સાથે વાત કરવી, એ વિનુને ઠીક ન લાગ્યું. તેણે મંદ સ્વરે કહ્યું. " આજ બોર્ડીંગમાં કોઇ નથી. રજા હોવાથી બધા બ્હાર ગયા છે. મ્હારી તબીયત સારી નથી રે'તી, એટલે હું કયાંય જતો નથી. તું ત્યાં આવ આપણે નિરાંતે વાતો કરીએ. "

" વિનુની પૂંઠે પૂંઠે ઉષા ચાલી. ઉભય એક એકાન્ત જગ્યાએ આવી લાગ્યાં. હવે વિનુની વાચા ઉઘડી " બોલ ! તું શું કહે છે ? "

" હું હવે ત્હને નથી સાંભરતી. વિનુ ! "

" સ્નેહીના સંભારણા ! પ્રિયની યાદ ! અને મળેલાં મનની જુદાઇ ! એ તો હૃદયમાં જીવનભર સાલે તે સાલેજ છતાં મ્હને અને ત્હને હવે એકેકના નામ હોઠે લાવવા અધિકાર નથી રહ્યો. "

" કારણ ? પ્રેમી, અગર પ્રિય વસ્તુનુ નામ દેવું, એ પણ એક પાપ છે ? "

" નહી, પરન્તુ એને પૂજવો ! એ પાપ છે. "

" વિનુ ! હું હજુય ત્હને પૂજું છું. "

"પાપના પોટલા બાંધવા. ઉષા ! હવે તું મ્હારો પીછો મ્હારૂં નામ, મ્હારૂં સ્મરણ મૂકી દે."

"શા માટે ?"

"તું ત્હારૂં હૃદય-દાન અન્યને કરી ચૂકી છે. ત્હારા ઉપર હવે મ્હારો હક્ક નથી રહ્યો મ્હારે મન હવે તું એક પરાઈ-નાર છે, ત્હારો પતિવ્રતધર્મ તુ ન મૂક ! પાપને પંથે ન ઝુક ! અપવિત્ર ભાવના હવે હૃદયમાં ન મૂક ! જગતમાં સતીની નામના મેળવવી હોય તો આ ન શોભે ! મ્હારો વિચાર ! મ્હારામાં પરોવાયલું મન ! કાઢી નાખ એને સત્યમાર્ગે વાળ. જેના હાથમાં હાથ આપ્યો, જેનેજ હવે પૂજ. એમાંજ ત્હારો ઉદ્ધાર છે. પછી ભલે ઝેર હોય, તોય એમાંજ મન પરોવતાં શીખ ! પરાયામાં-મ્હારામાં અમૃત હોય, છતાં હવે એ ત્હારે કામનું નથી."

"વિનુ ! મ્હેં એમના હાથમાં હાથ આપ્યો છે, કાંઈ હૃદયમાં હૃદય નથી મૂક્યું. અમારા પ્રેમની વચ્ચે ત્હારી મનહરણ મૂર્તિની, સ્મૃતિની આાડી દિવાલો છે.

જીગરના તાર સંધાયાં....ન તોડયાં એ પછી તૂટે
પ્રીતિના દોર બંધાયાં....ન છોડયાં એ પછી છુટે.
ગળામાં સ્નેહની સાંકળ....પડી ! તોડી નહી તૂટે,
પછી એ પ્રિયની પૂંઠે—ભલે ! આ જીંદગી ખૂટે.

વિનુ ! મ્હારા વિનુ ! તમે કયાં-આ હૃદયવ્યથાથી અજાણ્યા છો ?
ઘા, ઘા, કરો, પણ દીલમાં ડાઘા પડયાં, એ ના ફીટે,

કારી ગણાતા પ્રેમ-ઘા....મરતાં સુધીયે ના મીટે.
જે મન મળેલાં હોય જેની સાથ ! તેને જઈ મળે.
સરિતા તણું જળ જોઇ લ્યો ! એકજ સમુદ્રે જઇ ભળે.
હ્રદય-બગીચે પ્રેમના જળ જઇ ભેગાં થાય,
અણુધાર્યાં અંકૂર ફૂટે....એ નવ અટકાવાય.
અંતરના ઉભરા....છુપાં....અરસપરસ ઠલવાય,
અણગમતી-કો વાડ પર....વેલી કયમ વિંટળાય ?

વેલી પોતાની પસંદગીનીજ વાડે વિંટળાય છે. સ્નેહના બીજ કુદરતી રીતેજ હ્રદય-ક્યારીમાં વવાય છે."

"એ બધું ખરૂં. પરન્તુ હવે થયું એ ન થયું થનાર નથી. માળીથી જે વાડ ઉપર વેલીને ચઢાવવામાં આવી છે, એજ વાડ ઉપર વીંટળાઇ રે'વામાં એની શોભા છે."

"એ કેમ બને ? ઘી વિનાના લુખા કંસારના કોળીયા કેમ ભરાય ?"

"આવડે તો સર્વ કંઈ થાય. લુખા સંસારના કંસારમાં સ્નેહ-ઘીની ધાર પાડી, સ્વાદિષ્ટ બનાવવો, એ કામ પતિવ્રતા સુશિલ ગૃહીણીનું છે. જો તું ધારે તો ત્હારા પતિનું ઘર માંડી શકે એમ છે. કંસારને સ્વર્ગીય બનાવવો અગર તો વિષમય બનાવવો, એ બન્ને ત્હારાજ હાથમાં છે. તું ધારે તો મ્હને સહજમાં ભૂલી શકે એમ છે."

"ખોટી વાત. દાઝતા દીલને ઠાલી દિલાસો દેવાના આ બધા ફાંફાં છે. શીરીનને ફરહાદ, અને લયલાને મજનુન ન્હોતા ભૂલી શકયા."

"એ જમાનો જૂદો હતો· ઉષા ! આજ એ સમય, અને એ સમાજ નથી રહ્યાં."

"છતાં એ દૈવી દીલ ! અને એ પ્રેમના બીજ ! તો એના એજ છે. એ તો નથી બદલાયાને ?"

"ઉષા ઉષા ! આમ કહી....તું મ્હને શું કેંવા માંગે છે?"

"એજ કે:–ઓ વિનુ ! મ્હારા વિનુ ! બાલ્યકાળની એ નિર્દોષ પ્રતિજ્ઞાઓ યાદ કર, ઝેરી થઇ જતા, ઝુરતા મ્હારા જીવનને અમૃતનું સીંચન કર."

"એ મ્હારા હાથમાં નથી,"

"ત્હારાજ હાથમાં છે. ત્હારા મનનો તું માલીક છે, મ્હારા મનની હું માલીક છું."

"છતાં પણ....હવે....એમ...."

"અચકાય છે શા માટે ? હું હજી પવિત્ર છું. મ્હારા રોમેરોમમાં ત્હારૂંજ નામ છે. તન–મન–ધન ત્રણેય મ્હેં ત્હારા ચરણોમાં ધર્યાં છે. હું છેક આરે બેઠી છું. ચાલ....આપણે બંને દૂર–દેશમાં ન્હાસી જઇએ. ત્યાં લગ્નની પવિત્ર ગાંઠથી બંધાઇ સુખી થઇએ."

"ઉષા ! ઉષા ! ન્હાસી જવું, એને તું આબરૂભર્યું માને છે ?"

"સત્ય રસ્તે જનારા (પાછળ) જગત્‌ની જીભથી લગાડાતાં લાંછનની દરકાર નથી રાખતાં."

"પણ આપણે આ સત્ય માર્ગે ક્યાં જઇએ છીએ ? પૂણ્ય-પંથના પ્રવાસીઓ આપણે નથી."

"તો પાપ-પંથના બનીએ. ગમે એમ પણ હું ત્હારા વિના જીવી શકનાર નથી. એ તો ચોક્કસ. તું મ્હને ત્હારી કર. વિનુ ! ઉષાને એટલી ભિક્ષા આપ."

"આ ભિક્ષા નથી, પરન્તુ ભોગ છે."

"નિરાશ કરશો. તો છેવટ આત્મહત્યા કરીશ."

વિનુ હવે મુંગો થઇ ગયો. ઉષા તેને ખભા ગ્રહી હલાવતાં બોલી. "બોલ ! શું જવાબ આપે છે ?"

"નહી....બને. ઉષા ! જ્યારે સમય હતો, ત્યારે ત્હારા માબાપને ન સૂજ્યું, ત્હને અને મ્હને કોઇને આટલું કરવાનું ન સૂજ્યું. હવે શું ?"

"હજુય શું ગયું છે ?"

"હવે શું રહ્યું છે ? ઉષા ! વખત બહુ થઈ ગયો. જલ્દી ઘેર જા. કોઈ આવી લાગશે તો..."

"ભલે ! દુનિયાએ મ્હારી દરકાર નથી રાખી, તો મ્હેં પણ દુનિયાની દરકાર હવે છોડી છે."

ઉષાએ વિનુનો હાથ પકડ્યો. "દરકાર જો હોય, તો કેવળ ત્હારી. વિનુ ! જીવનદાન દે. શરણે આવી છું." તેની આંખમાંથી ખરખર આંસુ ખરતાં હતાં.

"ના....ના....હું પોતે પતિત થઇ, ત્હને પણ પતિત કરૂં ? નહી બને. ઘડી બે ઘડીની ક્ષણભંગુર સંસાર-યાત્રાને માટે

ત્હારૂં મ્હારૂં ઉભયનું નામ, કુળ, અને કીર્તિ કલંકીત નહી થાય.”

“ મ્હારે માટે ત્હારા હ્રદયમાં સ્થાન નથી ? ”

“ હતું....પણ હવે નથી. ”

“તું મ્હને નથી ચ્હાતો ? ”

“ચાહું છું. પરન્તુ પૂર્વની એ ચાહનાની ભાવનામાં આજે મ્હોટું પરિવર્તન થઈ ગયું છે. ત્હારા લગ્ન પ્હેલાં હું ત્હને કોઈ જુદી રીતે ચ્હાતો હતો જોતો હતો, બોલાવતો હતો, આજ હવે એ દ્રષ્ટિ નથી રહી. સમય ગયો છે, સંજોગ વિપરીત છે, વિધિ વિચિત્ર છે. તું પરાઇ–નાર ! હવે મ્હારે મન બ્હેન બરાબર છે. ”

“ઓ વિનુ ! વિનુ ! તું આ શું બોલે છે ?”

“આ વિનુ નહી પરન્તુ એનુ પવિત્ર હ્રદય બોલે છે.”

“હાય ! ત્યારે મ્હારા આશા–દુર્ગોનુ હવે શું ? ”

“હવે શું ? કલ્પનાસૃષ્ટિમાં ચણેલા ચણતર અને સંયમ, એને ત્યાગના શસ્ત્રથી જમીન દોસ્ત કરી નાખ. હતું શું ? ગયું શું ? આપણે તો બહુ બહુ ! અને ભલી ભલી આશાઓ બાંધીએ, પરન્તુ એ બધી પૂરી ન થાય.”

“પરન્તુ મ્હારી આ આશા તો ત્હારાથી પૂરી થાય એવી છે.”

“હવે શું ? એ પૂરી થવાને આવાં અધૂરાં નસીબ લઇ ન્હોતું જન્મવું.”

“તો પછી વિનુ ! મ્હારા નામનુ હવે નાહી નાખજે.”

ઉષા એકાએક ચાલતી થઈ. વિનુ એની પાછળ દોડયો. ઉશ્કેરાયલી એવી એ કદાચ આત્મહત્યા કરી બેસે એવો વિનુને શક પડયો. "ઉભી રહે."

તે ઉંઘમાં એકદમ ઉભો થઇ ગયો. જાગી પડયો સ્વપ્નનો અંત આવ્યો. તેના હાથમાંથી ચોપડી સરી ગઈ. તે બારણા તરફ દોડયો.

દ્વારમાં ઉષાની સાક્ષાત્ સત્ય અને જીવન્ત મૂર્તિ ઉભેલી હતી. તે સ્થંભી ગયો.

પુષ્પ:-૩ જું.

"પાપને પંથે."

(અરવિન્દાની આત્મકથાનુ અનુસંધાન.)

અર્ધા કલાકની રજા પછી શ્રીપુરની ન્યાયસમિતિ પાછી ગોઠવાઇ. ન્યાયાધિશે પોતાનુ આસન લીધું. પહેલોજ પ્રશ્ન મૃત શારદાના પિતા શેઠ સુમનચંદ્રને પૂછાયો.

"વારૂ ! સુમનચંદ્ર ! તમારા હાથમાં અરવિન્દાની અર્જી કેવી રીતે આવી ?"

સુમનચંદ્રે વિમળા વિષેની હકીકત વિસ્તારપુર્વક કહેવી શરૂ કરી. "મ્હારા વ્યાપારના ખાસ કામને અંગે હું મુંબાઇ ગયો હતો. જે રાત્રે હું શ્રીનગર પાછો ફરતો હતો, તેજ

રાત્રે હું એક ભાડુતી મોટરમાં બેસી સ્ટેશને જતો હતો. રસ્તે મ્હારા એક મિત્ર મળ્યા. મોટર થોભાવી મ્હેં એમને માંહિ લીધા. તેઓ નાટક જોવાને માટે જઈ રહ્યા હતા. નાટકનું થીએટર આવતાંજ મ્હેં મોટર થોભાવી તેઓ અંદરથી નીચે ઉતર્યા. એમના અત્યાગ્રહે મ્હારે પણ મોટર ત્યાંજ ઉભી રાખવાનું કહી એમની સાથે હોટલમાં જવું પડયું, થોડી વારે ચાહ–પાનાદિથી પરવારી હું મોટરમાં પાછો બેઠો. ડ્રાઇવરે એ સ્ટેશને હાંકી.

અંદર બેઠા પછી મ્હેં છોકરીને અંદર જોઇ. એના હાથમાંની ચિઠ્ઠી મ્હેં વાંચી. આ વેળાએ હું નિઃસંતાન હતો. ઇશ્વરનો આભાર માની હું એને શ્રીનગર લઇ આવ્યો, અને પેટની દીકરીની માફક ઉછેરી. તે પછી એના પુનીત પગલે મ્હારી પત્નીને દિવસ રહ્યા, અને શારદા જન્મી. મ્હારી પાસે એ પત્ર, તથા લોકેટ બંને હજુ મોજુદ છે. ”

\+ + + +

“વારૂં ! અરવિન્દા ! હવે તું ત્હારા જીવન–ઇતિહાસનો છેડો લાવ. ”

\+ + + +

“નાટક–કંપનીના માલીકને ત્યાં એ પછી હું રહેવા લાગી. મ્હને કોઇ જાતનું ત્યાં દુઃખ ન્હોતું. વારંવાર શેઠના આગ્રહે હું નવા નવા નાટકો જોવા જતી. મ્હને એ બુરો છંદ લાગ્યો. અંતે સ્વાર્થી શેઠે મ્હને આમતેમ સમજાવી,

નાટકમાં નાયિકાની ભૂમિકા ભજવવા લલચાવી. એના આભાર તળે દબાયલી હું અંધ થઇ એ રસ્તે ઝુકી. થોડાજ દિવસમાં મીસ અરવિન્દાના નામે હું આખા મુંબાઈમાં જાણીતી અને માનીતી થઇ પડી.

આ નાટક--કંપનીમાં હું લાંબો વખત રહી. એક વેળા મોટરમાંબેશી હું બ્હાર ફરી રહી હતી, એવામાં એક અનાથ ભિખારણને રસ્તે ભીખ માગતી મ્હેં જોઇ. મ્હને એને જોઈ દયા આવી. મોટર અટકાવી મ્હેં એને પાસે બોલાવી. એની દીન વાણી અને કાલાવાલાથી મ્હારૂં હૃદય પિગળી ગયું. મ્હેં એને મ્હારી સાથે મોટરમાં બેસાડી લીધી.

મોટરમાં એણે મ્હને પોતાની જીવન–કથા કહી, "બ્હેન! હું એક ખાનદાન બ્રહ્મણ કુટુંબની કન્યા છું. બાર વરસે મ્હારા લગ્ન એક બીજવર સાથે થયા હતા. પરણ્યા પતિનું પાંચજ માસ સુખ ભોગવ્યા પછી હું રાંડી. તે પછી હું પીએર રહેવા લાગી. અહીં ત્રણ ચાર વરસ સુખેદુ:ખે લુખુ-સુકું અને ઓશિયાળો રોટલો ખાઈ કાઢયાં, એક દિવસ હું ગામને કૂવે પાણી ભરવા ગઈ. અહીં ઇશ્વરનું કરવું! તે મ્હારા અવળા નસીબે એક શ્રમિત અને તૃષિત એવો કપ-ડાની ફેરી ફરનાર ફેરીયો આવી ચઢયો. મ્હારી પાસે તેણે થોડા પાણીથી યાચના કરી. મ્હેં એને પાણી પાયું એણે મ્હને એ બદલ બહુબહુના કહ્યા છતાં બ્હેન તરીકે સંબોધી પોતાની લુગડાની ગાંસડીમાંથી એક લુગડું આપ્યું. પછીજ

મ્હને સમજાયું કે એ કોઇ ભલો પરદેશી-ફેરીયો હતો.

દયા કરવા જતાં હું દંડાઇ ગઇ. મ્હારી સાથે પાણી ભરતા આવનાર પાડોશણે મ્હારા ભાઇ-ભાભીને મરચું-મીઠું નાખી ન કરવાની વાત કરી નાંખી, સંશયનું કારણભૂત લુગડું મોજુદ હોવાથી મ્હારા ભાઇ-ભાભીએ મ્હને ઘરમાં ન ઘાલી. હું આખી ન્યાતમાં પવિત્ર હોવા છતાં, નઠારી ચાલની ઠરી, વગોવાઇ. નિન્દાઇ, અને હડહડ થઇ ચૂકી, કોઇએ મ્હને આશ્રય ન આપ્યો. એટલે આજ કેટલાયે દિવસ થયા આમ ભીખ માગી પેટ ભરૂં છું."

સુજ્ઞ ! ન્યાયાધીશ સાહેબ! મ્હને એ બાયડીની દયા આવી. એજ દિવસે હું એને લઇ થીએટરમાં ગઇ. મ્હારો પાઠ હતો. હજુ શેઠ ન્હોતા આવ્યા, એટલે એને અંદર એક ખુરશી નાખી આપી બેસાડી. પ્હેલો અંક પૂરો થતાંજ મ્હને ખબર પડી કે શેઠ આવ્યા છે, એટલે હું એને લઇ શેઠના ખાનગી આવાસમાં આવી.

શેઠ ખુલ્લે માથે એક ગાલીચા ઉપર અઢેલી હુક્કો ગગડાવી રહ્યા હતા. મ્હારી પાછળ આછું ઓઢી એ અનાથ ભિખારણ-યુવાન બ્રાહ્મણ બાળ-વિધવા સંકોચાતી ઉભી હતી. મ્હેં એને માટે શેઠને બે શબ્દ કહ્યા, એને આશ્રય આપવા શેઠે હા પાડી.

બીજાજ દિવસથી મ્હેં એને મ્હારી સાથે રાખવા માંડી. ગાતાં વગાડતાં અને નાચતાં શિખવવા માંડ્યું. છ માસના

સતત્ પ્રયત્ને એ સંપૂર્ણ કેળવાઈ. નવી નટી ચાર થતાં હવે શેઠનું મન મ્હારા ઉપરથી ઉતરવા લાગ્યું. પેલી વિધવા કે જે હવે મીસ મેનાને નામે ભૂમિકા ભજવતી હતી. તેના માન વધ્યાં. એટલામાં મ્હારે એક ફિલ્મ-કંપનીના મેનેજર સાથે ઓળખાણ થઈ. વાત ઉપરથી વાત નીકળતાં તેણે મ્હને પોતાની કંપનીમાં આવવા લલચાવી. હું પણ હવે અહીં રહેવા માગતી ન્હોતી. તેમ શેઠને પણ નવી નટી મળતાં હવે મ્હારી બહુ ગરજ ન્હોતી રહી.

મ્હેં નાટક-કંપની છોડી. હવે હું મીસ અરવિન્દાના નામ હેઠળ સીનેમામાં એકટ્રેસનું સ્થાન શોભાલવા લાગી અહીં મ્હેં પાછો મ્હારા એક વખતના પ્રેમી સુમનને જોયો. અમે બંને મળ્યા. પ્હેલાં તો મ્હેં એને દાદ ન દીધી. પરન્તુ પાછળથી મ્હારા મનને મ્હેં મહેં મનાવી લીધું. મી. ઇંદ્રવદનને નવે નામે એ એમાં એકટરનું કામ કરતો હતો. અમે બંને પાછા પાપને પંથે ચઢયાં.

પરન્તુ ખોટ જવાથી એ સીનેમા કંપની થોડાજ વખતમાં ભાંગી પડી મ્હેં પુષ્કળ પૈસો એકઠો કર્યો હતો, એટલે હવે મ્હારો વિચાર નોકરી કરવાનો રહ્યો ન્હોતો. કંઈ વિચાર આવતાં હું અને ઇંદ્રવદન અહીં શ્રીપૂર આવ્યા. ઇંદ્રવદનના કહેવાથી મ્હારી પુત્રીને શોધવાનો રસ્તો મ્હને ગાયિકાનો ધંધોજ લાગ્યો. કારણ કે મ્હોટા મ્હોટા લોકોના આમંત્રણ મળે; ઘેર આવજાવ થાય, એટલે એમાંથી કદાચ

પતો લાગી આવે તદુપરાંત ઇંદ્રવદને મ્હને મહારી પુત્રી શ્રીપૂરમાં છે, એવી ખબર આપી હતી, અને એને લઇનેજ હુ અહીં આવી.

શ્રીપૂર આવી મહેં ગાયિકાનો ધંધો શરૂ કર્યો. ઇંદ્રવદન મહારો એક રીતે એજન્ટ અથવા કમીશન-દલાલ, અને બીજી રીતે ધણી હતો. અરૂણકુમાર સાથે મિત્રતા બાંધી મહારી મોહીની-જાળમાં એને ફસાવનાર એજ છે. મહારા કહ્યાથીજ એ આ શેઠની પુત્રીને ઉંચકી લાવ્યો હતો. પણ બેશુદ્ધિની અસર કાંઇક ધાર્યા કરતાં વધુ થઇ જવાથી એનુ મરણ નીપજ્યું છે. આમાં એ તેમજ હું બંને એકસરખા ગુન્હેગાર છીએ.”

અરવિન્દાની આત્મકથા અત્રે પૂરી થઇ. વિમળા અપવિત્ર મા-બાપને ભેટી, પુષ્કળ રડી. આખું ન્યાયાલય ઉભયને શું શિક્ષા થાય છે ? એ સાંભળવા એકી નજરે ન્યાયાધિશના મુખ સામું જોઇ રહ્યું.

ન્યાયાધિશે ઇંદ્રવદન તરફ જોઇ પૂછ્યું-“મી. ઇંદ્રવદન ! તમારે કાંઇ કહેવું છે ?”

“મ્હારે કાંઇજ કહેવાનું નથી, હવે હું કરેલા પાપના ફળ પામવા આતૂર થઇ રહ્યો છું. પણ મ્હારી છેવટની એક પ્રાર્થના છે.”

“કહી દયો.”

"હું ગુન્હેગાર છું. પરન્તુ મ્હારા જેટલીજ ગુન્હેગાર આ અરવિન્દ નથી. એને આ અનીતિ, અનાચાર, અને આટલી હદ સુધીના પાપને પંથે ઉતારનાર હુંજ છું. મ્હેંજ એને પરણ્યા પતિનું ઘર છંડાવી, રઝળતી મૂકી. આજ એ જે આ અધમ દશા ભોગવી રહી છે, એનો મૂળ કારણભૂત હુંજ છું. મ્હારે પાપે એ નિર્દોષીની આવી શયતાની જાળમાં ફસાઈ છે. એના ઉપર રહેમ બતાવવામાં આવે.

"એ અમારે જોવાનું છે. એ સિવાય બીજું કાંઇ...."

"કાંઇ નહીં."

"વારૂં ! તમારી અને આ અરવિન્દાની ઉમર શી?"

"અરવિન્દાની બત્રીસેક હશે ! મ્હારી તો પાંત્રીસ છે."

"અને વિમળા ત્હારી ? "

"એને લગભગ સોળમું જતું હશે." સુમનચંદ્ર બોલ્યા.

થોડીવાર સભા શાન્ત રહી. તે પછી ન્યાયાધિશ ઉભા થયા. તેઓ બોલ્યા. "મી. ઇંદ્રવદન ! આ કેસમાં તમારો હાથ વધારે છે. તમને જન્મદેશનિકાલની સજા કરવામાં આવે છે અને તમારો તથા સમાજનો ભોગ થઇ પડેલી આ અરવિન્દા ! કે જે જાણે અજાણે આવે ખોટે રસ્તે ઉતરી છે, તેની તરફ હું દયા બતાવી, (પોતાના પાપ, પસ્તાવો કરી ધોઇ નાખવા.)એને જીવે ત્યાં સુધી સામાન્ય કારાગૃહવાસની સજા ફરમાવું છું."

ન્યાયાધિશ ઉભા થયા. અરવિન્દાની કોટે વિમળા બાઝી

પડી. અશ્રુભીની આંખે અરવિન્દા બોલી. "શેઠ સુમનચંદ્ર ! મ્હારી વિમળા તમારે ખોળે છે, એને તમારી પેટની પુત્રી ગણીને પાળજો, યોગ્ય સ્થળે પરણાવી સુખી કરજો."

આટલું બોલી આંગળીએ પ્હેરેલી હીરાની વીંટી તેણે ચુસી લીધી, બરાબર તેજ વખતે ઇંદ્રવદને ન્યાયાધિશના ટેબલ ઉપર પડેલી પિસ્તોલ આંખના પલકારામાં ઉંચકી લીધી, કોઇ એને ઝુંટવી લે એ પ્હેલાં તો એ લોહીલોહાણ થઇ જમીન ઉપર તૂટી પડયો. બંને પાપાત્માઓ જોતજોતામાં એકબીજાના મરતાં–મોઢા જોઇ આ લોકને છોડી ગયા. પોતાના પાપનો પસ્તાવો કરવા તેઓ ન જીવ્યા, ન રહ્યા.

\+ \+ \+ \+ \+

ન્યાયાધિશે અરવિન્દાની સંપત્તિમાંથી અર્ધ સરકારમાં સોંપી, અર્ધ તેની પુત્રી વિમળાને નામે કરી. વિમળાએ અપવિત્ર રસ્તે ઉપાર્જન કરેલું ધન ન સ્વીકારતાં "પતિતોદ્ધાર" સમાંજને અર્પણ કર્યું.

જમીન ઉપર ઢળી પડેલી અર્ધમૃત માતાના શબ ઉપર વિમળા પડી. અશ્રુપ્રવાહથી તે માતાના શબને આખરનું સ્નાન કરાવવા—ન્હવરાવવા લાગી. જ્યારે બીજી બાજુ જેના પેટમાં ગોળી વાગી છે, એવો ઇંદ્રવદન છેવટના તરફડીયા મારી રહ્યો હતો.

પ્રિય વાંચક! અરવિન્દા વેશ્યા બની, પાપને પંથે ઉતરી! અને અંતે આવાં કમોતે મરી, એનું મૂળ કારણ શું? અ-

યોગ્ય, લગ્ન સંબંધ ! અરવિન્દા જેવી અબળાઓની આવી આત્મહત્યાઓ માટે હિન્દુ-સમાજ શું તું જરાયજવાબદાર નથી ? છેજ. એટલુંજ નહી, પરન્તુ પૂરેપૂરો. આ બળિદાન સમાજ ! ત્હારેજ ખાતર ! દેવાયલું છે, એ નિઃસંશય છે.

પ્રભો ! હિન્દુ-સંસારના આવા રાક્ષસી રૂઢી-બંધનો લઈ પાપને પંથે ઉતરી, અંતે આમ આત્મહત્યા કરતી, આવી અભાગીની આર્ય-રમણીઓને ઉગારો !

પુષ્પ:-૪ થું.

" ઝેરની પ્યાલી."

લગભગ રાત્રિના દશ વાગ્યાનો શુમાર થયો હશે. " મેઘદૂત" લઇ વાંચવા બેઠેલો વિનાયક દ્વાર બંધ કરવાનું ભૂલી ગયો હતો. ચોપડીના પાને પાનામાં તેને ઉષાનીજ રમ્યમૂર્તિ આલેખાયલી દ્રષ્ટે પડવા લાગી. વાંચતા એને ઝોકું આવી ગયું. સ્વપ્નામાં એને ઉષા સાથે લાંબો વાર્તાલાપ થયો એટલામાં દ્વાર ઉઘડયા. વિનાયકની મળેલી આંખ એકાએક ઉગડી ગઇ. એ એકદમ ખુરશીમાંથી ઉભો થઇ ગયો. સ્વપ્નનો મિથ્યા ભ્રમ તેણે સાક્ષાત્કારના સ્વરૂપે જોયો. તેના પગ પાછા પડયા. દ્વારમાં ઉષા ! વિધવા ઉષા ! અશ્રુપૂર્ણ આંખે આવી ઉભી હતી.

" " તું ? ઉષા ! અત્યારે અહીં ? "

" ઉષા એક ડગલું આગળ આવી. બરાબર વિનુની સ્હામે ઉભી રહી."તેનુ મુખ આટલુ કહેતાંજ અવનત ઝૂકી ગયું.

" શા માટે ? "

" ત્હારે માટે. વિનુ ! વ્હાલા ! ત્હારે ખાતર."

" ઉષા ઉષા ! તું દીવાની તો નથી થઇને ? "

" ખરેખર. હા ! ત્હારા પ્રેમે મ્હને જો પાગલપણામાં મૂકી હોય, તો એમાં આશ્ચર્ય જેવું કશું પણ નથી."

" પરન્તુ તું હજુ કાલેજ પરણી, અને...."

" કાલેજ રાંડી..." ઉષાએ અધ બોલ ઉપાડી લીધા.

" રાંડી ? એટલે શું તું વિધવા થઇ છે ? "

" હા. મ્હારા પતિએ મંડપમાંથીજ મ્હને વૈધવ્યની બક્ષીસ કીધી છે. વિનુ ! તેથીજ હું અત્યારે ત્હારી પાસે આવી છું. "

" અફ્સોસ ! એકજ દિવસમાં કેવું પરિવર્તન ! લગ્ન અને વૈધવ્ય ! ઉષા ! ઘરમાંથી રજા વગર આવી મોડી રાત્રે અહીં આવતા ત્હને સ્હેજ પણ સંકોચ ન થયો ? "

" માતા-પિતા ઉભયની સંમતી લઇનેજ હું અત્રે આવી છું. ત્હને ઘેર બોલાવ્યો, પણ તું તો ન આવ્યો... એટલે....પછી...."

" એક પારકા પુરૂષને ત્યાં તું...."

" પારકો ? વિનુ ! તું પારકો ? કે પોતીકો ?"

" એનો જવાબ ત્હારૂં અંતર આપશે. એને પૂછ."

" એને પૂછ્યા સિવાય આ પગલું નથી ભર્યું ?"

" તો આવે અન્યાય-માર્ગે આવવા હા પાડનાર ત્હારૂં એ અંતર ! અપવિત્રતાના રંગથી હવે રંગાયલું અને રગદોળાયલું હોવું જોઇએ."

" શા ઉપરથી ?"

" તું એક વિધવા છે....એ ત્હને ખબર છે. નહી ?"

" કોણ કહે છે ?"

" ગાંડાની માફક શું લવે છે ? હમણાં તું પોતે બોલી, " કે હું વિધવા થઇ છું." અને પાછી એટલીજ વારમાં વિસરી ગઇ ?"

" ત્હારૂં મ્હોં, ત્હારી યાદ, અને ધ્યાન, મ્હને ઉંઘ અને આહાર બધું ભૂલાવી નાખે છે. હું વિધવા થઈ એમ મ્હેં કયારે કહ્યું ?"

" તો શું તું સૌભાગ્યવતી છે ?"

" ના નથી. પણ તેમ થવા તો આવી છું. હોત ! તો વળી અહીં આવતેજ શા માટે ? બહુ વિચાર કરવો પડત."

" અરેરે ! આવી નાદાન, ઉગતી, યુવાનીમાં વૈધવ્ય પ્રાપ્ત થતાં તું દિવાની થઇ ગઈ લાગે છે. શિવ-શિવ-શિવ"

" વિનુ ! હું વિધવાયે નથી, તેમ દિવાનીયે નથી."

" તો !"

" કુમારી છું. પવિત્ર છું, પાગલ નથી, પણ ડાહી છું. આ બધું હું સમજીને, સાચવીને અને શુદ્ધિમાં બોલું છું. "

" આવે વેશે, આવી રાત્રિએ ઘર–બ્હાર નીકળવાનું શું કારણ? "

" ત્હારી! મ્હારા જીવન–નૌકાના સુકાનીની શોધમાં. વિનુ! સમાજ એમ માને છે, કે હું વિધવા થઇ છું. હું માનતીજ નથી. મ્હારા પિતા ન્યાતબહાર રહી મ્હારા પુનર્લગ્ન કરવા તૈયાર છે. તું મ્હને સ્વિકાર. મ્હારો હાથ ઝાલ. મ્હને તાર. " ઉષાએ ધુંટણીએ પડી, અશ્રુપૂર્ણ આંખે કાલાવાલા કરતાં વિનાયકના બંને હાથ પકડી લીધા.

" એ વખત હવે વહી ગયો છે. એ ભૂત-પૂર્વ અમૃત-ચોઘડીયું હવે આજે નથી રહ્યું. "

" એમ કાં બોલે છે? બાલ્યકાળ ભૂલી ગયો? "

" તુંજ કહેને કે ભૂત-કાળ કોણ ભૂલ્યું છે? છતાં એ બધાં સોનેરી શમણાઓને અત્યારે ન સંભાર. આપણા જીવન-વારિના પ્રવાહો જુદા જુદા દિશામાં વળી ગયાં છે. મ્હને માફ કર. "

" મ્હને ભૂલી ગયો? "

" ભૂલ્યો નથી, અને લાગે છે, કે ભૂલી શકીશ પણ નહી. છતાં ભૂલવા હવે દ્રઢ નિશ્ચય છે. મનને મારી-મનાવી એજ માર્ગે વાળી રહ્યો છું. હૃદયમાંથી ત્હારી રમ્ય મૂર્તિ દૂર ખસેડવા મથી રહ્યો છું. "

" વિનુ! મ્હેં લાચારીથી લગ્ન કર્યા, એ ત્હને ન ગમ્યુ? એથી તું રીસાયો છે?"

" એ તો નસીબના ખેલ છે. એમાં આપણે શું કરી શકીએ? પરન્તુ હવે હું ત્હને પ્હેલાની માફક ચાહી શકનાર નથી."

" કેમ?"

" તું એક વખત વરી ચુકી છે."

" સમજી! હું વિધવા છું, એજ વિચાર ત્હને ડગમગાવે છે? નહી વારૂ?"

" નહી! ધર્મ અને પ્રભુ મ્હને ડગમગાવે છે. તું મ્હને મ્હારા નિશ્ચયમાં ડગમગાવે છે. ગઈ કાલે ત્હારા લગ્ન થનાર છે, એ જાણ્યા પછી મ્હેં મ્હારા વિચાર અને ભાવના ફેરવ્યાં છે. હું ત્હને બ્હેન તરીકે ચ્હાવા અને પૂજવા સંકલ્પ કરી ચૂકયો છું. મ્હને હવે એમાંથી કૃપા કરી પાછો ન હઠાવ."

" જો એમજ છે, તો પછી મ્હારૂં શું ધાર્યું?"

" પ્રાણીમાત્રની ચિન્તા પ્રભુને છે. આપણું ધાર્યું, કશું થનાર નથી. મનના મનોરથ એના ચરણે મૂક. મ્હને સૂજતું મ્હેં કરી નાંખ્યું, હવે ત્હને સૂજતું તું ફોડી લે."

" વિનુ! મ્હેં ત્હારે માટે આવું ન્હોતું ધાર્યું?"

" મ્હને પણ આવો પ્રસંગ આવશે, અને આવી કસોટીમાંથી પસાર થવું પડશે, એવો વિચાર સુદ્ધાં ન્હોતો

આવ્યો. પરન્તુ લાચાર ! પ્રભુને જે ગમ્યું એ ખરૂં ! એનો હરખ-સંતોષ કરી હવે નકામાં હૈયા બાળવાં શા કામના ? ”

“ જો ત્હારે આમજ કરવું હતું. તો પછી....”

“ મ્હારી જરાય ઇચ્છા ન્હોતી, અને નથી, છતાં હું સર્વજ્ઞ અને ત્રિકાળજ્ઞાની ન્હોતો. સમજી ? ”

“ વિનુ ! વિનુ ! તો શું તું એમ માને છે ? કે મ્હારાં ખરેખરાં લગ્ન લેવાયાં છે ? સાચું બોલ ! હું પરણી છું ? હું રાંડી છું ? ”

“ હું તો નથી માનતો. ”

“ તો પછી સમાજની નજરે તું કાં જુએ છે ? એની નજરે હું વિધવા છું. પણ ત્હારી નજરે, પ્રભુની નજરે તો પવિત્ર છું. હજુ અવિવાહિતજ છું. ”

“ છતાં પણ....”

“ લોકલજ્જાથી ડરે છે ? ”

“ નહી. ”

“ તો પછી ? ”

“ ઇશ્વરથી. આ પાપમાં પરવરતાં કોણ જાણે કેમ ! મ્હારી હિંમત નથી ચાલતી. એનું કારણ હું જાતેજ નથી સમજી શકતો. મ્હારૂં માથું ભમે છે. મન મુઝાય છે. શરીરે કંપારી છૂટે છે શું કરવું ? કશું સમજાતું નથી. ત્હને સમજાતું હોય તો સમજાવ. મ્હારી તો અક્કલ આમાં કામ નથી કરતી. ”

“ આ પાપ છે ? ”

" અલબત્ત ! ઉષા ! ત્હારો અધિકાર ! ત્હારા કમનસીબે હવે ગયો છે. બ્હેન ! એક બંધુ તરીકે ત્હારો હાથ ઝાલવા હું તૈયાર છું."

" એમ ન બોલ ! હું તો હૃદયમાં ચોવીસે કલાક ત્હારીજ છબી પધરાવી એને પૂજતી આવી છું, પૂજું છું, અને આ જીવનભર પૂજીશ. આ દેહ અને દીલ ત્હારાંજ રહેશે. ઉષાએ વિનુને ચરણે જીવન સમર્પ્યું છે. પછી માર કે તાર ! ત્હને જેમ ગમે ! શોભે ! એમ કર. "

" ઉષા ! ઉષા ! હવે તું આર્યાવર્તની એક આદર્શ આર્ય—બાળ -વિધવા છે. ભરથારનું સ્થાન ભ્રાતાની ભાવનામાં ફેરવી નાંખ. વિધિની વિચિત્ર લીલાને ભાવે અભાવે વેઠી લે. ધર્મ-જીવન ગાળી. ચિત્તને! સંસારના વિષયી પ્રેમમાંથી. માયા મોહમાંથી વાળી, મ્હારામાંથી છૂટું કર. પ્રભુ-પ્રેમમાં જોડ તું એક પરાયા પુરૂષની અર્ધાંગના--જગતની દ્રષ્ટિએ થઇ ચૂકેલી છે. વિધવા છે હવે ત્હારે મને હું ભાઇ બરાબર છું. મ્હારો વિચાર સરખો ત્હારે! અને ત્હારો વિચાર મ્હારે ! કરવો એ પણ હવે એક પાપ છે. બ્હેન ! પાછી વળ ! જા.... અબળા જન્મનો ઉદ્ધાર થાય, જીવ્યું સાર્થક થાય, એ કર્તવ્ય હવે ત્હારે માટે ઉત્તમ છે. "

" ઉદ્ધાર અને સાર્થક તો માબાપે ક્યારનાય કરી નાંખ્યાં છે. હવે શું બાકી છે ? "

" આત્મા--કલ્યાણ. આત્માને ઓળખવો. એટલું શીખી

જા. એટલે પછી બસ. બીજું કશું કરવાનું ત્હને નહી રહે. તું દેવી થઇ દિવ્ય-ધામમાં ચાલી જશે."

"અને તું...."

"હું ? મ્હારે માટે પૂછે છે ? હું આ જીવન અખંડ બ્રહ્મચર્યવ્રતનું પાલન ! ત્હારે ખાતર ! ઉષા ! ત્હારા પવિત્ર પ્રેમને ખાતર ! કરીશ. મુંગો આત્મભોગ ધરીશ. એમાંજ મરીશ, અને જીવનની છેલ્લી પળે ઇશ્વરને એજ સ્મરીશ, કે સદ્‌બુદ્ધિ મૂકી સદાસર્વદા સન્માર્ગેજ પ્રેરે. આ જન્મે નહી તો અંતરની અભિલાષ આવતે જન્મે પૂરી કરે !"

"એટલું બધું ?"

"પવિત્ર–પ્રેમને ખાતર એ ભોગ વધારે નથી."

તમે દેવ છો વિનુ ?

"તો તુંયે દેવી થા મ્હને ભૂલી જા...."

"મ્હારાથી દેવી નહી થવાય. તેમ મ્હારે થવુંયે નથી. પુરૂષના હ્રદય કરતાં પ્રમાદના કાળજાં કોમળ કહ્યાં છે. તે ખોટું નથી. તમારા જેવો દૈવી અંશ ! સ્વાર્થત્યાગની ભાવના ! અને મનઃસંયમ બધામાં તે કયાંથી હોય ?"

"બહુ થયું. પાપને પંજે તું તનમાં નહી પણ મન–વચનમાં તો ઉતરી ચૂકી છે. મ્હને સાથે ન ઉતાર. તું અહીં વધુ ન થોભ....નહીંતો કદાચ..."

"નહી તો શું ?"

"હું પણ ત્હારી સાથે ભૂલ કરી બેસીશ. મહામુશ્કે-

લીધે સંયમ કેળવી, મન મનાવી, રોકી રાખેલા પ્રેમ–પયના ઉભરાનો વેગ નહી અટકાવી શકીશ."

" તેમાં શું થઈ ગયું ? ઉભરાવા દે ! ભલે ઉભરાય, આપણે બંને સાથે ભૂલ કરીશું ? ભૂલા પડીશું. ભટકીશું ધીટ્કારાઈશું. અને એની શિક્ષા સાથેજ સહન કરીશું. તમે પુરૂષ થઈ આટલા બધા ડરો છો શું ? હું અબળા ! આટલી બધી હીંમત રાખું છું ને !"

" તું રાખે. કારણ ? તું હવે પરવારી ચૂકી છે. જગતના– સંસારના બંધનોથી તું હાથ ધોઇ ચૂકી છે. ત્હને તો હવે ઉપર આભ અને નીચે ધરતી છે. પરન્તુ મ્હારે તો હજુ...."
" દુનિયામાં રહેવું છે, ન્યાતની દરકાર છે. ઘર માંડવું છે."

" ઉષા ! તું એવું અવળું અવળું ન બોલ. હા ! પરન્તુ જાણી જોઇને પાપ કરવું એ કોણે કહ્યું ? જાણ્યા છતાં ભુલ કરવી, અને પછી પાછળથી પસ્તાવું, એને શું તું પસંદ કરે છે ?"

" તો તુંજ કહે. પ્રેમ વિનાનું પરણવું, અને સંસાર માંડવો, એ પણ શા અર્થનો ? શું તું પણ આ પવિત્ર પ્રેમને પાપ માને છે ? મ્હને અપવિત્ર અને કલંકીની માને છે ?"

" નહી. મ્હારો અંતરાત્મા ત્હને એક પવિત્ર કુમારી- કાની દ્રષ્ટિએજ જુએ છે. ચ્હાય છે. પૂજે છે. પરન્તુ ઉષા ! જો દુનિયામાંજ રહેવું હોય, ન્યાતની દરકાર હોય, લોકની આંખે ન ચઢવું હોય, આ જગત્માં નામ પાછળ નિર્મળ કીર્તિ

મૂકી જવી હોય. તો વિવેકને ખાતર, લાજને ખાતર, કુળ મર્યાદાને ખાતર, સમાજના નિયમો પાળવા પડશે."

"હું કીર્તિ–ભૂખી નથી. હું તો કેવળ પ્રેમનીજ ભુખી છું. મૂઆ પછી પાછળ ગમે એમ થાય એ મ્હારે નથી જોવું. જગત્‌ને મોંઢે કાંઇ ઢાંકણું થોડું છે ? આપણી પીઠ પાછળ દુનિયા શું બોલશે ? એ આપણે જોવા અને સાંભળવા નથી રહેવુ."

"છતાં ગમે તેવી પણ તું એક આર્યબાળા–વિધવા છે. પુર્નલગ્ન કોને માટે ? જે પોતાના મનને ન મારી શકે એને માટે."

"મ્હને આમ હતાશ શા માટે કરે છે ?"

"સમાજ શું કહેશે ?"

"એને ઠોકરે મારો."

"કબૂલ ત્હારા માબાપ, સગાં–વ્હાલાં એ બધાને પૂછયું?"

"માબાપની મંજુરી મેળવીનેજ અહીં આવી છું. સગાંવ્હાલાં કોઇ બીજા છેજ નહી. છતાં પણ હશે, અને જો તેઓ મ્હારી આડે આવશે તો મ્હારા સ્વાર્થને ખાતર હું એ તમામને પણ તજીશ કારણ ? દુનિયા આખી સ્વાર્થી છે. તો મ્હને એકલીનેજ નિઃસ્વાર્થી બનવું કેમ પાલવે ?"

"ત્યારે તું મ્હને નથીજ ભૂલી શકતી, એમજને ?"

"આ જન્મમાં તો કદાપી નહી."

"ઉષા ! તું મ્હને ખરા જીગરથી ચ્હાય છે ?"

" એવી શંકા પણ શા માટે ?"

" પવિત્ર પ્રેમથી રહાય છે ?"

" હૃદય ચીરી ખાત્રી કરો ! કયાં તો તમારા દીલને પૂછી જુઓ."

" તો આપણે એકમેકને સદાને માટે ભૂલી જઇએ, અને આ ભૂલ કરતાં અટકીએ, એવો કોઇજ રસ્તો ત્હારી ધ્યાનમાં નથી ?"

" ના....એક....છે....પણ એ તો...."

" કયો ?"

" મરીએ, તોજ ભૂલીએ."

" બરાબર છે. ઉષા ! હશે હું ત્હને સ્વિકારવા-મ્હારી કરવા તૈયાર છું."

" તો પછી વાર શા માટે ?"

" પણ રામચદ્રે સીતાના પતિવ્રતપણાની પ્રતિતિ અગ્નિ-પ્રવેશે કરી કરી હતી, એ ત્હને સાંભરે છે ?"

" હા."

" તો હું પણ ત્હારી આત્મશુદ્ધિ જોવા ચાહું છું ત્હારા પવિત્ર પ્રેમની પરીક્ષા કરવા ઇચ્છું છું"

" ખુશીથી કર. હું પરીક્ષામાં બેસવા તૈયાર છું."

" તો જરા બેસ....હું આ આવ્યો."

× × × × ×

વિચારગ્રસ્ત ઉષાને ત્યાંજ છોડી વિનુ અંદરના ખડમાં

ગયો. થોડી વારે ને બ્હાર આવ્યો. તેના ઉશ્કેરાયલા હાથમાં એક કાચની પ્યાલી હતી. તેમાં કોઈક પાણી જેવો પ્રવાહી પદાર્થ હતો.

" ઉષા ! આ શું છે ? એની ત્હને ખબર છે ? "

" ન..."

" ઝેર."

" હેં ઝેર ? " એ કયાંથી આવ્યું ? '.

" કાલે ત્હારા લગ્ન થનાર છે, એ સાંભળતાંજ મ્હારૂં જીવન સંહારવા હું એ ગઈ પરમદિને લઇ આવ્યો હતો."

" એ મ્હને શા માટે આપે છે ? "

" લે. મ્હને ભૂલવાનો આ ઉપાય. પી....જા. ચાલ ઉતાવળ કર."

" પરન્તુ કાંઈ કારણ ? "

" તું મ્હને સદાને માટે ભુલી જાય, એટલાજ માટે મ્હારૂં સ્મરણ કરી ત્હારો વિમલ-વૈધવ્ય-ધર્મ ન ચૂકે, એટલા માટે."

" પરન્તુ મ્હારે તમને ભૂલવાજ નથી તેનું કેમ ? "

" તો પવિત્ર પ્રેમની કસોટીને ખાતર ! આ પ્રેમની પ્યાલી પીજા."

" વિનુ વ્હાલા ! આ શા ગાંડા ! આવી ઉગતી યુવાનીમાં એવા તે આપણે શા સંસાર-સુખ ભોગવ્યાં શા લ્હાવા લૂંટી લીધા ! શું ધરાયા ? કે મરવું ગમે ? અરે શય્યામાં

પડેલા એંસી વર્ષના વૃદ્ધને પણ જીવ તો બહુજ વ્હાલો હોય છે."

" બસ કર ! હવે મ્હને કહેવા દે. કે તું મ્હારા સાચા પ્રેમની પ્યાસી નહી, પરન્તુ વિષય અને મોહની દાસી છે. પ્રેમઘેલી નહી પરન્તુ મોહઘેલી છે. પવિત્ર પ્રેમના પંથીઓ તો જરૂર પડતાં એકેકને માટે પોતાના પ્યારા પ્રાણ પણ પાથરી શકે છે. પ્રાણ–વિસર્જન એ એને મન શી વિસાત ?"

આટલું કહ્યું છતાં ઉષાની હિંમત એ મોઢે માંડતાં ન ચાલી. વિનાયક તો કેવળ એનું પાણીજ જોવા માગતો હતો. પ્યાલીમાં ઝેર ન્હોતું. કેવળ સાદું પાણીજ ભરેલું હતું. છતાં ઉષાને એ ઝેરજ ભાસતું હતું. તેનું દીલ ડગમગ થતું જોઇ, વિનાયક બોલ્યો.

" લાવ ! ત્હારાથી ન પીવાય, તો હું પી બતાવું. મ્હને એ આપી દે."

" ના...ના...વિનુ ! હું ત્હને ખરેખર ! ચ્હાઉં છું. પણ....પણ...."

તે પ્યાલી તેણે વિનાયકના હાથમાંથી કંપતે કરે લીધી પરન્તુ હોઠ પાસે લાવતાં ધ્રુજવા અને ગભરાવા લાગી. તેની વાણી અચકાતી હતી.

" થોભ ! તું એકલી મરતાં અચકાય છે. ત્યારે આપણે બંને સાથેજ પીએ." બોલતાંજ વિનુ પાસેના ખંડમાં દોડયો.

એક બીજી પ્યાલી લઈ આવ્યો. તે મોઢે માંડતાં બોલ્યો, "જો હું પી બતાવું...."

વિનુના હાનમાંથી **ઝેરની પ્યાલી** હતી. એનો રંગ કાંઇક લાલાશ ઉપર હતો. જોતજોતામાં વિનુયે તો એ **ઝેરની પ્યાલી** મોઢે માંડી એક ઘુંટડો ભર્યો. પછી પાછી ટેબલ ઉપર મૂકી દીધી.

હાથમાં ખોટી પ્યાલી છે, એવી ઉષા ઘડીભર વિસ્ફારિત નયને એની આ હિંમત તરફ જોઇ રહી. ઝેરની અસર થવા લાગી. થોડીજ વારમાં વિનુ માથે હાથ દઈ જમીન ઉપર બેસી ગયો.

હવે ઉષાનુ ધૈર્ય ખૂટયું. તેણે પણ વિનુનું જોઇ પોતાની પ્યાલી કંઠમાં ખાલી કરી દીધી. પણ તેમાં તો પાણી હતું. જમીન ઉપર પડેલો વિનુ ખડ-ખડ હસતો બોલ્યો, "બસ કે ? ઉષા....ત્હેં પીધું તો ખરૂં, પણ એમાં ઝેર ન્હોતું. ખરૂં ઝેર તો મ્હેં પી બતાવ્યું છે. ત્હને તો પરીક્ષા કરવા ખાલી પાણી ભરી આપ્યું હતું."

વિનુના આ શબ્દે ઉષા ચોંકી. તે ગદ્ગદ્ કંઠે બોલી.... "હેં ! શું ? ત્યારે હું અભાગીનીને ન્હેં ઠગી ?"

નહી, ત્હારૂં દીલ જોવું હતું, તે જોઈ નાંખ્યું."

"તો વિનુ ! શું તું એમ ધારે છે કે હવે ઉષા ત્હારા વિના આ દુનિયામાં રહેશે ?"

" એ હવે મ્હારે નથી જોવું."

" નહી. એ પણ જોતા જા. ઉષા ત્હારેજ ખાતર જીવી છે, અને ત્હારેજ માટે ! ત્હારી પૂંઠેજ હવે મરશે."

ટેબલ ઉપરની **ઝેરની પ્યાલી** ઉપર તેની નજર પડી. તેમાં થોડો ભાગ હજી રહી ગયો હતો. ઉષાએ તે ઉપાડી. " જો....વિનુ એજ **ઝેરની પ્યાલી**. ખરેખરઃ—

પ્રીતિના પંથની વચ્ચે રહ્યાં કંટક તરૂ ફાલી,
ગૂમાવ્યાં પ્રાણ, કંઇ પાગલ બન્યાં એ પંથપર ચાલી.
પરણવું પ્રીત વિણ એથી પ્રભુની વાટ છે વ્હાલી,
પરસ્પર પ્રેમને ખાતર....પીવાતી ઝેરની પ્યાલી.

થોભ ! ત્હારી ઉષા ! ત્હને ખરા દીલથી ચ્હાય છે, એ જોયા વિના, તું ન જઈશ."

તે ઘુંટતીયે પડી ! આંખો મીંચી દીધી. હૃદયમાં શ્રીપતિનું ધ્યાન ધરી તે મ્હોટે સ્વરે બોલી, "પ્રભુ ! આ અભાગીની ઉષાની છેવટ એકજ યાચના અને અભિલાષા છે. તે પૂરી કરજે.

આ જન્મમાં આપ્યા ન પણ આગામી–જન્મે આપજે,
જોડી વિનાયક ને ઉષાની હે પ્રભો ! તું સ્થાપજે.
આશાભર્યાં મરીએછ એની નોંધ નોંધી રાખજે,
અભિલાષ અંતરની પૂરી તું એક વેળા પાડજે."

વિનાયકને હજુ ઝેરની અસર બહુ–પ્રમાણમાં ન્હોતી

થઈ. ઉષાને આત્મહત્યા કરતી અટકાવવા તે જમીન ઉપર-થી ઉઠયો. વિનુના આત્મદાને ઉષાનો માયાવી પ્રેમ હવે અદ્રશ્ય થયો હતો. પવિત્ર પ્રેમથી એનું હૃદય હવે ઉભરાઈ રહ્યું હતું. ઉષા એ પ્યાલી મોઢે માંડે તે પ્હેલાં વિનાયકે તે ઝૂંટવી લીધી.

"થોભ ! ઉષા ! ત્હારે હજુ મરવાની વાર છે."

વિનાયકે એ ઢોળી નાખી. ઉષાના મુખમાંથી "અફસો-સ !" એવો ઉદ્ગાર બ્હાર પડી ગયો. વિનુ પુનઃ લથડી પડયો. મરતાં પ્હેલાં એ ઉષાની આંખ ઉઘાડતો ગયો પવિત્ર પ્રેમ શું છે ? કોને કહે છે ? એ સમજાવતો ગયો.

ઉષા એના અચેતન શબપર પડી. ખૂબ રડી. વિનુની જીભ ખેંચાતી હતી. ઉષા બોલી...."વિનુ ! વિનુ ! આ શું કર્યું ?"

"કૂળ....કૂળકીર્તિ....સાચવજે...."

"ઉષાએ એના મોઢા ઉપર પાણી છાંટયું. એને કંઈક શુદ્ધિ આવી.

"વિનુ ! મ્હારા વિનુ ! ઉષાને ખાતર તું મરી શકે છે, અને ઉષા ! વિનુને ખાતર નહી ? ના....ના....જ્યાં વિનુ ! ત્યાંજ ઉષા !"

"પા...ણી..." વિનુના મુખમાંથી ઉચ્ચાર નીકળ્યો.

ઉષા માંહેના ખંડમાં પાણી લેવા દોડી. સફેદ સોમલ-

ભુકીની પડીકી પડેલી ઉષાએ ત્યાં જોઈ. એમાં હજુ થોડી દવા ચ્હોંટી રહી હતી. તુર્ત તે ઉપાડી. પાણીમાં નાખી. પ્યાલી ભરી એ વિનુ પાસે લાવી. વિનુના સુકાતા મ્હોમાં તેણે પાણી મૂક્યું. મુખમાં પાણી પડતાં વિનુએ જરા આંખ ઉઘાડી. તેને બતાવતાં ઉષાએ પેલી નવી બનાવેલી ઝેરની પ્યાલી કંઠમાં ખાલી કરી દીધી.

"ઉષા ! ઉષા ! આ શું કર્યું ?" બળાત્કારે વિનુ આટલા શબ્દ બોલ્યો

"ત્હારી પાછળજ આવું છું. વિનુ !"

હવે વિનુના હૃદયમાં ઉષાનો પ્રેમ ઠસ્યો. તેણે ઉઠવાને ફાંફાં માર્યાં. ઉષાને હજુ ઝેરની અસર ન્હોતી થઇ. તેણે એને ઉભો કર્યો. લથડીયા ખાતા વિનુની આંખમાં પાણી હતા. તે બે હાથ લંબાવી બોલ્યો.

" ઉષા ! ઉષા ! તુ હવે દેવી થઇ છે. સત્ય પ્રેમનું રહસ્ય સમજી છે, આવ ! મરતી વખતે ત્હારી આશા હું પૂરી કરૂં."

" શું આપ મ્હને સ્વિકારો છો ? "

" હા, આવ. કેવળ એક ક્ષણને માટે વિધવા ટળી સૌભાગ્યવતી થા. આવ, અંતરની અભિલષા આપણે બંને. મરતી વખતે પૂરી કરીએ."

ઇશ્વરી લીલા ! કેટલી અગમ્ય ! મરતાં વિનુના દિલમાં વિશ્વેશ્વરે વાસો કર્યો. તેનું દીલ પલટાયું. પવિત્ર એવી ઉષા-

ની આંખમાં હર્ષાશ્રુ આવ્યા. તે દોડી. વિનુએ તેને છાતી સરસી દાબી. એક છેવટની ચુમી લીધી.

તેજ પળે તે પછડાઇ પડયો. ઉષા મરતાં મરતાં વિનુને વરી. રડતી ઉષા હસતે મુખે મરી. વિનુના શબની ઉપર તે પણ શબવત્ થઇ ઢળી પડી.

વિનુએ પોતાનો પ્રાણ છોડયો, તે પછી બેજ કલાકને અંતરે ઉષા પણ આ લોકથી નીકળી ચૂકી. ઉભય પ્રેમીઓ એક પળ વારને માટે પરણી, પ્રભુ-પંથે સંચર્યાં. મૃત ઉષાનો એક હાથ વિનુના કંઠમાં પરોવાયલો હતો, જ્યારે બીજો તેના હ્રદય ઉપર હતો.

એકજ જગ્યાએ, એકજ રીતે, અને એકજ વખતે આ ઉભય પ્રેમના પ્રવાસીઓ એક સાથે ચિર નિદ્રા લેવા સૂતા. સૂતા એ સૂતા. પુનઃ ન ઉઠયા. જગતે એમના પુણ્ય-વદન એ પછી ફરી ન જોયાં.

વાંચક ! **સમાજને ખાતર !** પોતાના પ્યારા પ્રાણો પાથરતાં આવા દૈવી દંપતી-યુગલની ઉપર એક અશ્રુ તો અવશ્ય વેર !

પુષ્પઃ—૫ મું.

" ગર્ભવતી વિધવા."

એકની એક પુત્રી શારદાના મરણથી સુમનચંદ્ર શેઠને એવો તો સજ્જડ હૃદયાઘાત લાગ્યો, કે તેનું મન વ્યાપાર–ધંધામાંથી ઉઠી ગયું. વ્યાપારમાં હવે લાખના બારહજાર થવા લાગ્યા. તેની એક માત્ર આશા હવે વિમળા હતી.

દિવસે દિવસે વિમળા એક પછી એક યુવાનીના પગથી-આ ચઢી રહી હતી. શારદાના અને વિમળાના મા–બાપના તાજા ઘા ઉપર સુમનચંદ્ર તેના લગ્ન લેવા તૈયાર થયો હતો. કારણ તેની લથડતી જતી દેહનો હવે બહુ ભરોસો ન્હોતો રહ્યો.

વિમળાને પરણનાર ઉમેદવાર જો કાંઈ પણ જુએ એમ હોય તો એક માત્ર વિપુલ વારસો ! બાકી આખી ન્યાતમાં વિમળા એક હલકી વેશ્યાની પુત્રી છે. એમ ચર્ચાઈ ચૂક્યું હતું. શેઠે આવી હલકી જાતને પોતાને આશ્રય આપ્યો એ બદલ તેમને ન્યાતબ્હાર મૂકવામાં આવ્યા હતા જ્ઞાતિનો એક પણ યુવાન વિમળાનો હાથ ઝાલી ન્યાતબ્હાર રે'વા હિંમત કરતો ન હતો.

આખરે વિમલાની પસંદગી, અને અનુમતિથી શેઠે એક ગરીબ ન્યાતના યુવાનને ઘરજમાઈ તરીકે રાખી, તેની

સાથે વિમળાના લગ્નનો પ્રબંધ કીધો. આ વિમળાના સ્વરૂપ ઉપર નહી, પરન્તુ તેના પૈસા ઉપર લલચાયો હતો. તે વિમળાને નહી, પરન્તુ તેના અઢળક વારસાને પરણ્યો હતો.

તેના ઉપલકીઆ કૃતિમ પ્રેમમાં અંજાઈ જઇ, વિમળાએ પરણવાની હા પાડી. પરન્તુ પરણ્યા પછી ધણી—ધણીયાણીને બનતી રાશ ન આવી. ભાડુતી પ્રેમ ક્યાં સુધી નભે ? એક વેળા એકાન્તમાં પોતાના પરણ્યા પતિથી અસંતુષ્ટ એવી વિમળા શેઠની-પાલક પિતાની પાસે પોતાનું અંતર દુ:ખ રડી. શેઠે બીજેજ દિવસે એ ઘરજમાઇને બે ચાર કડવી—મીઠી સંભળાવી દીધી. આજકાલની અર્ધદગ્ધ અંગ્રેજી કેળવણી પામેલા એ યુવાનનો પિત્તો એકદમ ઉછળી ગયો. તે તેજ વિમળા અને તેના ઘરને છોડી ચાલ્યો ગયો.

વયોવૃદ્ધ સુમનચંદ્રના દીલમાં આથી કારી—ઘા પડયો. વિમળાના દુ:ખે તે માંદો પડયો. વિમળા પોતાના પાલક પિતા પાસે બેસી આખો દિવસ આંસુ ભરતી. શેઠે પોતાના એક વિશ્વાસુ માણસને વિમળાના પતિને સમજાવીને પાછો લાવવા મોકલ્યો. એક માસ નીકળી ગયો. શેઠનો વિશ્વાસ પાત્ર મુનીમ લાંબે વખતે સ્નાન સમાચાર લઇ પાછો ફર્યો.

"કેમ ? રમણલાલ ! શી ખબર ?" શેઠે પથારીમાં સૂતા સૂતાજ પ્રશ્ન કર્યો.

"દૈવ રૂઠયું લાગે છે." રમણલાલે નિશ્વાસ નાખ્યો.

"કેમ ? વિમળચંદ્રની ? (વિમળાનો પતિ) કશી ભાળ ન મળી ?"

'મળી છે, પરન્તુ એ ન મળ્યા જેવીજ."

"એમ કેમ બોલો છો ?"

"ત્યારે શું કહું ? અચાનક મોટર નીચે આવી જતાં પરમદિવસે એમણે સંસાર–યાત્રા પૂરી કરી છે."

"ઓહ ! પ્રભુ...."

વિમળા પલંગ ઉપરથી ઉથલી હેઠે પડી શેઠના કહેવાથી રમણલાલ તેની શુદ્ધિમાં લાવવાના ઉપાયો કરવા લાગ્યો. બે દિવસે શેઠને જરા આરામ થયો.

વિમળા પોતાના કમનસીબ ઉપર આખો દિવસ રડયા કરતી. સુમનચંદ્રે આ બાળવિધવાનો સૌભાગ્યવેશ ન્હોતો ઉતરાવ્યો. છતાં તેઓ જુના જમાનાના માણસ હોઈ, ધર્મચુસ્ત અને સુધારાના દુશ્મન હોવાથી વિમળાના પુનર્લગ્ન કરવામાં ન્હોતા માનતા. " કોઈ શું કરે ! ત્હારા નસીબનો વાંક." કહી તેઓ યુવાન વિમળાને વિમલ વૈધવ્યવ્રતનું પાલન કરવા સદ્બોધ દેતા.

રમણલાલ શેઠની મિલ્કતનો તમામ હીસાબ રાખતો. યુવાન વિમળાનુ દુઃખ દૂર કરવા તેણે શેઠને એક વાર એકાન્તમાં કહ્યું. "શેઠજી ! મ્હારે તમને એક વિનતી કરવાની છે."

"શું ?"

"વિમળા બ્હેનના પુનર્લગ્ન ન થાય?"

"શું બોલ્યો ? પુનર્લગ્ન ! અને તે પણ વાણીયા—બ્રાહ્મણની ન્યાતમાં ?"

'પણ એમાં શું ખોટું છે ?"

"અરે વાહ ! ખોટું કેમ નહી ? જો બધીજ ન્યાતમાં નાતરા થાય, તો પછી વાણીયા—બ્રાહ્મણ અને ઘાંચી—ગોલામાં ફેરજ શો રહ્યો ?"

"ફેર આપણે માનીએ છીએ. ઈશ્વરે થોડા ઉંચ નીચ સર્જ્યા છે ?"

"ત્યારે ?"

"સહુ સહુના કર્માનુસારે અર્થાત્ ધંધાને લઈ જુદી જુદી ન્યાતમાં વ્હેંચાઇ ગયા."

"જા....જા...ત્હારી પંડીતાઈ તારી પાસે રહેવા દે. ત્હારૂં કામ કર."

શેઠના ક્રોધી સ્વભાવથી પરિચિત રમણલાલ વધારે ન બોલ્યો. પરન્તુ આ બધું બારણાને ઓથે છૂપાઇ રહી વિમળાએ સાંભળ્યું. રમણલાલ પોતાના હિતમાં છે, એ ભાવનાએ તેના હૃદયમાં સ્થાન મેળવ્યું. તેની આંખોમાં એજ દિવસથી રમણલાલ ખૂંચી ગયો. ન પ્રસંગના પ્રસંગ કાઢી તે રમણલાલ સાથે વધારે પડતું બોલવા અને હસવા લાગી. રમણલાલ પણ ભાવિના અનેરા લેખને આધીન થઈ એની મોહીનીમાં અંજાયો. ઉભય એકમેકને છૂપા ન્હાતાશીખ્યાં.

રમણલાલ શેઠનીજ ન્યાતનો હોઈ, કંઇક સુધરેલ

વિચારનો હતો. અક્ષતયોનીની આવી બાળવિધવાઓના પુનર્લગ્નમાં તે માનતો હતો. ન્યાતમાં કન્યાની અછત હતી તથા શેઠની સાથે જે પચીસ–પચાસ લાગતા વળગતાઓ શેઠનો પક્ષ કરી ન્યાતબ્હાર રહ્યા હતા, તેમાં એ પણ એક હતો.

પરન્તુ રમણલાલમાં વિમળાનો હાથ જાહેરમાં ઝાલવા જેટલી હિંમત અને મનોબળ ન્હોતાં ઉભય છૂપી રીતે ઘરને ખૂણે. અનાચારને પંથે ઉતર્યા. કરણ સમાજ તેમને ખુલ્લા દીલે તો પુનર્લગ્નની છૂટ આપે એમ ન્હોતી.

રમણલાલ અને વિમળાનો આડો સંબંધ દિવસ જતાં ગાઢો થવા લાગ્યો. આખરે વિમળાના વૈધવ્યને કૃષ્ણ–ડાઘ લાગ્યો. રમણલાલના સંસર્ગથી તેને ગર્ભ રહ્યો.

અંગેઅંગમાં પરિવર્તન થતાંજ ઉભય પાપી-દીલો ગભરાયાં. રમણલાલ હવે વિમળાને બહુજ ઓછો મળવા લાગ્યો. પોતાનું પાપ પકડાઇ જશે, તો આખી ન્યાતમાં હો-હા થઈ જશે, એ બ્હીકે આડા અવળા બ્હાના બતાવી રમણલાલે શેઠની નોકરી બીજેજ દિવસે છોડી દીધી. વિધવા વિમળાને એની ખબર ન પડી.

તાબડતોબ બસો-પાંચસો ખાત્રા આપી રમણલાલે પોતાને દેશ જઇ ઘર માંડ્યું. જ્યારે ઘણા દિવસ થયા, અને રમણલાલ ન દેખાયો, ત્યારે વિમળાએ પોતાના પિતાને પૂછ્યું, " રમણલાલ હમણા કેમ દેખાતા નથી ? "

"એણે તો બહુ દિવસ થયા રજા લીધી."

"હેં ? ક્યારે ?"

રમણલાલે રજા લીધી, એ સાંભળી વિમળા ચમકી. તે જોઇ શેઠ વિસ્મય પામ્યા. "તેમાં તું શાની ચમકે છે? એ તો અહીંથી રજા લીધા પછી પરણ્યો પણ ખરો અને...."

"શું ?"

"હાલ ઘણું કરીને પોતાની વહુને લઇને પોતાને દેશ ગયો છે."

પાપ ક્યાં સુધી છુપું રહે ? ગર્ભવતી વિમળાનું પેટ હવે છુપું રહેવું અશક્ય હતું. વિમળા "રમણલાલના ગમન" ના સમાચાર સાંભળ્યા પછી હિંમત હારી ગઇ. એક રાત્રે વિમળાના પેટમાં પુષ્કળ યાતના થવા માંડી. ન છુટકે તેણે પિતાને એ વાત કહી દીધી. સુમનચંદ્ર તુર્તજ એક લેડી ડાક્ટરને તેડી લાવ્યા.

વિમળાના અંગમાં સ્વાભાવિક પરિવર્તન ગર્ભવતીના ચિહ્નો જોતાંજ લેડી ડાકટર તેનો રોગ સમજી ગઇ. શેઠને કાનમાં તેણે કહેવાનું કહી દીધું. સુમનચંદ્ર વિમળાની પાસે આવ્યા.

"વિમળા ! આ શું કર્યું ?"

"પિતાજી ! મ્હને માફ કરો. એમાં મ્હારો દોષ નથી."

"ત્યારે ?"

"તમારો પોતાનો છે. ન્યાતના રાક્ષસી–રૂઢી–બંધાનોને

વળગી રહેવા જતાં મ્હારા સુખનો સૌભાગ્યનો વિચાર સરખો નથી કર્યો ?"

" એટલે ત્હેં આ પગલું લીધું કેમ ? "

" ત્યારે શું કરૂં ? ઈંદ્રિય-નિગ્રહ હું ન કરી શકી. આશાભરી, નાદાન, યુવાન, અને અણસમજુથી આ રસ્તે ઉતરી જવાયું. "

" શું ઉજળું મોઢું લઈ આ બધું બોલી રહી છે ? "

" જો તમેજ મ્હને પુનર્લગ્ન કરાવી આપ્યાં હોત, તો પછી મ્હારે આ કાળું મોઢું કરવાનો વખત ન આવત. પિતાજી ? એમાં આપનીજ ભૂલ છે."

" ચાલ, નીકળ મ્હારા ઘરમાંથી. એક હલકી નાચનારીની તું છોકરી ! ત્હારો બાપ એક બદમાશ અને પાજી ! હા ! પછી ત્હારામાં સારા સંસ્કારની આશા તે ક્યાંથી રખાય ! હુંજ ભૂલ્યો. અંતે જાત તે જાત, અને કજાત તે કજાત. બાવળના ઝાડે અંતે કાંટાનેજ જન્મ આપ્યો."

" બહુ થયું. મ્હારા પાપે મ્હારા મૃત-પિતાને આપ ન નિન્દશો. અત્યાર સુધી પાળી એ બદલ આપનો આભાર ! હું આપની આબરૂ સાચવવા આજ ક્ષણે આપનું ઘર તજી જઇશ."

" આ રસ્તો પડયો. ચાલતી થા. બાપ તેવા બેટા ! અને મા તેવી દીકરી ! માતા જેવા ઉજળા (!) કામ કરી,

તુંયે ઉજળી કીર્તિ પાછળ મૂકી નામ અમર કર. ભલે કે ભુરે કામે ! નામ તો રહેશે."

સુમનચંદ્રના આ માર્મિક વાક્બાણો વિમળાથી ન સહી શકાયા. તે રાતોરાત ઘર તજી નીકળી. સુમનચંદ્રે પણ તેને જતી ન અટકાવી. બીજેજ દિવસે પ્રભાતના 'સુમન-ચંદ્રે આપઘાત કર્યો,' એ ખબર વાને વેગે શહેરમાં પ્રસરી ગઈ. ઘણી તપાસ કરી પરન્તુ વિધવા વિમળાનો પતો કોઇને ન લાગ્યો.

આત્મહત્યા કરતા પ્હેલાં સુમનચંદ્ર પોતાની મિલ્કતની શી વ્યવસ્થા કરવી તેનું ખત તૈયાર કરી ગયા હતા. આમાં વિમળા એ શબ્દજ ન્હોતો. આખીયે મિલ્કત ધર્માદા ફંડમાં આપી દેવા તેમણે લખ્યું હતું.

વિમળા ! ગર્ભવતી વિધવા મધ્યરાત્રે લલાટે હાથ મૂકી. પડતી, ઉભી થતી, આંખ મીંચી રસ્તો કાપી રહી હતી. તેના પગ ન્હોતા ઉપડતા. આંખમાંથી બળબળ આંસુઓ પડી રહ્યા હતાં. માથુ ઉઘાડુ હતું. વાળ છુટા થઈ વીંખરાઇ ગયા હતાં. તેનામાં ચાલવાની શક્તિ ન્હોતી, શહેરથી તે ઘણીજ દૂર નીકળી ગઇ.

એને કંઠે પાણીના શોષને લઈ કાંટા પડયા હતા. થાકીને લોથપોથ થઇ ગયેલી વિમળાને મોઢે ફીણ ભરાઇ આવ્યા એક ખેડુતની ઝુંપડી પાસે આવી તે ઢળી પડી.

પુષ્પઃ-૬ ઠું.

" સમાજનું પાપ "

"પા....ણી" વિમળાના મુખમાંથી ભાંગ્યો તૂટયો ઉદ્દગાર બ્હાર પડયો.

ઝુંપડીમાં એક ખેડુતનું દયાળુ દંપતિ-યુગલ રહેતું હતું. તેમને કાને વિમળાના પડવાનો ધબકારો અને અવાજ પડયા. ન્હાનકડો દીવો લઇ તેઓ બ્હાર આવ્યાં. અનાથ વિમળાને પડેલી તેમણે જોઇ.

ખેડુતની સ્ત્રીએ ખાટલો ઢાળ્યો. આ પરગજુ ધણી-ધણીયાણીએ વિમળાને ઉંચકી એ ખાટલા ઉપર સુવડાવી. તેના મોઢામાં ખેડુતે પાણીના ટીપા મૂક્યાં. વિમળાએ આખો ઉઘાડી.

ખેડુતની પત્નીની દ્રષ્ટિ વિમળાના અંગ ઉપર પડી. ગર્ભવતી સ્ત્રીના ચિહ્‌ન તે કળી ગઈ. પતિના ઝુંપડીમાં જવાનું કહી તે વિમળા પાસે બેઠી. થોડા વખત પછી વિમળાને છુટાછેડા થયા. અધુરે માસે અટલ રાનમાં એને એક અર્ભકી અવતરી.

એ પછી એક આખો દિવસ કેમ ગયો? એની ખબર વિમળાને ન પડી. જ્યારે બીજે દિવસે તે ભાનમાં આવી,

ત્યારે તેણે આંખો ઉઘાડી. ખેડુતની સ્ત્રીને પોતાની પાસે બેઠેલી જોઈ.

"બ્હેન! હું કયાં છું?" અસ્વસ્થા, અને અશકત વિમળાએ પડયા પડયા પ્રશ્ન કર્યો.

"તમે અને તમારી છોકરી બંને સહીસલામત છો, બ્હેન!"

"છોકરી?" હવે વિમળાને કંઇક પ્રસવકાળની સ્મૃતિ થઈ. "મ્હારી છોકરી? કયાં છે?"

ખેડુતની સ્ત્રીએ એને વિમળાના હાથમાં મૂકી. એક મીઠી ચુમી માતૃના વાત્સલ્યે ભરી તે એને ક્ષણભર જોઈ રહી. તે પછી વિમળાની આંખમાંથી આંસુના બિન્દુ સરવા લાગ્યા.

"તમે રડો છો કેમ?"

વિમળાએ જવાબ ન આપ્યો. એનું ધ્યાન એની નાજુક અર્ભકીમાં હતું. "હાય! આનું શું થશે? આ મ્હારૂં જીવતું અને જાગતું પાપ! ના, ના, મ્હારૂં નહી. સમાજનું પાપ. એ જીવશે તો! તો મ્હારૂં નામ અમર કરશે. તેના કરતાં તો એ મરે, એજ વધારે સારૂં છે."

પળવારમાં આવા સેંકડો વિચાર તેના મગજમાંથી પસાર થઇ ગયા. પોતાના પાપવૃક્ષનું આ ફળ તે વધુ વાર ન જોઇ શકી. એણે વગર વિચારે એને નીચે ફેંકી દીધી.

"હાં....હાં...." ખેડુતની સ્ત્રીના શબ્દો એના મુખમાં-

જ રહ્યાં. તરતનું જન્મેલું કોમળ દુધીયું બાળક જમીન ઉપર પછડાયું. પછાડાતાંજ એકી ચીસે એના રામ રમી ગયા.

" અરેરે ! બ્હેન ! તમે આવાં નિર્દય ! એ બાપડી મરી ગઈ." દયાળુ ખેડુતની સ્ત્રીની આંખમાં આટલું કહેતાં આંસુ આવી ગયાં.

" મરવા દે. ભલે મરી ગઈ. એ મરી ગઇ તો સુખી થઇ. જીવી હોત, તો કોણ જાણે કેવાંયે બુરાં હાલ થાત. મ્હારા જેવી અભાગીનીને પેટે પડનાર એ કમનસીબ બાળક મ્હારી પાસેથી મૃત્યુ વિના બીજો શો લ્હાવો પામે ? મ્હને એના જન્મથી હર્ષ ક્યાં થયો હતો ? કે એના મ્હોતથી શોક થાય ! હુંયે જઇશ. હા જરા....પા....ણી."

ખેડુતની સ્ત્રી વિમળાના આ ગાંડાઘેલા બોલથી આશ્ચર્ય પામી. વિમળાને તેણે દુઃખને લઇ દિવાની થઇ ગયેલી ધારી. પાસે એક ત્રાંબાનો લોટો પડેલો હતો. તે ભરી તેણે વિમળાના હાથમાં આપ્યો. વિમળાએ એ મોઢે માંડયો.

" બ્હેન ! તમે ગાંટા ન કાઢો, તમને જલદી સારૂં થઇ જશે તમે ક્યાં રહો છો ?" ખેડુતની સ્ત્રીએ માયાળુ શબ્દમાં પૂછ્યું.

" મ્હારે ઘરબ્હાર, સગાં-વ્હાલાં કોઇ નથી હું આખી દુનિયામાં એકલી છું હું કોઇની નથી, કોઇ મ્હારૂં નથી. દુનિયાની આંખે હું એક વિધવા, અને વ્યભિચારીણી છું. મ્હને ઉપર આભ અને નીચે ધરતી છે. સહુ કહે છે, કે

આ મ્હારૂં પાપ છે, પણ ના. બ્હેન ! આ સમાજનુ પાપ છે. હાય ! તમને શું કહું ? મ્હારૂં આ અભાગી જીવન દુનિયાને નથી જરૂરનું ! મ્હારૂં આ નસીબ ફુટી ગયેલું છે. બ્હેન."

આ છેલ્લા શબ્દે તેણે જળ ભરેલા લોટો માથામાં ઠોકયો એનુ માથુ ફુટી ગયું તેનું ચંદ્રવદન લોહીથી ભિંજાઈ ગયું અર્ધો કલાક બેભાન રહી તેણે દયાળુ જગતનિયંતાના દરબારનો આશરો લીધો.

વિમળા ! વિધવા વિમળા ! આમ એકાએક અણધારી જગ્યાએ ચિર નિદ્રામાં સૂતી. એને આખરના અગ્નિસંસ્કાર પણ એક ખેડુતે કર્યા.

ઓ નિર્દય હિન્દુસમાજ ! પુનર્લગ્નના પ્રતિબંધે આવી કેટલીયે અનાથ બાળવિધવાવિમળાઓ ભરયુવાનીમાં અવાં અયોગ્ય કર્મો કરી આત્મહત્યા કરતી હશે ! એનો જરા વિચાર કર ! વિમળાના આ અકાળ મ્હાતે ! આપઘાતે ! ત્હારા રોમેરોમમાં જવાળા કાં સળગતી નથી ? જે સમાજ પોતાની યુવાન વહુ–દીકરીઓને આવાં કાળાં કર્મો કરતી, આંખો મીંચી જોયાં કરે, અને એમને માટે કાંઈ પણ પગલાં ન ભરે ! એવી સમાજના નામ પર શું છે, શતશઃ ધિક્કાર છે.

પુષ્પ:-૭ થું.

"પાગલ પિતા."

"તમે સાંભળો છો કે ? આમ કપાળે હાથ દઇ શા વિચારમાં પડયા છો ?" લીલાવતીએ પોતાના પતિ બંસીધરને પ્રશ્ન કર્યો.

"વિચાર સંસારનો! આ સળગી ગયેલા ઘરનો. બીજો શાનો કરવાનો હોય ? કહે તુ શું કહે છે ?"

"ઉષાને ગયાને ઘણી વાર થઇ, છતાં એ હજુ પાછી નથી ફરી. મ્હારૂં જમણું નેત્ર ફરકે છે. મ્હારો જીવ ગભરાય છે. મધ્ય રાત્રિ તો થવા આવી...."

"તેને શું છે ?'

"હોય શું ? મ્હને ફિકર થાય છે. આવી મોડી રાત્રે ! એક જુવાન છોકરી....એકલી બ્હાર જાય, અને તે પણ આટલી મોડી રાત સુધી પાછી ન ફરે, એ કેટલું બધું અજાબય ! તમે ત્યાં જાવ ! વિનાયકને ત્યાં જઇ તપાસ કરો મ્હારૂં હૈયું હવે હાથમાં નથી રહેતું.'

લીલાવતીના આ શબ્દોએ બંશીધરને ભાન આવ્યું. તે કપડા પ્હેરી વિનાયકને ત્યાં આવવા નિકળ્યો.

× × × ×

વિનાયકની ઓરડીના ખાલી દ્વારો બસીધરે સહજ હડસેલતાની સાથેજ ઉઘડી ગયા. માંહે પ્હેલુંજ પગલું મૂકતાં બંસીધર સ્થંભી ગયો. એ ભયંકર દૃશ્ય ! બે પ્રેમી-હૃદયોની કુરબાની ! બે પ્રિયની લાસો ! જોતાંજ તે દ્વારમાં મૂર્છા ખાઈ પછડાઇ પડયો.

થોડી વાર પછી જ્યારે તેને ભાન આવ્યું, ત્યારે તે ઉઠયો. મૃત પુત્રીના કપાળે હાથ મૂકી તપાસતો પિતા પાગલ થઈ ગયો. જાણે જીવતી ન હોય એમ તે તેને બોલાવવા લાગ્યો. " ઉષા ! ઉષા ! ઓ બેટા ! ત્હારા બાપ સાથે આવાં અબોલાં શા ? "

તેની ભયંકર ચિત્કારીએ બાજુની ઓરડીમાં સૂતેલો એક વિદ્યાર્થી જાગી ઉઠયો. વિનાયકની ઓરડીમાંથીજ આ અવાજ આવ્યો, એમ અનુમાન કરી તે ત્યાં આવી પહોંચ્યો. તે પણ માંહેનું દ્રશ્ય જોતાંજ દ્વારમાં પાષાણવત્ સ્થિર થઈ ગયો.

" તમે કોણ છો ? " દ્રષ્ટિ પડતાંજ બંસીધરે પૂછયું.

" વિનુનો એક સ્નેહી."

" તમારો વિનુ ! જુઓ ! આ પડયો. ગાંડો બિચારો ! કમનસીબ બાપડો : યુવાનીમાં આત્મહત્યા કરી સ્વર્ગે સંચર્યો. અને આ મ્હારી પ્રાણપ્રિય પુત્રી....હા....તમે મ્હને મદદ કરશો ? "

પેલો યુવાન વિદ્યાર્થી તો આ પાગલ પિતાના

શબ્દોમાં કશું ન સમજ્યો. વિનાયકને મરેલો જોતાંજ તે તો હબકી ગયો. બંસીધરે આગળ ચલાવ્યું.

" ના-ના. તમારી મદદની મ્હને જરૂર નથી. હા. હા. પણ વિનુને તમે જોજો હું તો મ્હારી ઉષાને લઈ જાઉં છું. કારણ ? એ મ્હારી છે. "

પાગલ પિતાએ પુત્રીનુ શબ સ્કંધે નાંખ્યું. પેલો વિદ્યાર્થી જોતોજ રહ્યો. દિવાનો બંસીધર ઉષાના મૃતદેહને લઈ ઘેર ન્હાઠો.

*　　*　　*　　*　　*

પલંગમાં ઉષાને પધરાવી, તેણે બ્હારથીજ બૂમ મારી, " દેવી ! ઓ દેવી ! "

પતિ આવ્યા જાણી લીલા અંદરના ખંડમાંથી બ્હાર આવી. હજુ તેની નજર ઉષાના શબ ઉપર ન્હોતી પડી. ને બોલી. " પ્રાણનાથ ! શી ખબર ? "

પ્રત્યુત્તરમાં બંસીધરે કપાળે હાથ ઠોકયો. અને સૂચવ્યું, " નસીબ ફુટી ગયું છે. "

બિચારા બંસીધરે આમાં નવું શું કહ્યું ? એનું નસીબ તો ફૂટવા બેઠેલુંજ હતું, અને ફૂટી ચૂકયું હતું.

" તમે કેમ બોલતા નથી ! મ્હારી ઉષા કયાં છે ? બોલોને ? આમ મુંગા કેમ ઉભા છો ? "

" શું બોલું ? મ્હારૂં કપાળ દે....વી....હા એ....તો ...ગ...ઇ. " બંસીધર આટલું બોલતાં નીચે પછડાયો.

તેને પકડી લેતાં લીલા અશ્રુભરી આંખે બોલી. "અરે! તમે આમ કેમ કરો છો? નાથ! આ શું? જે થયું હોય એ કહી દયો. અરે! તમારી આંખમાં તો પાણી છે. શું વિનાયકે મ્હારી ગરીબડી ઉષાને સ્વિકારવા ના પાડી ?"

"ના. ના. વિનાયકે ઉષાને સ્વિકારી છે. મરતાં પ્હેલાં, આ નશ્વર સંસાર છોડી જતાં પ્હેલાં, એ બંનેને મ્હેં એકએકના કંઠમાં કર પરોવી હૃદયોહૃદય સ્પર્શતાં જોયાં છે....પણ...."

"તો પછી શું છે?"

"વિનાયક ગયો, અને તેની પાછળ ત્હારી ઉષા પણ ગઈ."

"હેં ગઈ? ક્યાં ગઇ?"

"દેવના દરબારમાં! દયાળુ દામોદરને ત્યાં દયા, અને ન્યાય, મેળવવા અન્યાયની ફરિયાદ નોંધાવવા."

"આ તમે શું કહો છો?"

"પૂછી જો. મ્હારા શબ્દોથી ત્હને ખાત્રી ન થતી હોય, તો આ પલગને પૂછી જો. ત્હારી ઉષા હવે ત્હારી નથી રહી. આમાં પોઢેલી ઉષાને પૂછાય એટલું પૂછી જો. છેલ્લા દર્શન કરી લે. અફસોસ! સગા અને સ્નેહી! કોણ? કોના? કોઇ કોઇનુ નહી બધાંએ મૃત્યુના મ્હેમાન. પા ઘડીના પરોણા."

પલંગમાં ઉષાની મૃત્યુ–દેહ પડેલી હતી. પ્રેમભીની

માતા એના ઉપર પડી. રડાય એટલું રડી. રૂદનમાંજ પતિ-પત્નીએ પ્રભાત કરી મૂક્યું.

" બસ, હવે રડી રહી કે નહી ? "

પરન્તુ કોણુ બોલે ? પુત્રીના શબ ઉપર પડેલી માતા બેશુદ્ધ હતી. બંસીધરે એને ન બોલાવી. એના ઉકળતા દીલે આગળ-પાછળનો વિચાર કર્યા વિના ઘર છોડયું. બ્હાર આવ્યો. એટલામાં પાડોશી--પુત્ર રસિક હાથમાં એક ન્યુસપેપર લઈ આવતો સ્હામો મળ્યો.

" કાકા ! "

બંસીધર ન બોલ્યો. રસિકની સ્હામું પણુ તેણે ન જોયું.

" કાકા ! આજના છાપામાં આ લેખ વાંચ્યો ? "

" લેખ ! શાનો લેખ ? " બંસીધરે અર્ધ જાગ્રતાવસ્થામાં સવાલ કરી નાખ્યો.

" સુધા બ્હેન ચંદ્રવદનભાઇને છોડાવવા ન્યાયાધીશને ત્યાં ગયા છે અને કહેવાય છે કે ન્યાયાધીશે સુધા બ્હેન તરફથી દિવાન સાહેબને એક દયાની અરજી પણુ કરી છે. "

" હશે ! હવે એ મ્હારે નથી સાંભળવું. "

" પણુ કાકા ! કાલે ફાંસીનો દીવસ છે. "

" શું ? " બંસીધર એકાએક ઉછળી પડયો.

" હા ! આવતી કાલે ચાર વાગે વદનભાઇને ફાંસીની શિક્ષા થનાર છે. "

" ફીકર નહી. મ્હારે એ પણુ જોવું છે. રસિક ત્યારે

તો હું પણ ત્યાંજ જાઉં છું. હા--હા- હા કેવી ગમત પડશે ? મ્હારા જીવનમાં આવી ભયાનક ગમતો જોવાનીજ લખાયલી લાગે છે. રસિક! હું કેવો સદ્ભાગ્યશાળી ! હેં ? હા-હા હા. ”

× × × ×

પાગલ પિતા આમ ગાંડુઘેલું બકતો ઘરનો ઉમરો છોડી સુર્યપુરને રસ્તે ચાલતો થયો. રસિક ઘરમાં ગયો. ઉષાના શબની ઉપર લીલા પડેલી હતી.

રસિકના ઉપચારોએ લીલા ભાનમાં આવી. રસિકે કાકીને બંસીધરકાકાના ચાલ્યા જવાના સમાચાર કહ્યા. લીલાએ બળતા હૃદયે એ વાત પણ સાંભળી. તે પછી રસિકે આડોશીપાડોશીઓને ભેગા કર્યા. ઉષાને અગ્નિસંસ્કાર કરવા સ્મશાને લઇ ગયા. વાત્સલ્યઘેલી માતા પણ છાતીફાટ કલ્પાંત કરી પાછળ ચાલતી હતી.

થોડીજ વાર ઉપર બોર્ડીંગના વિદ્યાર્થીઓ પણ વિનુનુ શબ લઇ ત્યાં આવી રહ્યા હતા. લીલાવતીએ હૃદયભેદક દેખાવ જોયો. લીલાવતીની છેવટની વિનતિને માન આપવા બધાંએ એકજ ચિતામાં વિનાયક અને ઉષાના શબને એક સાથે અગ્નિદાહ દીધા.

પડતી--આખડતી લીલાને લઇ રસિક ઘેર આવ્યો. તેની આંખમાં પણ આ દુ:ખી સંસારની આ દશા જોઇ આંસુ આવી ગયાં.

“ કાકી ! કાકી ! આમ શું કરો છો ? ” જરા હિંમત રાખો. તમારાં કરતાં પણ વધારે દુ:ખી કંઇ કેટલાં પડયા હશે.”

" હવે ધીરજ અને હિંમત ! ના....ના....રસિક ! આ બધું મ્હેં ત્હને સોંપ્યું. તું જોજે...તું વાપરજે....હું તોજઇશ ..." દિવાની લીલા ઉઠી ઉભી થઇ. અવ્યસ્ત કપડાંભેર એ આંગણા બ્હાર દોડી આવી.

" કાકી ! કાકી ! ક્યાં જાવ છો ? "

" ત્હારા કાકાને શોધવા. "

" પણ....જરા....થો...ભો તો...."

" રસિક ! ત્હારા કાકા આવે તો કહેજે કે મ્હને છેવટના મળે...."

" ક્યાં ? "

" શાન્તિનિકેતનમાં ! સ્વર્ગમાં ! સરજનહારને ત્યાં. "

પાગલ પિતા ગયો. પાગલ માતા એની પૂંઠે ગઈ. રસિકની આંખમાં પાણી ભરાયાં. એ દિવાની દશામાં દોડતી લીલાવતીને જોઈ રહ્યો. અહાહા ! શું ઇશ્વરી લીલા !

પુષ્પઃ—૮ મું.

" પતિને ખાતર "

" બોલો ! બોલો ! ઓ દયાસિન્ધુ ! પછી તમે મ્હારા પતિદેવને માટે શું કર્યુ ? " સુધાએ ઘુંટણીએ પડી ન્યાયાધીશને ગદ્‌ગદ્ કંઠે પૂછ્યું.

સુધાના પતિ ચંદ્રવદનને આજે ફાંસીની શિક્ષા અમલમાં મૂકવાનો દિન હતો. ન્યાયાધીશને તેમના વચનની યાદ દેવા, અને બને તો, પોતાના પ્રાણુના ભોગે પણુ પોતાના પતિને બચાવવા સુધા અત્યારે ન્યાયાધીશને બંગલે આવી રહી હતી ટેબલ પાસે ઉભેલા વિચારગ્રસ્ત ન્યાયાધીશને તે અશ્રુભરી આંખે અને દીન વાણીએ પ્રશ્ન ઉપર પ્રશ્ન કરી રહી હતી.

"થઇ રહેશે. હજુ કાંઇ પણુ જવાબ નથી."

"હવે ક્યારે થઇ રહેશે? આજે તો એમને ફાંસી છે. તમારી દયાની અરજીનો જવાબ ક્યારે આવવાનો છે?"

"કોને ખબર?"

"અરેરે! હવે હું ક્યાં જાઉં? તમે આમ તદ્દન રડતો જવાબ શું આપો છો? હતાશ અને ભગ્ન હૃદયને આશાનું એક કીરણુ તો આપો. છેક નિર્દય ન થાવ. મ્હારા નાથને બચાવો હું એમને માટે તમે જે કહો એ કરવા તૈયાર છું.

હતભાગીની આવીછ હું...ભાઇ! તમારા શરણુમાં,
માથું ઝૂકાવ્યું છે દયાભીના તમારા ચરણુમાં
જે શિર નમાવ્યું છે, અને નમતું રહ્યું છે નાથમાં,
તે પણુ ધરી દીધુંછ મ્હેં આજે તમારા હાથમાં.

ન્યાયાધીશ સાહેબ! આ દીન દુઃખી દારાની દુવા લ્યો. હું તો ગરીબ છું. તમને કશું પણુ દઇ શકનાર નથી. છતાં...

દયાના દાનના બદલા, પ્રભુને ત્યાં પૂરાં મળશે,
દયાળુ દીલ પર પ્રીતિ દયાસિન્ધુ તણી ઢળશે.
પ્રભુના દફતરે નક્કી તમારા નામ નોંધાશે,
અમારો કર તમે સાહો ! તમારો કર પ્રભુ સ્હાશે.

એટલું યાદ રાખજો કે:—

પ્રભુને જે નહી ભૂલે, પ્રભુ તેને નહી ભૂલે,
કરેલાં પૂણ્યના પાના પ્રભુ–દરબારમાં ખૂલે.
કૃપાળુની કચેરીમાં જીવન–વૃત્તાંત વંચાશે,
બધાને ન્યાય વ્હેંચાશે ન બાકી કોઇ રહી જાશે.

અને તમને પણ ત્યાં આ પૃણ્યકૃતનો પરમ બદલો મળશે. ભાઇ હું આપનો ઉપકાર જીંદગીભર નહી ભૂલું. જીવનભર તમારી ઓશિયાળી થઇ રહીશ. તમારા પૃણ્યનામની માળા પવિત્રભાવે પ્રાણ પર્યંત ફેરવીશ. મ્હારી, એક અનાથ અબળાની ખાતર, નહી તો પ્રભુને ખાતર, આટલું કદાચ હું નગુણી થઇ ભૂલી જઇશ, પરન્તુ એ જગતુનિયંતા તો નહીજ ભુલે. "

"એ ખરૂં છે. પણ હું આમાં શું કરૂં ? જોને....અમારે પણ કાયદાનું પાલન તો કરવુંજ જોઇએને ?"

"તેની કોણ ના કહે છે ? પરન્તુ એકલા કાયદાનુંજ પાલન નહી, બલ્કે એની સાથેજ હિન્દુ–ધર્મ અને તેના પણ બે મહાન અંગો, દયા અને ક્ષમા ! એનું પણ પાલન કરતાં જાવ. એને ન ભુલવાં જોઇએ. તમે મહાન છો. મહાપુરૂષોનું ભુષણ ક્ષમા !"

"તો શું તું ત્હારા પતિનું જીવન બચે એજ જોવા ચ્હાય છે?"

"તો બીજું શું ?

સંપત્તિ, સુખ, શણગાર, મ્હારે સર્વ સ્વામીનાથ, છે.
સંસારમાં સ્વામી સતીને ! અજ જમણો હાથ છે.
કાન્તા રૂપી કાયા વિષે છે પ્રાણ રૂપે શ્રીપતિ,
કાંના વિનાની બંસરીની કાંઇ પણ કિંમત નથી.
સર્વસ્વ મ્હેં સોંપી દીધું છે એમના શ્રીચરણમાં,
કરજોડી લીધો આસરો હું—કીંકરીએ શરણમાં.
સહુ એમના સુખ દુઃખમાં હું અર્ધ ભાગીદાર છું,
એના જીવનમાં જીવનારી ! મૃત્યુમાં મરનાર છું."

"વારૂ ! તો બોલ ! ત્હારા પતિના પ્રાણ બચાવવા તું કેટલો ભોગ દઈ શકશે ?"

"તમે માગો એટલો કહો એટલો. અરે ! મ્હારા પ્રાણ પાથરતા પણ મ્હારા પતિદેવતા બચતા હોય, તો બચાવો. હું પગે પડીને, તમારા ચરણો ઝાલીને, કરૂણ કંઠે વિનવું છું, પ્રાર્થું છું, કે ઓ દયાળુ સત્તાધીશ ! તમે એક અનાથ અબળાની ઝોળીમાં આટલી ભિક્ષા અવશ્ય નાખો. આ કકળતી આંતરડીને ઠારશો, તો જીન્દગીભર એ દુવા દેશે.

સત્તા તમારી છે, તમે ધારો તો ઉગારી શકો,
રસ્તો ભૂલ્યાને રાહ પર લાવીને સુધારી શકો.
"આપી ક્ષમા" બસ એટલા એકજ વચનની વાર છે,
કારણ ? તમારી કલમ (એજ) આજે કાયદાની ધાર છે.

માટે ઓ ન્યાયાધિશ સાહેબ! દયાળુ થાવ, રે'મ કરો. મ્હારી ગરીબની પાસે તો મ્હારા પતિને છોડાવવા માટે એકજ વસ્તુ છે. અને આ મ્હારો જીવ. બોલો એ ખપ લાગશે? એ ખર્ચતાં પણ મ્હને જે જોઈએ છે, તે મ્હારા પ્રિય જીવનપ્રાણ મ્હને મળી શકશે?"

"એવી ઉતાવળ અને સાહસ કરવાની કશી જરૂર નથી. એને બદલે હું ત્હને એક બીજો સરળ માર્ગ બતાવું તો!"

"આપનો મ્હોટો આભાર."

"ત્યારે તું એક કામ કર..."

"બોલો! શું?" આશાનુ કિરણ સુધાના હ્રદયમાં પ્રકટતાં તે અધીર થઈ બોલી.

"પણ ના. ના. ત્હારાથી એ નહી બની શકે."

"કહો તો ખરા. એવું તે શું છે? આ સુધા સ્વામીને માટે હવે સર્વ કંઈ કરવા, અને ખર્ચવા તૈયાર છે. સંસારમાં મ્હને એમનાથી વધુ પ્રિય કોઇજ નથી."

"એક ઉપાય હાથમાં છે. પણ...."

"કયો?"

"દિવાનને લલચાવવો."

"પરન્તુ શાનાથી? લાંચ આપીને? ના. ના. મ્હારી પાસે તો ઝેર ખાવા પણ એક રાતી પાઈ નથી, એનુ કેમ? ભાઈ! એમને પૈસાનો શો તોટો–હિસાબ છે?"

"એથી શું થઈ ગયું?"

"એને બદલે હું એમને એક અલૌકિક ઉપહાર આપું તો ?"

"એવું તે ત્હારી પાસે શું છે ?"

"અંતરની આશિષ ! સાચા દીલની દુવા. કરોડો રૂપીઆ ખર્ચતાં જે નથી મળતી, લાખો તીર્થો છતાં જે નથી જડતી, હજારો માળા ફેરવ્યા છતાં જેના પૂણ્યની બરાબરી નથી વળતી."

"જા. જા. એને શું મધ મૂકીને ચાટે ? લ્યો મ્હોટી તત્વજ્ઞાની અને સતીની દીકરી. ન જોઇ હોય તો ! તે પાછી દીવાન જેવાને આશિષ અને દુવા આપવા આવી ? નહી બને. જા ઘેર."

"ના... ના.... હડધુત શું કરો છો ? ભાઇ ! ત્યારે તમે કહો. તમે બતલાવો. એમ કરીશ. હું તો ગરીબ છું. કમનસીબ છું. મ્હારી પાસે આ પ્હેરેલાં વસ્ત્ર ! અને પ્રાણ એ બે સિવાય બીજું કશું નથી. કહો, મ્હારે શું કરવું ? દિવાનનું મોહું બંધ કરવા પૂરતો પૈસો મ્હારે કયાંથી લાવવો ? ભીખ માગીને, કે ચોરી કરીને ?"

"એની ફિકર ન કર. એ હું ત્હને ધીરીશ. પછી કંઇ છે ?"

" તમે ! તમે ધીરશો ? પણ હા....હું એ તમને પાછા કયારે ? અને કયાં આપીશ ?"

"જ્યારે મળે ત્યારે. હું કોઇ દિવસ એને માટે ઉઘરાણી કરનાર નથી."

" આહા ! અમારા ઉપર આપનો કેટલો મ્હોટો ઉપ

કાર. પરન્તુ ભાઈ! ઈશ્વરકૃપાએ કદાચ ભવિષ્યમાં તમારી એ ભારે રકમ પાછી ન અપાય તો ! તો શું ? "

" એ વિચાર કરવાની કશી જરૂર નથી. હું વગર વ્યાજે અને પાછા કદી પણ ન લેવાની શર્તે આપું તો ! તો પછી કંઇ છે ? "

" તો તો હું આપના ચરણમાં પડીશ. આપની જન્મભર ઋણી થઇ રહીશ. "

" બસ ! એટલુંજ ? "

" હું એક નાદાન નિર્ધન અબળા આપ જેવા વયોવૃદ્ધ ઠરેલ અને શ્રીમંત શેઠને એથી વધુ શો બદલો દઈ શકું ! "

" તેજ કહું છું. હું ત્હને આ મદદ કરૂં, એ બદલ ત્હારે મ્હારી એક શર્ત સ્વીકારવી પડશે. "

" એક ભાવિથી લુંટાયલી ભીખારણ તમને શું આપવાની હતી ? છતાં યોગ્ય અને પળાય એવી હશે તો જરૂર આપીશ."

" સહેલાઇથી આપી શકાય, અને પાળી શકાય એવીજ છે. "

" ન્યાય, નીતિસર, અને પવિત્ર હશે, તો હસતે મુખે હું એને વધાવી લઇશ. "

" એ બધુ જોવાની અત્યારે જરૂર નથી. ત્હારૂં ધ્યાન અત્યારે કેવળ પતિ-મૂક્તિ ઉપરજ હોવું જોઇએ. "

' પરન્તુ પવિત્રતા તો પ્હેલી. પછી બીજું બધું. "

" ત્હારે ત્હારા પતિનો છૂટકો કરવો છે, કે નહિ ! "

" કેમ નહી ? હું એટલા માટે તો અહીં આવી છું."

"તો પછી ત્હારે ત્હારી પ્યારામાં પ્યારી વસ્તુનો પણ ભોગ આપવો પડશે. સમજી ?"

"એટલે ! તમે શું કે'વા માગો છો ? મ્હને આમ ભ્રમમાં ન રાખો. જે કંઇ કહેવાનું હોય તે, ખુલ્લે ખુલ્લું કહી દયો."

"ત્હારા પતિને ખાતર ત્હારી પવિત્રતાને વેચવી પડશે. કેવળ એકજ રાત ! એકજ વખત ! ત્હારે મ્હારી ઇચ્છાને માન આપી, મ્હારી એટલી આશા પૂરવી પડ....શે."

"આહ પ્રભુ ! હું આ શું સાંભળું છું ? શું આ શબ્દો પ્રભુના પવિત્ર સોગન લઇ, આ નિર્મળ ન્યાયાસને વિરાજનાર આ....પવિત્ર મૂર્તિ ન્યાય દેવતા બોલે છે ? અફસોસ !

આશા–દીપકમાંથી અરેરે ! તેલ પણ ખૂટી ગયું,
અમૃત–પ્યાલું હોઠ પાસે આવીને તૂટી ગયું.
દર્પણ–દિલાસાનું હવે હેઠે પડી ફૂટી ગયું,
આશા–કિનારે હોડકું બાંધેલ તે છૂટી ગયું.

ઓ ન્યાયાધિ પતિ ! તમારા મુખમાં આ વચન ! નથી શોભતા ! તમે આ શું બોલ્યા ?

શું સ્વામીને માટે સતીએ વેચવું સૌન્દર્યને,
પતિદેવને ખાતર પતિવ્રત છોડવું ! એ નહિ બને.
ના—ના. પતિ કરતાં વધુ વ્હાલી મ્હનેછ પવિત્રતા,
છો ! એથી તો ઉત્તમ કરે એ મૃત્યુ સાથે મિત્રતા.

ઓ ન્યાયદેવતા ! આ ધર્મની ગાદી લજવાય છે. ન્યાયના સિંહાસન ડોલે છે. આ વચનો, તમે નહી પરન્તુ તમારો વિનાશકાળ બોલે છે.

નગારા મ્હોતના વાગે....હજુ સમજાય તો સમજો,
હળાહળ ઝેર છે જેમાં....જરા એ જોઈને જમજો.
અમારે ના નથી પણ ઘા ! ખમાયે તો પછી ખમજો,
જરા જોઇ વિચારીને રમો તો રંગમાં રમજો.

કારણ ? એજ કે:—

થવા બેસેછ અવળુ જ્યાં....ત્યહાં બે આંખ ફૂટે છે,
બધી ! સારા—નઠારાની સમજશકિતજ ખૂટે છે.
વિધાતા એ વખત સૌની સુબુદ્ધિ સર્વ લૂટે છે,
પછાડીથી કંઇ વીરલા ! કપાળે હાથ ! કૂટે છે.

અને એવો વખત કદાચ તમારે પણ ન આવે, એ ખૂબ ધ્યાનમાં રાખજો."

"સુધા ! મ્હારા સ્વાર્થ અને ત્હારી ગરજ ! દુનિયામાં દરેક માણુસ સ્વાર્થી છે, તું નિઃસ્વાર્થી નથી, હું પણ નથી. ત્હને સ્વાર્થ છે, તો મ્હને પણ સ્વાર્થ છે."

"અરે ! પરન્તુ આવો રાક્ષસી, નીચ સ્વાર્થ !"

"એમાં શું ? ત્હને જે બદલો મળનાર છે. તેની સરખામણીમાં આ શરસ, આ ભોગ, કંઇજ હિસાબમાં નથી."

"બસ કરો. મ્હારાથી એ નહી બને. તમારી આ દયા મ્હને ન ખપે. ન જોઇએ, અરે એનો પડછાયો સુદ્ધાં જોતાં

મ્હારૂં માથું ભમે છે. આવે અયોગ્ય રસ્તે! પતિવ્રત વેચીને! પતિની મૂક્તિ મ્હારે ન જોઇએ. ઓહ! એ પાપી! ભયાનક વિચારે પણ મ્હારી આંખે તો અંધારા આવે છે. શરીરમાં કંપ થાય છે. હા! એની યાદે! મ્હારા રોમરોમમાં કંપારી છુટે છે. મ્હને ચકરી આવે છે. ઓહ્! આ શું? ઓ નિષ્ઠુર ન્યાયાધીશ! મ્હને તમારી શરત નથી કબૂલ. ભલે મ્હારા નાથ નહી છુટે તો!

ન ઇચ્છું દેહ વેચીને દયાનો એક પણ છાંટો,
તમારી રે'મ ને માયા તમારી પાસ તે રાખો.
દયા એવી તમારી ધર્મને જે ધોઈ નાખે છે,
પતિવ્રત વેચીએ ત્યારે પતિના પ્રાણ રાગે છે.

ભાઇ! તમારા દીલમાં મ્હારે માટે કાંઈજ થતું નથી? તમે હિન્દુ છો. હું પણ એક હિન્દુ-રમણી છું, તમારી આ હિન્દુ-બ્હેન પોતાના એક હિન્દુ-ભાઈ પાસે એક નજીવી ભિક્ષા માગે છે! આપો.

હિન્દુ થયા છો, આપ તો આ પણ તમારો ધર્મ છે,
આંસુ લૂછે નહી બ્હેનના એ ભાઇને હા! શર્મ છે.
આપો તમે અમને! પ્રભુ અત્યંત તમને આપશે,
કાપો દયાળુ દુઃખ! ઈશ્વર! આપનું પણ કાપશે.

ભાઈ! આ રાંક, રડતી બ્હેનના આંસુ લૂછો, ઇશ્વર તમને નહી ભૂલે! આલોકમાં નહી તો પરલોકમાં પણ એનો બદલો એક વાર અવશ્ય મળશે."

"નકામું માથુ ન ખા. સુધા ! હું દયા અને ઉપકાર કોઈને પણ મફત કરતોજ નથી. ત્હારી સત્તરવાર ગરજ હોય, તો મ્હારી શરત કબુલ કર."

"પણ તમે શું કબુલવાનુ કહો છો ? એનો કાંઇ વિચાર કર્યો ? એક બાજુ પતિ ! તો બીજી પવિત્રતા ! ઓ પ્રભુ ! બંને પ્રિય વસ્તુ ! કોને રાખવી ? કોને જતી કરવી ?"

"કેમ શું વિચાર છે ?"

"શું જવાબ દઉં ? ભાઇ ! તમે ન્યાયાધિશ છો. નસીબના આડા અવળા ચક્રમાં ફસાયલી આ હતભાગીનીની ઉપર જરા રેંમ રાખો.

કઠણ તમારૂં કાળજું, ભીનું અને કોમળ કરો,
નિષ્ઠુરતાના પત્થરે હૈયું તમારૂં નહી ભરો.
છે ન્યાય સત્તા,હાથમાં....એને કલંકીત નહી કરો,
પાના જીવન-ઇતિહાસના....નહી પાપ કર્મોથી ભરો.
કોઈ અનાથ ગરીબની આંતરડી કકળાવો નહી,
ઘડી બે ઘડીના સુખ માટે નિસાસા ખાઓ નહી,
આ ધર્મ, નીતી, ન્યાયનું આસન પવિત્ર માનાય છે,
(જુઓ) આજે તમારા પાપથી (તે) સુાંખું પડી લજવાય છે.

એ ધ્યાનમાં રાખો. "જેવી 'દાનત તેવી બરકત." દ્રષ્ટિ નિર્મળ, અને સાફ રાખો. નિર્મળ હૃદયો ઉપરજ નિરંજનની રેંમ રહે છે. પવિત્ર પુરૂષો ઉપરજ પરમાત્માની કૃપાદ્રષ્ટિ હોય છે. માટે ભાઇ ! મ્હારા બદલામાં કંઈક બીજુ માગો."

"બીજું કંઇ નહી જોઇએ. ચાલતી થા."

"એમ શું કરો છો ?"

"જાય છે કે ધકા મરાવીને બ્હાર કઢાવવી પડશે?"

"ત્યારે શું તમે દયા નહીજ કરો ?"

"દયાના દાન રસ્તામાં નથી પડયા ?"

"તમે સારા માણસ થઇને આવું શું બોલો છો?"

"સારૂં કોણ નથી ? સહુ પોતપોતાને સારાં કહેવડાવે છે. બાકી સારાં નઠારાં તો સૌના મનમાં સમજે."

"ત્યારે હું જાઉં ?"

"ખુશીથી. મ્હારી ઇચ્છા પૂર્ણ કર્યા સિવાય હું ત્હારા પતિને બચાવવાની ચોકખી ના પાડું છું."

"એ....તો....એ....તો.... હા ! મ્હારાથી નહી બને. મ્હારૂં દીલ ના પાડે છે."

"તો રસ્તે પડ ! ત્હને ચોખા પણ કોણ મૂકવા આવ્યું હતું ? લે ! ત્રણ તો વાગવા આવ્યા. હવે ફક્ત એકજ કલાક બાકી છે. જે વિચાર કરવો હોય તે જલ્દી કરી લે. ક્યાં તો મ્હારી શર્ત સ્વિકાર, ક્યાં તો પતિનું મૃત્યુ અને વૈધવ્ય પ્યારૂં ગણ. બોલ ! ત્હને એ બેમાંથી શું પસંદ છે?"

"એકે નહી."

"તો પવિત્રતાને જતી કરી, પતિને બચાવ."

"તેજ નથી સમજાતું. હું એજ વિચાર કરૂં છું. થોભો ! મ્હને બરાબર વિચાર કરવાને થોડો વખત આપો."

"ત્હારા સ્વામીના મૃત્યુની ઘડીઓ હવે પાસેને પાસે ગણાતી જાય છે. ત્યાં બધી તૈયાર થઈ ચુકી હશે. ત્હારા મુનીમાંથી હા ! નીકળે એટલીજ વાર જોઉં છું."

"હાય ! હું શું કરૂં ? કયાં જાઉં ? કોને કહું ? પડતા ઉપર બધાંય પાટુ મારવા તૈયાર થયા છે. "ગરીબની વહુ એ બધાંની ભાભી" એને જતાં આવતાં લોકો પણ આંગળી કરે ! અફ્સોસ !"

" પણ આપણી આ વાત કોણ જાણવાનું છે ? કોણ જોવાનું છે ? છાનાછપના એકવાર આવી મળી જવું, એમાંય આટલો ડર ? "

" ઇશ્વર ! તો જોનારો છે ને ? "

" તો ખાડામાં પડ. અર્ધા કલાકમાંજ એ મરશે, પછીજ ત્હને મ્હારા શબ્દો સાંભરશે, કે "મ્હારૂં કહ્યું કર્યું હોત તો ઠીક થાત."

" તમે આવા મ્હોટા ખાનદાન-આબરૂદાર માણસ થઇને એક આશરે આવેલી ભાગ્યહીન ભિખારણને આમ કાં સતાવો છો ? "

" મ્હને કામ છે, હું કાંઈ નવરો નથી. શર્ત કબુલ ન હોય તો જા....ચાલતી થા."

નિર્દય ન્યાયાધીશે ઘુંટણીએ પડેલી સુધાને ધક્કો મારી ફેંકી દીધી. તે બાપડી કઠણ હૈયું કરી જવાને ઉભી થઇ. સ્વગત બોલી. " ઓ નિષ્ઠુર ન્યાયાધીશ ! જેવું મ્હારૂં હૈયું

ભાંગ્યું છે. એવું ત્હારૂં ભાંગજો. મ્હારા પતિનુ અકાળ મૃત્યુ થનાર છે, એવુંજ ત્હારૂં પણ થજો."

તે બે ડગલાં આગળ વધી થોડે ગઈ. "જાઉં છું."

" જા....જા...."

વળી ચાલી, કંઇક સાંભર્યું. તે ક્ષણભર થોભી. એક પળમાં પ્રભુએ તેના મગજમાં એક નવીન તરંગ મૂક્યો. પતિને ઉગારવા અનાથ સુધાએ એનો આશ્રય લીધો. તે વળી પાછી આવી.

" કેમ પાછી આવી ? ".

" એકવાર હજુ પણ આપનો અંતરઆત્મા પીગળે તો પીગળાવવા. છેવટની દયા માગવા."

" ત્હને કેટલીવાર કહ્યું, કે અહીં કાંઈ દયાના સદાવ્રત નથી. દયાની પરબો માંડી પાણી પાનાર ! તે અમે નહી. બીજા. અહીં તો ન્યાય વેચાય છે, તેમજ દયાના પણ પૈસા થાય છે. દયાના દાનમાંથી તો મનગમતા કોડ પુરાય છે. સમજી "

" ભલે ! ત્યારે ધારો કે હું આપની એ....શરત—"

" કેમ અચકી ગઇ ? "

" કબૂલ કરૂં, પણ તમે મ્હારા નાથને ફાંસીની સજામાંથી છોડાવો એની શી ખાત્રી ? "

" આ રહ્યો એ પરવાનો ! લે ! ત્હારી દયાની અરજીનો જવાબ આવી ગયો છે. ફાંસીથી બચાવી એને સાદી

કેદમાં રાખવામાં આવશે, અને જો તું મ્હારી થશે, તો પછી એ સજા પણ રદ કરવામાં આવશે."

"લાવો; લાવો, ત્યારે મ્હને એ આપો. તમારી શર્ત મ્હને કબૂલ છે."

"લે! લખી આપ."

સુધાએ પતિને બચાવવા પાપી ન્યાયાધીશની ભયંકર શર્ત ઉપર સહી કરી. મુક્તિનો પરવાનો લઈ ન્યાયાધિશ અને સુધા બંને ફાંસીને માટે મુકરર કરેલી જગ્યાએ જવા ઉપડયા.

સુધા સ્વામીને બચાવવા જતી હતી, પરન્તુ તેના દીલમાં તો પેલી ભયંકર શર્તથી ભડકા બળી રહ્યા હતા. **પતિને ખાતર** એ આર્ય રમણીએ પવિત્રતાનું સાટુ કીધું હતું.

પુષ્પ:—૯ મું.

" પતિભક્તિ "

સુધાના સ્વામી **ચંદ્રવદનને** ફાંસીની સજા અમલમાં મૂકાવાનો આજે દિવસ હતો. સઘળી તૈયારી થઇ ચુકી હતી. વધસ્થાનની બ્હાર શહેરીઓનું એક મ્હોટું ટોળું ભેગું થઇ ભિન્ન ભિન્ન લાગણીઓ પ્રદર્શિત કરી રહ્યું હતું. કેદી **ચંદ્રને** પણ ક્યારનો ફાંસીને માટે તૈયાર કરી ત્યાં આણવામાં આવ્યો હતો.

સમય થયો. ચંદ્રના ગળામાં દોરડું પડયું. ચાંડાળ એના મોઢા ઉપર કાળી ટોપી પ્હેરાવે તે પ્હેલાં સજા અમલમાં મુકનાર અમલદારે ચંદ્રને છેવટનો સવાલ કર્યો.

" તમારી કંઇ ઇચ્છા છે? હોય તો બોલો "

" એકજ ! અને તે મ્હારી હતભાગીની પતિ–ભક્ત પ્રેમદાના સુખ–દર્શન મ્હને એકવાર કરાવો."

" એ તો નહી બને, કારણ શ્રીપુર સુર્યપુરથી બહુજ દૂર છે. બીજુ કાંઇ ? "

" ત્યારે મ્હારો આટલો સંદશ એને પ્હોંચાડજો."

" કહી નાખ. "

" ત્હારો મરતો પતિ એવી ઇચ્છા, અને આજ્ઞા પ્રદર્શિત કરી છે, કે એક શયતાન સ્વામીની પૂંઠે સાધુડી–જીવન ગાળી, દેહને ન દમતાં પુનર્લગ્ન કરી તું સુખી થજે."

" દોરી ખેંચો. "

અમલદારના મુખમાંથી એટલાજ શબ્દો બ્હાર પડયા. ચાંડાળે ચંદ્રના મોઢા ઉપર ટોપી ચઢાવી. પગ નીચેના પાટીયાં ખેંચી લેવા દોરડાનો છેડો હાથમાં ઝાલ્યો. બરાબર આજ વખતે " થોભો ! સબૂર કરો." એવી કારમી ચીસ નાખતી દૂરથી એક દીવાની રમણી લોકોની ભીડ ભેદી ત્યાં દોડી આવી. એનો પોશાક અવ્યવસ્થ હતો. વાળ છુટા હતા તેના હાથમાં એક સરકારી કાગળ હતો.

× × × × ×

સુધાને પોતાની સાથે મોટરમાં બેસાડી ચંદ્રવદનને બચાવવા વધસ્થાને આવવા ન્યાયાધીશ નીકળી ચુકયા હતા. મોટર ભાગ્યેજ વધસ્થાનથી પચાસ કદમ દૂર રહી હશે, ત્યાં તો પેટ્રોલ ખુટયું, ન્યાયાધીશે સુધાને આઘેથી વધસ્થાનનો રસ્તો બતાવી પોતે પાછળ આવી પ્હોંચે એ પ્હેલાં ત્યાં જઈ પ્હોંચવા કહ્યું. ન્યાયાધીશ મોટર સંભાળતા ઉભા, જે અરસામાં ડ્રાઈવર પેટ્રોલ લઈ આવવા દોડયો.

સુધા પતિને બચાવવા એક પળ જાય છે, તે બહુજ કીમતી જાય છે; એમ જાણી એકે શ્વાસે દોડી. રસ્તામાં કેટલીયેવાર ઠોકરાઇ પડી ચુકી હતી, તેનું શરીર પરસેવાથી નીગળતું, અને ધુળથી રગદોળાયલું હતું. વસ્ત્રનું ભાન તેને આ વેળા ન્હોતુ. કોમળ ચરણોમાંથી લોહીની ધારા છુટતી હતી. મોઢામાં શ્વાસ પણ ન્હોતો માતો.

× × + × ×

આ અણીને વખતે આવી પહોંચનાર એજ સુધા હતી. અમલદારના હાથમાં પેલો પત્ર આપતાં હાંફતી હાંફતી સુધાએ પતિદેવનું વદન ખુલ્લુ કરી નાંખ્યું. દંપતિ-યુગલ એકેકને ભેટી પડયુ.ચંદ્રવદનની અંતિમ-આશા પાર પડી.

"એને છોડીને અહીં લાવો." અમલદારે પરવાનો વાંચ્યા પછી ચાંડાળોને હુકમ કર્યો.

ચંદ્રને છુટો કરવામાં આવ્યો. પત્નીને હૃદય સરસી દાબતાં પતિ બોલ્યો, દેવી ! તું અહીં કયાંથી ? ત્હારી આ શી દશા ?"

"પ્રભુ! આ બધું આપને માટે."

"ધન્ય છે. ઓ મ્હારાં સતી રત્ન! હું મૂર્ખ ત્હને ન સમજ્યો."

એટલામાં ન્યાયાધિશ સાહેબની મોટર ત્યાં આવી પ્હોંચી. બધાંએ એમને ઝુકીને સલામ કરી, તે પછી ન્યાયાધિશ પેલા અમલદાર પ્રતિ ફરી બોલ્યા, "કાદરખા! મ્હારો બીજો હુકમ ન મળે, ત્યાં સુધી કેદીને હાલ કારાગ્રહમાં રાખો, ફાંસીની સજા કેટલાંક કારણવશાત્ હાલ મોકૂફ રાખવામાં આવી છે,"

"બહુત અચ્છા."

કાદરખાંએ ચંદ્રનો હાથ પકડ્યો, ચીરાતે હૃદયે સુધા પતિના હૃદયથી છુટી થઇ, કાદરખાં તેના પતિને કારાગ્રહમાં લઇ ગયો. સુધાએ તે નજર પ્હોંચી ત્યાં સુધી જોયું; પતિની પૂંઠે એ દીવાની સુધા બ્હાર દરવાજા સુધી દોડી ગઈ. એટલામાં લોકોના ટોળામાંથી કોઇએ એનો હાથ ઝાલ્યો.

"સુધા!"

પતિની પાછળ વ્યર્થ દોડતી દિવાની બાળા અટકી, તેણે પાછળ જોયું. "કોણ?"

"હું...મ્હને ભૂલી ગઈ?"

"કોણ? પિતાજી? તમે અહીં?"

"હા....સુધા! ચંદ્ર બચ્યો?" એની આંખમાં આટલું પૂછતાં પાણી ભરાઇ આવ્યાં.

" હાલ તો માની લ્યો."

" હવે તું ઘેર ચાલ ઉષા અને વિનુએ આપઘાત કર્યો છે. ત્હારી મા મરણને ખાટલે પડી, રડી રહી છે. ત્હારો આ બાપ ત્હને શોધવા ભટકી રહ્યો છે. બેટા! હવે પાછી ફર! એકવાર આવી ત્હારી માને મળી જા."

" એ હમણાં નહી બને. મ્હને છોડો. જવા દયો, મ્હારે તો હજુ મારા પતિદેવને મળવું છે. બાપુ! બબ્બે પુત્રીના નામનું નાહ્યાં છો, તો આ ત્રીજી અભાગી પુત્રીના નામનું પણ તમે બધાં નાહી નાખજો."

પ્રેમી પિતાનો હાથ છટકાવી એ પાગલ રમણી દોડી. થોડેજ જતાં એને જબરી ઠોકર વાગી. એ પડી ગઈ. લોલોકોએ એને ઉભી કરી. પરન્તુ એને ભાન ન્હોતું. એ બેશુદ્ધ બની ગઈ હતી, પડવાથી એનું માથુ ફૂટી ગયું હતું.

એટલામાં ન્યાયાધિશ ત્યાં આવી પહોંચ્યા. લોહીલોહાણ બેશુદ્ધ સુધાને સંભાળી તેમણે મોટરમાં સુવડાવી મોટર-ડ્રાઈવરને મોટર ઘેર લઇ જવાની આજ્ઞા કરી. જોતજોતામાં ન્યાયાધીશ ઘાયલ સુધાને લઇ ઘેર ઉપડી ગયા.

લોકોનું ટોળું ધીરે ધીરે વેરાઇ ગયું, કેવળ એકજ અભાગી માણસ એ સ્થાન ઉપર માથે હાથ દઇ આંસુ વરસાવતો ઉભો હતો. એણે સુધાના જમીન ઉપર પડેલા લોહીમાં પોતાના હાથ રંગ્યા. " હાય સુધા!" કરી છા-

તીએ લાલ છાપો માર્યો. થોડીવાર પછી એ પણ એક નિઃશ્વાસ નાખી ત્યાંથી ચાલતો થયો.

વાંચક! એ વ્યક્તિ તે અન્ય કોઈ નહી, પરન્તુ સુધાનો પ્રેમાળ અને પાગલ પિતા બંસીધર પોતે હતો.

પુષ્પઃ—૧૦ મું.

"છેલ્લું ચુંબન"

સુધાના માથા ઉપર પાટો બાંધવામાં આવ્યો હતો. અત્યારે ન્યાયાધિશના મકાનમાં તે પલંગ ઉપર પોઢેલી હતી. સુધાનો જીવન-દીપક સચેત રાખવા ન્યાયાધિશે જો કે તનતોડ પ્રયત્ન કીધાં હતાં, પરન્તુ તે નિઃસ્વાર્થ હૃદયે અને પરોપકારને ખાતર નહી, પરન્તુ પોતાની નીચ વિષયલાલસા પૂરી કરવાને માટેજ!

સ્વપ્ન આવ્યું? કે શું થયું? પરન્તુ એકાએક સૂતેલી સુધા "ના....ના....તમને નહી મરવા દઉં" એવું બોલતી ડુસકાં ભરતી સફાળી શય્યા તજી જાગી, જોશભેર બેઠી થઈ ગઇ. પાસેજ ન્યાયાધિશ ખુરસી ઉપર બેસી છાપુ વાંચી રહ્યા હતા. તેઓ દોડી આવ્યા. "શું છે? શું થયું?"

"મ્હને મળવું છે. એમની પાસે લઇ જાવ. તમે એમને છોડી દેવાનું કહ્યું હતું ને? છોડયા કેમ નથી?"

" શાન્ત થા. ધીરી પડ. એ બધુંય ધીરે ધીરે થશે. ઉતાવળે આંબા ન પાકે."

" પરન્તુ મ્હને તમે એમની પાસે એકવાર લઈજાવ, નહી તો હું ગાંડી થઇ જઇશ."

" સુધા ! મ્હેં મ્હારૂં વચન નિભાવ્યું, હવે તું તારી પ્રતિજ્ઞા પાળ, પછીજ હું બીજું પગલું ભરીશ."

"ભલે ! પરન્તુ પ્હેલાં એક વખત મ્હને એનની સાથે મેળવો. એ કયાં છે ? કેમ છે ? શું કરે છે ? એ મ્હારે જોવું છે, જાણવું છે. તમે જલ્દી કરો. મ્હારો જીવ હાથમાં નથી રહેતો."

સુધાને રાજી રાખવા ન્યાયાધીશે પોતાના એક સેવકને જેલર ઉપર ચીઠ્ઠી લખી આપી. સુધા એની સાથે પોતાના પતિને મળવા કારાગૃહ પ્રતિ ચાલી. "જોજે બરાબર ધ્યાન રાખજે." એવી છૂપી સૂચના ન્યાયાધીશે પોતાના, સુધાની સાથે જનારા સેવકના કાનમાં આપી દીધી હતી.

સેવકની સાથે સુધા કારાગૃહને દ્વારે પહોંચી. જેલરે ચિઠ્ઠી વાંચ્યા પછી દ્વાર ખોલી આપ્યું. સુધા પોતાના પતિને મળવા મંદ મંદ પગલાં ભરતી માંહે પરવરી. જેલર અને પેલો સેવક,બંને એ દરમ્યાન બ્હાર વાતોના ગપ્પાં હાકવાં પડયાં.

દરવાજાનું લોખંડી દ્વાર ખૂલ્યું, તેના અવાજથીજ ચંદ્ર ચોંકીને ઉભો થઇ ગયો હતો. સંધ્યા થઇ ચૂકી હોવાથી ઝાંખું અજવાળું પડતું હતું. છતાં પણ પ્રેમીની ચકોર આંખોએ પ્રિયતમાની પ્રતિમાને ઓળખી લીધી. એના હ્રદય–તાર

ઝણઝણી ઉઠયાં. એક શબ્દનાં પણ ઉચ્ચાર વિના એ બંને શરીરો એકમેકને બાઝી પડયાં. બંને આંખોમાંથી ખરખર આંસુ ખરી રહ્યાં હતાં.

*   *   *   *

"દેવી ! ત્હેં મ્હારે માટે કેટલું કર્યું ? ત્હારા ઉપકારનો બદલો હું અભાગી નથી વાળી શકવાનો. અફસોસ !"

"પ્રભુ ! આપને છોડવવામાં, અને અને મળવામાં મ્હારે એક...."

" બોલને....અચકાય છે કેમ ? "

"એક અમૂલ્ય ! પવિત્ર, અને પ્રિય વસ્તુને હોમવી પડી છે."

" તે શું ? "

"રજા આપો ! પ્રભુ ! હું આપને અત્યારે નકામી મળવાને માટે નથી આવી."

" ત્યારે ? "

" આપની રજા લેવા આવી છું. "

" રજા ! શાની રજા ? "

" આપને છોડવ્યા બદલ ન્યાયાધીશને મ્હેં જે અમૂલ્ય વસ્તુ આપવા વચન આપ્યું છે, એ સોંપવા. "

"એમાં મ્હારી આજ્ઞાની શી જરૂર છે ? હું આખોજ ત્હારો છું. તું જે કંઈ કરશે, એ ખોટું નહીજ કરે, એ મ્હને વિશ્વાસ છે."

પણ એ વસ્તુ તમારી માલકીની છે. તેથીજ....તેથીજ ...તમને પૂછવા આવી છું."

"વચન તો દઈ ચૂકી, હવે પૂછવા આવી ? ભલે ! કહે એવી શી વસ્તુ ત્હારે એને દેવી છે ? "

" મ્હારી પવિત્રતા. "

" શું ? એને પરણુવા...."

"ના....ના. એકવાર એની નીચ આશા મ્હારે પૂરી કરવી."

"ઓહ ! સુધા ! સુધા ! આ ત્હને શું સૂઝ્યું ? "

ચંદ્રવદનના બે હાથ, કે જે અત્યાર સુધી સુધાને ગળે વિંટળાયલા હતા, તે છૂટા થયા. સુધાની આંખમાંથી આંસુની ધારા ચાલી રહી હતી.

"આવી આકરી શર્ત શા માટે ? શું પવિત્રતા કરતાં પતિ વધારે છે ? ના....ના હું તો એ સ્ત્રીને પહેલી પસંદ કરૂં, જે પવિત્રતા સાચવવા પતિને પણ જતો કરે. હું બહુજ દીલગીર છું. મ્હારા પ્રેમમાં અંધ બની તું ન કરવાનું કામ વગર વિચારે કરી ચૂકી. મ્હને પૂછ્યા વિનાજ મ્હારી માલીકીની ચીજ—વચનથી બંધાઇ ચૂકી. અફસોસ ! હા ! અફસોસ ! "

"પ્રભુ ! તમારાથી મ્હને કશુંવધારે નથી. મ્હેં એ શર્ત શા માટે સ્વિકારી ? તે મ્હારૂં દીલજ સમજે છે. મ્હેં જે કર્યું છે, તે બહુજ વિચારપૂર્વક કર્યું છે. તમારી સુધા એવું પગલું કદાપી નહી ભરે, કે જેથી તમારે એના જીવતાં કે મૂઆ પછી પણ નીચુ જોવાનુ થાય."

"સુધા ! એક વાર તુંજ ન્યાયસભામાં મ્હને બચાવવાં જુઠું બોલી હતી. સતીની ગણુનામાંથી નામ અને વિશ્વાસ

અને ત્હેં ગુમાવ્યા છે. કર્મમાં નહી, મનમાં નહી તો વચનમાં પણ તું કલંકીત અને પતિત થઈ ચૂકી છે. આનું ફળ ત્હારે વ્હેલું મોડું પણ ભોગવવું પડશે."

"અને એ ભોગવીશ. તમારાં દર્શન થયાં. બનતી સેવા થઈ. મ્હારો જન્મ હવે સાર્થક થયો. હવે હું ગમે એવાં દુઃખો સ્હેવા તૈયાર રહીશ. પ્રભુ! રજા આપો! મ્હને હવે મ્હારૂં વચન પાળવાની રજા આપો."

"કેવું વિચિત્ર! સુધા! એક તો ત્હેં એની નીચ અને નફ્ફટ માંગણી સ્વીકારી. તે ઉપરાંત પાછી મ્હારેજ મુખે આ ઉજળા (?) કામને માટે હા પડાવે છે? કયું ઉજળું મોઢું લઇને? તે તો કહે! અરેરે! લજ્જાનો છેડો આખર ત્હેં માથે માથે મૂકયો. આટઆટલું કીધું પણ....એ બધા ઉપર સ્હેજને માટે પાણી ફેરવ્યું. કર્યું કાર્વ્યું ધૂળધાણી અને રાખ પાણી થઇ ગયું. ધોવાઇ ગયું. આખો સમુદ્ર તરી અને અંતે ખાબોચીયામાંજ ડૂબી મરી."

"એ બધું તમને કાલે સવારે સમજાશે. અત્યારે તો આપ મ્હારા ઉપર વિશ્વાસ રાખી રાજીખુશીથી રજા આપે."

"જા....ચાલતી થા. ત્હારે હવે મ્હારી રજા માગવાની ન હોય. કારણ? ત્હેં મ્હને પૂછીને કાંઈ નથી કર્યું એ અધિકાર ત્હેં ગુમાવ્યો છે. સુધા! જા...."

ચંદ્રવદને સુધાના હાથ તરછોડી જમીન ઉપર ફેંકી દીધી. ફરી યાદ આવતાં તે બોલ્યો, "ના ના, પાછી આવ.

ત્હેં મ્હારે માટે બહુ બહુ કર્યું છે, તુંજ મ્હારી નવજીવનદાતા છે. હાય ! એ બધું કેમ ભૂલાય : છતાં...."

"કહી નાખો. જે કંઈ કે'વું હોય તે અત્યારેજ કહી નાખો. પછી વખત નહી મળે."

"મ્હારી, આ ત્હારા પાપિષ્ઠ પતિની છેવટની વાત સાંભળતી જા. ત્હારા માતા પિતા અને પતિના નામને કૂળને તથા કીર્તિને કાળુ કલંક ન લાગે, એવું તમામ કરવાની ત્હને છૂટ છે. ત્હારી માનું ધાવણ અને કૂખ ન લાજે, એ ધ્યાનમાં રાખી જે કંઇ કરવું હોય તે કરજે. ત્હારા પતિએ તો પાપને પંથે પરવરી પોતાનું નામ બોળ્યું છે. હવે મ્હારૂં આ અવશેષ અર્ધાંગ-તું, કે જે આજ સુધી પવિત્ર છે, અને જેને માટે હું ગમે એવો પાપી છતાં અભિમાન ધરાવી ઉંચું જોઉં છું. એ પવિત્ર રહેશે તો બસ."

"એની ખાત્રી રાખો જે સુધા પોતાના સ્વામીને માટે પતિવ્રત જેવી ચીજ, શિયળધન જેવો અણમૂલ રત્નભંડાર. એક વ્યભિચારી કૂતરાને ત્યાં ગીરવે-સાટામાં-શર્તમાં મૂકી શકે છે, તેજ પતિવ્રતા તેને પાછો અખંડ હસ્તગત કરવા પ્રાણદાન પણ દઈ શકે છે."

"તો જા....મ્હારી ના નથી હું ત્હને ખુશીથી રજા આપુંછું."

આથી વધુ તે કશું ન બોલ્યો. સુધા પણ પતિના શબ્દોનું તાત્પર્ય સમજી ગઈ હતી પરન્તુ તે તો પોતાનો એક

નિશ્ચય ! આ પ્હેલાં કયારનીય કરી ચૂકી હતી. અંતિમ પતિ મુખ–દર્શન કરી પતિ ભેટનો લ્હાવો લઇ. આંસુ ભરી આંખે! અને ચીરાતે હૈયે તે ચાલતી થઇ.

દરવાજા સુધી ગઇ. વળી પાછું જોયું. "આવ ! એક વાર! પાછી આવ." ગળગળે સાદે ચંદ્ર બોલ્યો. સુધા પાછી ફરી. એને હૈયાં સરસી જોરથી દાબી. ચંદ્રે તેના ગાલ ઉપર એક છેલ્લું ચુંબન લઈ લીધું પતિદેવના ગળામાં પોતાની બને કોમળ ભુજાઓ સુધાએ છેવટની વેળા વિંટાળી દીધી.

× × × ×

આ એક કરૂણાજનક, અને પાષાણહૃદયીને પીગળાવે એવો દેખાવ હતો. ત્રણવાર સુધા દરવાજા સુધી ગઇ. અને ત્રણ વાર પાછી ફરી, પતિને બાઝી પડી. અંતે જેલરે વખત થઈ ગયાથી એને હાથ ઝાલી ઘસડીને બ્હાર કાઢી.

પતિની અને પોતાની છેવટની આશા પૂરી કરવા સેવકની સાથે પાછી સંચરી. કંપતે હૃદયે એણે મનમાં પ્રભુનુ ધ્યાન ધરી તથા મુખમાં એ ભીડભંજન ભગવાનનું નામ લઇ, ન્યાયાધીશને ઉમરે પગ મૂકયો.

પુષ્પઃ—૧૧ મું.

" ગરીબનું દીલ. "

" રસિક ! ત્હારી કાકી ક્યાં છે ? "

' ચંદ્રવદન ફાંસીની સજામાંથી બચી ગયો. અને સુધા ઘાયલ થઈ. ' એ સમાચાર પોતાની પ્રિય પત્નીને જણાવવા બંસીધર સુર્યપુરથી શ્રીપુર આવ્યો. ઘેર આવતાંજ તેણે દ્વાર અમસ્તા અડકાવેલાં જોયાં. માંહે ગૃહીણીને ન જોતાં તે તર્કવિતર્કમાં પડયો. અંતે પાડોશી—પુત્ર રસિકને બૂમ મારી બોલાવ્યા પછી તેણે ઉપરોક્ત પ્રશ્ન કર્યો.

"કાકા ! તમે ક્યાં ગયા હતા ? "

"દીકરી જમાઇને જોવા સૂર્યપુર."

"શી ખબર ?"

"ચંદ્રવદનને ફાંસીની સજા રદ થઇ છે. "

"અફસોસ ! પરન્તુ એ આનન્દના સમાચાર હવે કાકીને કાને કોણ પ્હોંચાડશે ? "

"કેમ ? ત્હારી કાકી ક્યાં છે ?"

"તેની મ્હને કશી ખબર નથી તમે ગયા, એ પછી એ પણ ઉશ્કેરાયલી હાલતમાં આ ઘરનું આંગણું છોડી ગયા."

"જેવી પ્રભુની ઈચ્છા. રસિક ! હવે હું પણ જાઉ છું. ત્હારી કાકી કદાચ, ન કરે નારાયણ, અને પાછી આવે,તો

એને આટલું કહેજે, કે:–"બંસીધર મરી ગયો છે. ત્હને પણ મરી જવાનું ફરમાવતો ગયો છે. એને મળવું હોય તેણે ઉપરની દુનિયામાં પધારવું."

રસિકને આ શબ્દો સંભળાવી દિવાનો બંસીધર જોત જોતામાં ચાલ્યો ગયો.

* * * * *

પોતાની પુત્રીને મળવા, અને જમાઈને ફાંસીની સજામાંથી છોડાવવા ઘર તજી નીકળેલી લીલાવતી એક ગાંડી ભિખારણના વેશમાં સૂર્યપુરના બજારમાં આવી ઉભી. જે કોઈ મળે, તેને એ એકજ સવાલ કરતી, અને પૂછતી,"ભાઇ ! મ્હને કોઇ ન્યાયાધિશ સાહેબનું ઘર બતાવશો ? મ્હારે ન્યાયની ફરિયાદ કરવી છે. મ્હને અન્યાય થયો છે."

પરન્તુ એક ભિખારણના મુખમાંથી નીકળતા આ શબ્દો ઉપર કોઈએ ધ્યાન ન આપ્યું. તમામ તેને ગાંડી ગણી હસવા લાગ્યું. લીલાવતી પણ આબાલવૃદ્ધ જે કોઇ મળે એને પોતાનો આ એકજ પ્રશ્ન પૂછતી ઘેરઘેર રખડી રહી હતી.

અંતે એક ભલા પુરૂષને લીલાવતીની દયા આવી. તેણે એ ભટકતી ભિખારણને ન્યાયાધીશના ઘરનો રસ્તો બતાવી દીધો. લીલા એનો આભારમાની ન્યાયાધીશને આંગણે આવી લાગી.

બારણે એક સેવક ઉભેલો હતો, તે આ ભીખારણને "અહીંથી આગળ જા." કહી રહ્યો હતો. જેને લીલાએ પત્થર પીગળે એવા કરૂણ શબ્દોમાં કહ્યું, "ભાઈ ! મ્હારે ન્યાયાધીશને

મળવું છે. એમને કહે, કે બ્હાર એક ભીખારણ આવેલી છે. તે તમને મળવા માગે છે."

પ્રિય પાઠક! જે વખતે લીલાવતી ન્યાયાધિશને મકાને આવી રહી હતી. તે વખતે પોતાની નીચ લાલસા પૂરી કરવા ન્યાયાધીશ સુંદર પોશાક પ્હેરી તૈયાર થઇ રહ્યો હતો. સહૃદય સેવકનું દીલ લીલાની આંખમાં આસુ જોતાં કંઇક પીગળ્યું. તેણે અંદર આવી પોતાના શેઠને આ સમાચાર સંભળાવી દીધા.

"કોણ છે વળી એ ભિખારણ? જા કહી દે કે હમણાં ફુરસદ નથી."

આજ્ઞાધીન સેવકે બ્હાર આવી લીલાવતીને મળેલો જવાબ કહી સંભળાવ્યો. સેવકના પગ પકડી લીલાવતી બોલી, "ભાઇ! મ્હને અંદર જવા દે. ભગવાન્ ત્હારૂં ભલું કરશે."

ન્યાયાધીશના ક્રોધનું કારણ થઇ પડતાં એ સેવક દીલમાં તો ડરતો હતો, છતાં લીલાની એ વિનંતી એણે ઇશ્વર ઉપર શ્રદ્ધા રાખી કબૂલી. લીલા! દિવાની લીલા! ભાગ્યહીન ભિખારણ દોડતી ન્યાયાધિશ પાસે આવી ઉભી. આ વેળા ન્યાયાધિશ સુધાના શયનખંડમાં જવા પ્હેલું પગલું ભરી રહ્યો હતો.

"સબૂર! ઓ ન્યાયાધિશ સાહેબ! હું આવી છું. મ્હારી એક વાત સાંભળતા જાવ."

"કોણ ?" પાછું ફરી ન્યાયાધિશે જોયું.

"એ તો હું. લીલાવતી ! એક ભીખારણ ! "

"કેમ આવી છે ?"

"ભીખ માગવા ઓ દયાળુ ન્યાયદેવતા ! હું તમારે પગે પડું છું. મ્હારૂં ઘર તમામ ભાંગી ગયું છે. કેવળ આ એક છેલ્લી આશા રહી છે. અને તે મ્હારો જમાઇ. એને મારી આપો."

"જમાઈ ? કોણ ત્હારો જમાઈ ?"

"ચંદ્રવદન."

"તું સુધાની માતા છે ?"

"હા."

"ઓહૂ ! અત્યારે ક્યાંથી આવો લાગી ? ઠીક થયું. જો સાંભળ ત્હારી પુત્રીએ પોતાનું પતિવ્રત મ્હને વેચી તેના બદલામાં તેના પતિ ચંદ્રવદનને ક્યારનોય છોડાવ્યો છે. અત્યારે હું ત્હારી પુત્રી પાસે, મ્હારી એ અભિલાષાજ પૂર્ણ કરવા જઇ રહ્યો છું. બોલ ! હવે ત્હારે શું કહેશું છે ? હા–હા–હા–હા–"

"ઓહ્ ઈશ્વર ! હું આ શું સાંભળું છુ ? સુધા મ્હારી કૂખ ! અને તે અપવિત્ર. હું આ વાત માનતીજ નથી."

"તો જો. નજરોનજર જોઈ ખાત્રી કર."

શયનખંડના દ્વાર ઉપરનો પડદો ન્યાયાધીશે થોડો ઉઘાડી નાખ્યો. પ્રતિજ્ઞા પૂર્ણ કરવા ન્યાયાધિશના શયન-

ખંડમાં લાખોના વસ્ત્રાલંકારથી સજ્જ થઇ સુધા ઉભી હતી. લીલાવતી તરફ તેની પૂંઠ હતી. એક દાસી આયનાની સ્હામે એને ઉભી રાખી એના વાળ ઓળી રહી હતી.

"કેમ જોયું ?" શું જોયું?" ન્યાયાધિશે લિલાવતીને પૂછયું.

"જોઈ લીધું. જીંદગીમાં જે જોવાનું બાકી હતું, તે પણ આખરની વખતે જોઈ લીધું."

"બસને! ત્યારે હવે પાછા પધારો."

"કયાં ? કયાં જાઉં ? હવે એમ નહી જાઉં ?"

"એટલે !"

"પૂછે છે શું ? ઓ નરાધમ ન્યાયાધિશ ! મ્હારી આ ગરીબડી ગાય જેવી દીકરીને આવાં ભયંકર પ્રતિજ્ઞાથી બાંધી, અવળે રસ્તે ઉતારનાર તુંજ છે."

"હા–હા–હુંજ છું. પણ તેનું છે શું ?"

"બદલો ! મ્હારી કૂખને કાળું કલંક લગાડનાર શયતાન! હું ત્હને શ્રાપ દઉં છું કે:–"તું તરફડી તરફડી અંતે કૂતરાને મ્હોતે મરજે."

અહીં લીલા એક અબળા છતાં પ્રબળા બની આવેશમાં આવી જઈ એકદમ ઉશ્કેરાઇ ગઈ. ન્યાયાધીશનો તોટો ઝાલી એને બોલતો બંધ કરી દેવા તે તેના શરીર ઉપર વિકાળ અને ઝનુની વાઘણની માફક ધસી ગઇ. "શયતાન નરરાક્ષસ ! ઓ વ્યભિચારી કુતરા ! સાવધ ! સાવધ થા ! ત્હારા આંતરડા ચીરી, મ્હારા હાથોને લોહીમાં ભિંજાવા દે. મ્હને હવે એ શાન્તિ જોઇએ છે. એ ભિક્ષા જોઇએ છે."

"અરે કોઇ હાજર !" ન્યાયાધિશે ગભરાઇને બુમ મારી.

બ્હાર ઉભેલો સેવક અંદર દોડી આવ્યો."આજ્ઞાસાહેબ!"

"આ ભિખારણને ધક્કો મ્હારી રસ્તામાં ફેંકી દયો. જાવ લઈ જાવ. જલ્દી કરો."

પરન્તુ એ સહૃદય સેવકના હાથ ન ઉપડયા. એના ચરણ લીલાની વિકાળ ચંડિકા મૂર્તિ જોતાંજ ચ્હોંટી ગયા. તે દીનશ્વરે ઘુંટણીએ પડી બોલ્યો, " પ્રભુ ! મ્હારાથી એ કામ નહી બને. "

"શું ? ત્હારો નોકર થઇને આ જવાબ દે છે ?"

"સાહેબ ! બીજું બધું હું કરી શકીશ. પરંતુ સ્રીઓ ઉપર મ્હારા હાથ નથી ઉપડયા, અને નહી ઉપડે.

"તો ચાલતો થા. ત્હારા જેવા બાયલાની નોકરીનું મ્હને મુદ્દલ કામ નથી."

"ભલે ! પાંચ બ્હેનનું પેટ પોષવા ખાતર આવું પાપ કરવું ? ના. ના. કેટલા વખતને માટે ? કેટલી જીંદગીને માટે ? સાહેબ !

ભટકશું, ભીખ માગીશુ, અગર ભૂખ્યા મરી જઈશું.
પરન્તુ નામના સારી તમારાથી કરી જઈશું.
અમારો દાખલો જગની નજર આગળ ધરી જઈશું.
તમે જો જો ! અમે તો કીર્તિના ભાથા ભરી જઇશું.

નોકરી કરવી તો કદરદાન માલીકની ! તમારા જેવા વ્યભિચારી સ્વામીની નોકરીમાંથી આખરે પાપનોજ હિસ્સો ઇનામમાં મળશે.

થઈને ભિખારી ! ખાંધ પર ઝોળી ભરાવો ભીખની,
પણુ નોકરી કરકો ન (આવા) કોઈ બેકદર માલીકની.
દાનત બગાડે જોઈ જે....પર–સ્ત્રી પરાઈ–છોકરી,
શયતાન એવા શેઠની....ધિક્કાર કરવી નોકરી.
ઉત્તમ ! મજૂર બની (એથી, ઉંચકવો કાષ્ઠનો ભારો,
પણુ નોકરી (આવા) પાપાત્માની ઠોકરે મારો. "
"તો જા. હું પણુ ત્હને ઠોકરે મારૂં છું. "

ન્યાયાધિશે એ ગરીબ સેવકને ધક્કો મારી દરવાજા બ્હાર કાઢી મુકયો. લીલાને તેણે પકડી, "બોલ' તું પણુ બ્હાર જાય છે કે નહી ?"

"ત્હારો જીવ લીધા વિના હું અહીથી એક ડગલું પણુ દૂર નથી જવાની."

"તો તું પણુ મ્હારી સત્તાનો સ્વાદ ચાખતી જા."

બીજા બે સેવકોને ન્યાયાધીશે બુમ મારી બોલાવ્યા. નિર્દય ન્યાયાધિશે તેમને પોતાની કડક અને કઠોર આજ્ઞા સંભળાવી દીધી, રાક્ષસી હૃદયના આ સેવકો શેઠને સારૂં લગાડવા લીલાવતીને ઉપાડી બ્હાર આવ્યા.

નિષ્ઠુર ન્યાયાધિશના એ બેરહમ સેવકોએ પણ પોતાના સ્વામીની આજ્ઞાનું અક્ષરશઃ પાલન કર્યું. ઉંચા પગથીયા ઉપરથી રબરનો દડો જેમ નીચે જમીન ઉપર હસતા હસતા ફેંકી દઈએ, તેમ લીલાવતીને તેમણે અફાળી મૂકી.

"શું થયું ?" એ તેમને જોવાની જરૂર ન્હોતી. પગ-

થીઆનો જબરો પત્થર વાગવાથી એનુ માથુ ફુટી ગયું. પીઠનું હાડકું ભાંગી ગયું. આખું શરીર છોલાઈ, લોહી લોહાણ થઇ ગયું. અનાથ **લીલાવતી** નિર્દય ન્યાયાધીશના —જુલ્મી સત્તાધીશના આંગણામાં શરીરની શુદ્ધિ ખોઇ અર્ધ નગ્નાવસ્થામાં જમીન ઉપર ચત્તિપાટ પડી.

\+ \+ \+ \+

આ સમયે રાત્રી પડી ચૂકી હતી. **લીલાવતીની** કોણ સંભાળ લે ? પણ પેલો સહૃદય સેવક ! ન્યાયાધીશથી હંકાએલો નિર્દોષ નોકર ! નિરાધાર **લીલાની** વ્હારે આ વેળા ધાયો. પોતાને એક ગરીબ વૃદ્ધ માતા, અને પ્રિય પત્ની સિવાય બીજું કોઈ નહોતું. દુઃખના ખોળમાં ઉછરેલો આ દયાળુ સેવક કે જેનું નામ **દયાવીર** હતું, પોતાના ન્હાના સરખા મકાનમાં લીલાને ઉંચકી લઇ ગયો. મા—દીકરી અને વહૂની ગરીબ ત્રિપુટીએ બેશુદ્ધ લીલાની સપ્રેમ સેવાચાકરી કરવા માંડી. એક અમીરનું દીલ કેવું ? જ્યારે એક **ગરીબનું દીલ** કેવું ?

* * * *

બીજા દિવસનું પરોઢ ફાટયું. મળસ્કામાંજ બંસીધર ન્યાયાધીશને મકાને આવી પ્હોંચ્યો. ભ્હાલ સેવક ઉભેલો હતો, તેને કહ્યું. "મ્હારે ન્યાયાધીશને મળવું છે "

"શું કામ છે ? એઓ આજે નહી મળી શકે."

"કારણ ?"

" એમની તબીયત સારી નથી. "

" શું થયું છે ?"

" પણ તમારે શું કામ છે ? તે તો કહો ?"

" હું ચંદ્રવદનનો સાસરો થાઉં છું. મ્હારૂં નામ બંસીધર. ન્યાયાધિશને જઇ એટલુંજ કહો કે જે છોકરીને તમે વધસ્થાનમાંથી ઘાયલ સ્થિતિમાં મોટરમાં નાખી ઘેર લઇ આવ્યા છો, એનો પિતા એને મળવા અને લેવા આવ્યો છે."

તમે સુધાની વાત કરો છો ? "

"હા—હા એજ. હુંજ એનો અભાગી પિતા !"

" એ તો કાલે રાત્રેજ મરી ગઈ. "

" મરી ગઈ ? હેં ? કેવી રીતે ?"

" આપઘાત કરીને ?"

" આપઘાત કરવાનું કારણ. "

" એ બધી વાતની મ્હને ખબર નથી. "

" એને અગ્નિસંસ્કાર તો હજુ નથી થયોને ?"

" ના પણ હું ધારૂં છું કે મ્હારા શેઠ અત્યારે એજ કાર્ય કરી રહ્યા હશે. "

" તો....જવા દે. ભાઇ ! મ્હને છેલ્લવેલ્લું મ્હારી એ છેલ્લી પુત્રીનું મોડું જોઈ લેવા દે. "

" ઉભા રહો....હું અંદર જઇ મ્હારા શેઠને એ વાતની ખબર કરૂં. "

નોકર ગયો. તેને પાછા ફરતાં જરા વાર થઇ. હવે બંસીધરનું દીલ ધૈર્ય ન ધારી શક્યું. તે વગર રજાએ મકાનમાં દાખલ થયો.

પુષ્પઃ-૧૨ મું.

" પ્રાયશ્ચિત્ત. "

સેવિકા સંધ્યા, આછા અંધકારના રંગોવડે કૃષ્ણ-સ્વસ્તિકો જગત્‌ને આંગણે પૂરી રહી, એટલે શશિદેવની પ્રિય સુગર્ભા દેવી શર્વરીએ સામ્રાજ્ય શાસનાર્થે જવા પ્રિય સાહેલી ચંદ્રિકાને લઇ ગગનદ્વારમાંથી બ્હાર પગ મૂક્યો. શશિદેવ સુધા વર્ષાવતાં આકાશ મ્હેલમાં તારાગણો રૂપી સૈન્યની કવાયત લેવામાં રોકાયા, એ દરમ્યાન પતિદેવની આજ્ઞા લઇ રજની અને ચંદ્રિકા સૃષ્ટિ ઉપર આનંદ-વિહાર કરવા ઉતરી પડયા. સખીઓમાં સંતાકુકડીની રમત શરૂ થઇ. શ્વેત-અભ્રને ઓથે રહી શશિદેવ આ નિર્દોષ રમતગમત જોઇ રહ્યા હતા. ચંદ્રિકાને માથે દાવ હતો. સંધ્યા અને શર્વરી ઉભય લપાઇ ગયાં હતાં. અર્થાત્ રાત્રિ હોવા છતાં શુકલપક્ષ હોવાને લીધે, ચંદ્રિકાનો નિર્મળ ધવલ પ્રકાશ સારી સૃષ્ટિ ઉપર સફેદ ચાદર ઓઢાડી રહ્યો હતો.

ન્યાયાધીશની આજ્ઞાથી એક દાસીએ સુધાને અણમૂલ

વસ્ત્રાલંકારો સજાવી સણુગારી. પોતાની પાપી વાસના પૂરી કરવા ઉત્સુક અને અધીરો બનેલો શ્રીમાન્ તથા સત્તાધીશ શયતાન સારી રીતે બનીઠની એ શણુગારેલા શયનખંડમાં વખત થતાં આવી પહોંચ્યો. લીલાવતીને ધક્કો મારી ઓટલેથી ફેંકી દીધાને એક કલાકનો સમય થયો હશે !

સુધા આ સમયે મશરૂની પોચી શ્વેત શય્યા બિછાવેલી સુશોભિત પલંગ ઉપર ચત્તિપાટ પડેલી હતી. તેની આંખો બંધ હતી. એ ઉંઘી ગઇ હતી. સમજી લ્યો કે સદાને માટે !

એના નૌતમ ચીરો ચોળાઇ-ચુંથાઇ ગયા હતા. ગજરો બાંધી સુન્દર કુમ્ કુમનો લીસો થઇ ગયો હતો. કંઠ હાથ, અને પગના અમૂલ્ય અલંકારો પણ વસ્ત્રની માફકજ અવ્યવસ્ત થઇ ગયા હતા.

શયનખંડમાં પહેલુંજ પગલું મૂકતાં આ ભયંકર દેખાવ એ નરાધમ ન્યાયાધીશની આંખે પડયો. જોયું. જોતાંજ એ કંપ્યો. ધ્રૂજતા પગે એ પલંગ પાસે આવ્યો. ધડકતા દીલે; પોતાનો ડગમગતો, અપવિત્ર હાથ એ પવિત્ર બાળાના હ્રદય પ્રવેશ ઉપર અને કપાળે મૂકયો. શરીર ઠંડુ થઇ ગયું હતું. લાલાશને બદલે શ્યામતા છવરાઇ ગઇ હતી. તેનામાં નહિ જેવું ચૈનન્ય હતું. એનો જીવન-દીપક જો કે બુઝાઇજ ગયો હતો, પરન્તુ ઝાંખી પડતી પ્રાણ-દીવેટ છેવટનો લાલપ્રકાશ પલકને માટે નાખી રહી હતી.

ગભરાયલો ન્યાયાધિશ દોડયો. ગુલાબજળની સીસી

લાવી તેણે સુધાના વદનકમળ ઉપર ઉંધી વાળી. હોલવાતો અંગારો જેમ છેલ્લી ફુંકથી એકવાર એકદમ વીજળીની માફક ચમકારો મારી ઠરી જાય છે, તેમ સુધાની જીવન-જ્યોત પણ...." ઓહ....પ્ર....ભુ! પ....તિ....દે....વતા! હું પવિત્ર.... ને...નિર્દોષ છું....મ્હેં...." કે'તા બુજાઈ ગઈ.

તેની જીભ ખેંચાઇ ગઈ. આંખો મીંચાઇ ગઇ. મોઢું ખુલ્લું રહી ગયું. પ્રભુના ધામમાં એ પવિત્રતાની પ્રતિમા પ્હોંચી ગઈ. સતી ધર્મને કલંક-ડાઘ લાગતા પ્હેલાં! સ્વામીનાથના અંતિમ શબ્દો સંભારીને એણે આપઘાત કરી નાખ્યો. એના સતીધર્મ અને શિયળ સંરક્ષાયા હતાં. પતિ પ્રતિનો ધર્મ પણ બજાવાઈ ચૂકયો હતો. કુળ, કૂખ, કીર્તિ અને નામ ચારે નિષ્કલંકીત રહ્યા હતા.

ગમે એવા કઠણ કાળજાના પાપાત્માઓ કે જેઓ દ્રષ્ટાંતથી નથી પલળતાં, નથી સુધરતાં, નથી સમજતાં, તેઓ પણ આવા પ્રસંગો નજરોનજર નિહાળતાં ઘણી વાર સુધરી જાય છે. અત્રે પણ એમજ બન્યું. ન્યાયાધીશનો કામ-વિકાર સુધાના આત્મસમર્પણે આલ્યો ગયો. તેનું જીવન અને હૃદય બંને પલટયાં. આંખો ભીની થઈ ગઇ. બે હાથો વચ્ચે માથું દાબી તે જમીન ઉપર અવનત મુખે જોઇ રહ્યો. તેનું પાપી દિલ હવે તેને ડંખી રહ્યું હતું. "ઓ અભાગી આત્મ! ત્હેં આ શું સાહસ કર્યું?"

એકાએક ન્યાયાધિશની નજર મૃત સુધાના શરીર ઉપર

પડી, તેના જમણા હાથમાં એક બંધ પરબીડીયું હતું. તેની ઉપર એટલા શબ્દો લખેલા હતા કેઃ-

મ્હારા ભૂલેલા ભાઈને !

—: તેની :—

" આ પવિત્ર બ્હેન તરફથી. "

" ભૂલેલો ભાઈ ? તે હું પોતેજ નરાધમ !" ન્યાયાધીશે કવર ફાડયું. માંહે બે પત્રો હતા. એક ઉપર પોતાનું નામ અને બીજા ઉપર " મ્હારા પ્રિય પતિદેવના ચરણ કમળમાં. " આટલાં શબ્દો લખેલા હતા. ન્યાયાધિશે ધ્રુજતે હાથે પોતાની ઉપરનો પત્ર ઉઘાડયો. વાંચ્યો,

ભૂલેલા ન્યાયાધિકારી ભાઇ ?

મ્હારા મૃત્યુથી જો ત્હારી આંખો ખુલી ગઇ હોય, ત્હારા હૃદયમાં દયા, તથા પાપ, અને પ્રભુનો ડર ઉત્પન્ન થયો હોય, તો મન વચનમાં કરેલું એ કાળું પાપ ! મ્હારી માફક ! પશ્ચાત્તાપ કરી ધોવાને તૈયાર થજે. મ્હેં મુદ્રિકા ચુસી આપઘાત કર્યો છે. ત્હને જો મ્હારે માટે કાંઇ પણ લાગે તો ! નહિ તો છેવટ ઇશ્વરને ખાતર ! એટલું આજીજીપૂર્વક માગી લઉં છું, કે આ સાથે બીડેલો બીજો પત્ર મ્હારા અભાગીનીના, દુઃખીયા પતિદેવનું હૈયું બાળવા હાથોહાથ પ્હોંચાડજે. એજ.

લી. ત્હારી પવિત્ર બ્હેન 'સુધા.'

પત્ર પૂરો વાંચ્યો. વાંચતાંજ હાથમાંથી સરી હેઠે પડી ગયો. એક હાય ! મારી તે જમીન ઉપર બેસી ઘયો. "ઓ પ્રભુ !" તેના પાપી મુખમાંથી પ્રથમ વાર પ્રભુનુ પવિત્ર નામ નીકળ્યું.

* * * *

રાત્રિ જોતજોતામાં પૂરી થઇ. ન્યાયાધિશ શબને કેમ ઠેકાણે કરવું ? એજ વિચારમાં ઘોળાતો હતો ત્યાં પ્રભાતના આછા અજવાળાં પડયાં.

" સાહેબ ! બ્હાર સુધા બ્હેનના પિતા બંસીધર આવેલા છે. તેઓ તમને મળવા માગે છે. " નોકરે આવી સમાચાર આપ્યા.

સેવક આવ્યો, એટલે ન્યાયાધિશે ઉંચું જોયું. મળસ્કુ થયાનું તેને ભાન થયું. તે ચોંકીને બોલ્યો, "કોણ આવ્યું ? બંસીધર ! હવે શું થશે ? જા...જા...એને....ના કહી દે.... કહી નાખ કે એ ઘરમાં નથી. "

પાપ છૂપાવવા ગભરાયલા ન્યાયાધીશે સુધાના શબ ઉપર એક લુગડું ઓઢાડી દીધું. નોકર પાછો ફરે તે પ્હેલાં તો બંસીધર ન્યાયાધીશને શોધતો તે ઓરડામાં આવી પ્હોંચ્યો.

"કોણ ? બંસીધર !"

"જી—હા."

"આમ અત્યારમાં ? આ વખતે એકાએક અહીં આવવાનુ કારણ ?"

"મ્હારી પુત્રીને મળવા. ન્યાયાધિશ સાહેબ! તમે એક ઉપકાર કરી મ્હારા જમાઇને ફાંસીની સજામાંથી છોડાવ્યો છે. બીજો ઉપકાર મ્હારી ઘાયલ પુત્રીને તમારે ત્યાં આણી કીધો છે. હવે ત્રીજો ઉપકાર એ મ્હને સહીસલામ સોંપી કરો. આ બંસીધર તમને જીંદગીભર નહી ભૂલે."

"સુધા! અફસોસ! એતો પોતાની ફરજ બચાવી ચાલતી થઇ."

"એટલે શું મરી ગઈ?"

"હા! બંસીધર! મ્હોત આગળ કોઇનો ઇલાજ નથી."

"પરન્તુ ક્યારે? ક્યાં?"

"અત્યારેજ, અને અહીંયાજ."

"ક્યાં છે? મ્હને બતાવો તો ખરા!"

"પેલી રહી. જાવ. પાસે જઈ, એને બરાબર જોવી હોય એટલી ધરાઇ ધરાઇને જોઈ લ્યો. એ હવે મ્હારી, તમારી કે કોઇની પણ નથી રહી. એને ધારીધારીને જોવામાં હવે પૂણ્ય પણ નથી તેમ પાપ પણ નથી."

પાગલ પિતા દોડયો. ઓઢાડેલું વસ્ત્ર ખેંચી લીધું શું જોયું? ભરચક વસ્ત્રાલંકારોથી વિભૂષિત છતાં કેમ જાણે બળાત્કારથી ચુંથાયલું શબ ન હોય! બંસીધરના રૂંવેરૂંવા હાલી ઉઠયાં. એ આ ભયાનક દેખાવ વધારે વાર ન જોઇ શકયો. એક ડગલું પાછળ હઠી એણે ન્યાયાધીશને ખભામાંથી પકડી હલાવ્યો. "કેવી રીતે મરી?"

"ચંદ્રની સજા ફાંસીમાંથી ફેરવાઇ કાળાપાણીની થઈ, એટલું પણ એનું કોમળ હૃદય ન સહી શકયું. એટલે છેવટ આપઘાત કીધો."

"પણ કેવી રીતે ?"

"તેનીજ મ્હને પણ સમજણ પડતી નથી."

"બસ કરો, ન્યાયાધિશ સાહેબ ! શું તમે મ્હને આંધળો માનો છો? છેકજ મૂર્ખ સમજો છો? શું હું હજુ તમારે મન ન્હાનો દૂધ પીતો બાળક છું ?"

"કોણે કહ્યું ?"

"તો પછી જવાબ આપો. બનાવવાની વાત છોડી દયો. તમારાં એ બ્હાનાં મ્હારી પાસે ! જમાનાના અને સંસારના સજજડ અનુભવી પાસે જરા પણ નહી ચાલે. સમજ્યા."

"સમજયો."

"તો બતાવો, એના શરીર ઉપર આ વસ્ત્ર ! આ ઘરેણાં ! કેવાં ? કયાંથી આવ્યા ? કોના છે ? કોણે પહેરાવ્યાં ?"

ન્યાયાધિશ આનો જવાબ આપતાં ગુંચવાઇ ગયો. તેની જીભે ગોટા વળવા માંડયા. વાણી તૂટવા લાગી. પગ ધ્રુજવા લાગ્યા. "તે તે .... તે .... ની મ્હને કંઇજ પણ ખબર નથી."

"જુઠું બોલો છો. આમાં કાંઈ છૂપો ભેદ છે. મ્હને તો સુધાના મ્હોતમાં તમારોજ હાથ લાગે છે મ્હારી છો-

કરી ઉપર તમે બળાત્કાર કીધો હોય, એમ એના આ વેશ, પોશાક, અને છિન્નભિન્ન હાલત ઉપરથી સાફસાફ માલમ પડે છે. "

" બંસીધર ! વિચારીને બોલો. તમે કોના ઉપર આ આરોપ મૂકો છો ? " પોતાના શેઠનું તાણવા ન્યાયાધિશ તરફથી પેલો નોકર બોલ્યો. " ખાય તેનું ગાય."

" રહે રહે ! તું દોઢ ડાહ્યો થા મા. બ્હાર જા. તમારા લોકોની સોનેરી જાળ મારી પાસે નહી બિછાવાય."

" પણ મ્હારા ઉપર શા આધારે આરોપ મૂકો છો ? " ન્યાયાધિશ નોકરની હુંફે હવે જરા ખખડીને બોલ્યો.

" તમારા નહી પણ હવે ત્હારા ! ઓ વ્યભિચારી કૂતરા ! કામના ગુલામ ! દગાખોર નર–પિશાચ ! આ ત્હારા અધમ અત્યાચારનુંજ પરિણામ છે, એમાં શક નથી. મ્હારી સુધાએ ત્હારી કામવાસનાનો ભોગ થતાં બચવાનેજ આ રસ્તો લીધો છે."

એટલામાં એની નજર ન્યાયાધિશના હાથમાંથી સરી તેના પગ પાસે પડેલા પત્ર ઉપર ગઇ. બંસીધરે તે ઉપાડ્યો. વાંચી લીધો ન્યાયાધિશનું પાપ પકડાઇ ગયું.

" લે આ સાબીતી. આ પૂરાવો ! હવે શું કહેવા માગે છે ? આ મ્હારી સુધાના હસ્તાક્ષર ! વીંટી ચૂસી આપઘાત કરવાનું કારણ આ પત્રમાંથી સ્હેજે સમજાય એવું

છે. છતાં જુઠું બોલી મ્હને ઠગે છે? બોલ...સાચું બોલ. નહી. તો ત્હારૂં ગળું દબાવી દઇશ."

બંસીધરે સિંહ–સમાન ત્રાપ મારી શિકારની માફક ન્યાયાધિશને બોચીમાંથી ઝાલ્યો. ન્યાયાધિશે બચાવ માટે બૂમાબૂમ કરી મૂકી. ઘરમાંના તમામ નોકરો ત્યાં આવી લાગ્યા. બંસીધર તેમના હાથમાં સપડાઈ ગયો.

"જાવ લઇ જાવ બદમાશ પાગલને ધક્કો મારી બહાર ફેંકી દયો."

"હું પાગલ અને બદમાશ! કેમ! ઠીક છે! ઠીક છે! ઓ દયા, ધર્મ ને સત્યની સાક્ષાત મૂર્તિ!....હા....શું કરૂં? હું નિર્ધન છું, તું ધનવાન છે. હું લાચાર છું, તું સત્તાધીશ છે; નહીતો અત્યારેજ, આ ક્ષણેજ, ત્હને ત્હારા આ કાર્યનો અંજામ બતાવી આપતે. પરંતુ અફસોસ! તેમ નથી. છતાં ઇશ્વર ત્હને આ ત્હારા અઘોર કૃત્યનો બદલો આપવો નહીંજ ચૂકે. પ્રભુની ઇચ્છા હશે તો આપણે એક વખત ફરી મળીશું, તે વેળા અકકેકને જોઇ લઈશું. આજે નથી ખ્હેચાયું, તે તે વેળા-ભવિષ્યમાં બરાબર ખ્હેંચી લઈશું."

× × × × +

ન્યાયાધિશના નોકરો વડે ધકકો મારી બ્હાર કઢાયલા બંસીધરના મુખમાંથી એટલાજ શબ્દો બ્હાર પડયા, કે:— "સુધા! સુધા! પતિને બચાવવા તું જુઠું બોલી હતી, તેનું આ યોગ્ય પ્રાયશ્ચિત થઈ ચૂકયું છે."

એક ડગલું તે આગળ વધ્યો, એટલામાં ત્યાંથી પસાર થતાં એક માણસને કાને બંસીધરના આ અંતિમ શબ્દો પડયાં, "મ્હારી લીલા આ વાત જાણશે! કે સુધા સ્વધામે સંચરી છે, ત્યારે....હાય...."

પેલો માણસ થોભ્યો, બંસીધરની પાસે આવ્યો. "ભાઇ! તમે હમણાં શું બોલ્યા? ફરીથી બોલો જોઉં? "લીલા! એ કોણ?"

બંસીધરે પોતાની ટુંક ઓળખાણ આ અજાણ્યા જીજ્ઞાસુને આપી. તુર્તજ તે બોલ્યો, "ત્યારે તો ભાઇ! તમેજ. મ્હને તમારૂંજ કામ છે. ઠીક થયું કે તમે અહીંજ મળી ગયા. પ્રભુ પણ મ્હેરબાન લાગે છે."

"એવું શું છે?"

"આપની સ્ત્રી લીલાવતી મ્હારે ત્યાં મરણ પથારીએ પડેલી છે. હું એમને માટે દવા લેવા જઇ રહ્યો છું. એમને શ્રીમુખે મ્હેં તમારૂં નામ સાંભળ્યું છે તેઓ પોતાના પતિનું એટલે તમારૂં મુખ મરતાં પ્હેલાં એકવાર જોવા વલખાં મારી રહ્યાં છે. મહાશય! કૃપા કરી પધારો."

"લીલા! અને તે સુર્યપુરમાં? ઓ પ્રભુ! ત્હારી કેવી લીલા? ભાઈ! તમે કોણ? તમારે ત્યાં મ્હારી એ અભાગીની પત્ની કયાંથી આવી ચઢી?"

"એ બધું હું તમને ત્યાં ગયા પછી નિરાંતે કહીશ."

બંસીધરને લઇ દયાધર પોતાને ઘેર ગયો.

× + × × ×

સુધાના શબને ન્યાયાધિશે અંતિમ અગ્નિદાહ દીધો. પેલો પત્ર ચંદ્રને આપવો કે નહી ?. એ વિચાર થયો. છેવટ ધોવાય એટલું પાપ ધોઇ નાખવા તેણે નિશ્ચય કર્યો. તાબડ-તોબ મોટરમાં બેસી, પત્ર લઈ તે કારાગૃહે ગયો.

" ચંદ્ર ! "

" કોણ ? ન્યાયાધીશ ! "

" હા ! કેમ આનન્દમાં તો છે ને ? "

" કારાગૃહમાં ગોંધાયા પછી એવો પ્રશ્નજ કરવાનો કયાં રહ્યો ? છતાં આપની કૃપાથી મને અહીં પણ આનંદજ છે. કહો મ્હારી સુધાની શી ખબર છે ? "

" ત્હારી સુધા પોતાની ફરજ પુરી કરી...ગઈ. "

" ગઇ ? હા ! મ્હને ખબરજ હતી, પરન્તુ મ્હને મુકીને ? "

" લે ! આ ત્હારી પ્રિયતમાનો છેવટનો સંદેશ. "

ન્યાયાધીશે ગજવામાંથી પત્ર કાઢી ફેંકયો. ચંદ્રે એને વારંવાર ચુમી આંખે અને છાતીએ લગાડયો. હરખભેર વાંચવા માંડયો. વાંચ્યો. ફરી વાંચ્યો. વાંચ્યા પછી તે તેના હાથમાં ન રહ્યો. નીચે પડી ગયો.

" ઓ ! મ્હારી પવિત્ર પ્રિયતમા ! ત્હેં આ શું કર્યું ? મારો કંઇ તો વિચાર કરવો હતો ? હાય ! જનારી તું તો ગઇ ! પણ હવે મારૂં શું ? "

પુષ્પ:—૧૩ મું.

"બળતામાં ઘી."

દયાધરના એક પુરાણા પલંગ ઉપર અત્યારે મૃત્યુનો છેવટનો શ્વાસ લેતી લીલાવતી પડેલી હતી. તેની એક બાજુએ દયાધરની સુશિક્ષ ભાર્યા સુલક્ષણા બેઠી હતી કંઇક ભાનમાં આવતાં લીલા બડબડી.

" બ્હેન ! મ્હારા પતિ આવ્યા ? એમની ભાળ મળી?"

"મ્હારો દયાધર એમની શોધમાં ગયો છે. : એ હમણાંજ આવશે," ડોશીએ દિલાસો દીધો.

એટલામાં બારણા ઉઘડયા. દયાધર બંસીધરને :લઇ અંદર આવ્યો "જુઓ ! તમારી લીલાની દશા તો નિહાળો!" દયાધરે બંસીધરને અચેતન લીલાવતીને બતાવતાં કહ્યું.

"લીલા! મ્હારી લીલા ! ત્હારી આ શું દશા ?" કહી બંસીધરે પલંગમાં પડેલી લીલાના બંને હાથ પોતાના હાથમાં લઈ લીધા.

લીલાની આંખો ઉઘડી ગઈ. પતિદેવને તેણે પ્રેમાળ નેત્રોએ ધરાઇ ધરાઇને જોઈ લીધા. તેનાથી એટલુંજ બોલાયું " તમે આવ્યા ?"

" હા, હું આવ્યો છું, લીલા ! તું અહીં ક્યાંથી ?"

"તે મ્હને પૂછો " કહી દયાધરે પોતાની તથા લીલા-

વતીને રૂબરૂમુખે સાંભળેલી વાત બંસીધરને કહી સંભળાવી નફટ ન્યાયાધિશેજ પોતાની પ્રેમાળ ભાર્યાની આ દશા આણી છે, એ સાંભળતાં બંસીધરનો ક્રોધ કાબુમાં ન રહ્યો. તે ગર્જી ઉઠયો, "લીલા મ્હારી લીલા ! ત્હારા આ અપમાનનો બદલો આ બંસીધર બરાબર લેશે."

"ભાઈ શાન્ત થાવ," દયાધરે એને શાન્ત પાડવા માંડયો.

"હવે શાન્તિ ! પેલા ભવે !

બહુ વેઠયું, હવે હાર્યો ! બધી હિંમત સરી ગઇ છે,
છવાઈ શોકની છાયા હવે શાન્તિ મરી ગઈ છે.
સહનશિલતા અને ધીરજ વિધાતા ! એ હરી ગઇ છે,
જગતમાં ન્યાય નહી જોતાં મતિ મ્હારી ફરી ગઇ છે,

દયાધર ! દયાધર ! હું તો ધારતો હતો, કે:—
જગતમાં ન્યાય નિતિ છે, પરન્તુ હાય ! કૈં નથથી,
પ્રભુને ઓળખી ચાલ્યો છતાં ઇન્સાફ પણ નથથી,
રચી છે ઇશ્વરે આલમ છતાં ઇશ્વર નથી એમાં,
ધુતારાએ ભરી ધરતી પછી ધર્મી રહે શેમાં ?
જો !

વ્યાપી રહ્યા છે વિશ્વના અણુ માત્રમાં અવનીશ એ,
તો કેમ એ જોતા નથી આ નીચ ન્યાયાધીશને ?
સત્તા અને સંપત્તીનું અભિમાન એની આંખમાં,
પણ કયાં ખબર છે ! ભલભલા રોળાઇ સૂતા રાખમાં"

"વ્હાલા ! મ્હારી સુધાની શું ખબર છે ?"

"ગઈ. એ ત્હારી અભાગી દીકરી પણ એજ કર્મચંડાળના પાપે પરલોક પહોંચી ગઈ."

"હાય ! એ દીકરીએ મ્હારી કૂખ લજવી,"

"કોણ કહે છે ? લીલા ! ત્હારી દીકરીનું મ્હોં હું જોઈનેજ ચાલ્યો આવું છું, એ લંપટ ન્યાયાધીશ એના પવિત્ર અંગને સ્પર્શ કરે, એ પ્હેલાં તો એ આપઘાત કરી આ દુનિયા છોડી ગઈ છે, નીચ નરાધમની ધારણા ધુળમાં મળી છે, મ્હારૂં નામ અને ત્હારી કૂખ બંને નિષ્કલંકીત રહ્યાં છે."

સુધાના મ્હોતના આઘાતે લીલાના હૃદય ઉપર ભારે અસર થઈ, પોતાની પુત્રીએ પવિત્રતા રક્ષવા પ્રાણ સમર્પ્યો છે, એ છેવટનો બોલ સાંભળી; તેણે પતિનું મુખદર્શન કરી પ્રાણ છોડયો.

સુધાના તાજા હૃદયાઘાત ઉપર લીલાદેવીના મૃત્યુનો ફટકો બંસીધરથી ન સહેવાયો એક તો તે ઉપરા ઉપરી પ્રિયના મૃત્યુ ઘાથી બળી રહ્યો હતો, તેમાં પત્નીના મૃત્યુએ બળતામાં ઘીની ગરજ સારી, "ઓ લીલા ! લીલા ! દેવી ! દુનિયામાં મ્હને એકલો છોડી તું કયાં ગઈ ? હાય ! તમે બધાંય એક પછી એક ચાલતા થયા. કોઈ પણ મ્હારી ઓથે ન રહ્યું, મ્હને મ્હોત ન આવ્યું, હું એકલોજ રહી ગયો."

તે વારંવાર લીલાના શબ ઉપર પડયો. આ તેનું

છેલ્લુંજ પ્રિય-મૃત્યુ હતું, જેની ઉપર તે આંસુ વેરી રહ્યો હતો દયાધરે એને વાર્યો.

"બહુ થયું, બંસીધરભાઈ! તમે આમ કલ્પાંત શું કરો છો? જેનો દોર પ્રભુના હાથમાં છે, ત્યાં આપણો શો ઉપાય ચાલે એમ છે? જન્મ્યું એ જવાનુંજ, અને ખીલ્યું તે ખરવાનુંજ એનો હરખ શોક શો કરવો?"

"એ બધુંય મન મનાવા માટે! દયાધર! દયાધર! મ્હારા બ્હોળા કુટુંબમાંથી આજે હું એકલોજ બાકી રહ્યો, નિષ્ઠુર હિન્દુ સમાજે મ્હારી સ્વર્ગિય આશાઓ! અને સોનેરી સંસાર-સ્વપ્નાઓ છુંદી નાખ્યા, હું પણ આપઘાત કરી હવે છૂટો થાઉ ના, ના મ્હારે તો હજુ એ નરાધમ ન્યાયાધીશને બદલો આપવો છે, દયાધર! મ્હારી લીલાના શબને તમે અગ્નિદાહ દેજો, હું જાઉં છું, હવે મ્હારી પાછળ રડનાર કે ખાનાર કોઈ નથી, મ્હારી માલ-મીલકત જે કંઈ શ્રીનગરમાં છે, તે તમામ હું તમને સોંપું છું, તમારા કરેલા આ ઉપકારના ઋણમાંથી છૂટો થાઉં છું, જીવીશ તો પાછો મળીશ, નહી તો હવે છેલ્લા રામરામ,"

દયાધરને પોતાનો પૈસો, તથા પ્રમદાનું શબ સોંપી દીવાનો અને ઉશ્કેરાયલો બંસીધર ન્યાયાધીશની ખબર લેવા આંખના પલકારામાં ત્યાંથી ચાલ્યો ગયો.

પુષ્પ:—૧૪ મું.

" પ્રિયતમાની પાછળ."

આપની અભાગીની ચરણકિંકરીનો આ અંતિમ પત્ર છે. પ્રભુ ! આપના શબ્દો મ્હેં યથાર્થ પાળ્યાં છે. પવિત્રતા નષ્ટ થતાં પ્હેલાંજ મ્હેં આત્મહત્યા કરી પ્રાણ વિસર્જન કર્યો છે. આપને આ પત્ર પ્હોંચશે, ત્યારે તમારી સુધા આ દુનિયામાં નહી હોય ! હું ઉપર જઇ, ત્યાં તમારી રાહ જોઉ છું. સત્વર આવી મ્હને મળજો. મ્હારા નાથ ! આંખમાં આસુના ધોધ ઉભરાય છે. નથી લખાતું હાથ પણ ધ્રુજે છે, કદી કદી આ દાસીને સંભારતા રહેજો. મરતાંયે તમારૂં નામ હોઠેથી નથી હઠયું. હૈયેથી નથી ખસ્યુ, તમારૂં શુભ નામ લઈ હું તમને, અને તમામને છોડી જાઉં છું. એજ.

લી. તમારી પવિત્ર સુધાના પ્રણામ.

આજ પત્ર કે જે મરતાં મરતાં સુધા પોતાના પતિ-દેવની ઉપર લખી ગઇ હતી, આ તેજ પત્ર જે કારાગૃહમાં ચંદ્રવદન વાંચી ચૂકયો હતો. આ એજ પત્ર કે જે તેને બેહોશ બનાવી ધરણી ઢાળી નાખી, પોતે પણ નીચે ઢળી પડયો હતો.

ચંદ્રવદન પુન: ઉભો થયો. ફરી એ પત્ર હાથમાં લીધો ફરીથી વાંચ્યો. તે ન ધરાયો તેની આંખોમાંથી આંસુની અખંડ ધારા વહી રહી હતી. "સુધા ! દેવી ! મ્હારી પ્રિય ! પવિત્ર દેવી ! ત્હેં જરા ઉતાવળ કરી."

કેમ જાણે એ પત્રમાં તેની પ્રિયતમાની મનોહર છબીજ ન આલેખાઇ હોય. તેમ એમાં ધારી ધારીને જોઇ, એને સંબોધી તે ઠપકો આપવા લાગ્યો! ન્યાયાધીશ એ પ્રેમઘેલા પ્રિયતમ તરફ જોઇ બોલ્યો, "ચંદ્ર! હવે શો વિચાર? પ્રાણેશ્વરીનો મૃત્યુ-સંદેશ પ્હોંચ્યોને?"

"જી હા! આપની કૃપાથી! અને એ બદલ હું આપનો જેટલો આભાર માનુ એટલો ઓછો છે."

"ચંદ્ર! ત્હારે અહીંથી ન્હાસી છૂટવું છે? બોલ."

"શા માટે?"

"જીવ બચાવવા!"

"કોને માટે? હવે કોને માટે એ પાપાકર્મ કરવું? જેને માટે મ્હેં આ દશા આણી, જેને માટે હું આવી અસહ્ય યાતનાઓ વેઠીને પણ જીવન ટકાવી રહ્યો! એ તો ગઇ! હવે આ જીવન કોને માટે ટકાવવું?"

"ગાંડા રે ગાંડા! શિર સલામત તો પઘડીયાં બ્હોત, નર ભ્રમર છે! ગમે એ કુસુમકળીનો ભોક્તા એ થઇ શકે છે! એકજ સ્ત્રીમાં બંધાઇ, એનેજ બધો પ્રેમ આપી દેવો, જીંદગીભર એનાજ ગુલામ થઇ રહેવું! અને એનેજ ચ્હાવી, એવું કોણે કહ્યું?"

"બસ કરો, આ બધું ક્યાંથી શીખ્યા? અને તમે કોને શીખવાડી રહ્યા છો? શરમાવ! તમારૂં કાળું હૃદય હું બરાબર જાણું છું. આ ચંદ્ર ગમે તેવો છે, ચોર છે, ખૂની

છે, પણ તમારા જેવા નીચ, વિશ્વાસઘાતી, અને કામાંધ કૂતરો નથી. સમજ્યા ? અત્યારસુધી જીવન ધરી મ્હેં એકજ સ્ત્રીને–એનેજ–ખરા દીલથી ચાહી છે, વફાદાર રહ્યો છું."

" હવે જોયો ત્હને એક પત્નીવ્રત ધારી, જેને માટે તું આટલો ટળવળે છે, તે ત્હારી પવિત્રતા વિશુદ્ધ ચરિતા હતી, એની શી ખાત્રી ? "

" મ્હારૂં દીલ કહે છે. આ કાગળ કહે છે. કસ્તુરી અને કાંદાની ભિન્ન ભિન્ન વાસ હજાર પ્રયત્ને પણ ઢાંકી નથી રહેતી."

" અને હું ત્હને એ પવિત્ર હતી, એમ પૂરવાર કરી આપું તો ! "

" હું માનતોજ નથી. "

" વારૂ ! તું એના અક્ષર તો પારખી શકે છે ને ?"

" ઘણીજ સારી રીતે. "

" તો જો મેળવી જો, આ મ્હારા ઉપર આવેલી પ્રેમ પત્રિકામાં કોના અક્ષર છે ?"

" મ્હને તમારૂં કશું નથી જોવું. ખોટા તરકટો રચી મ્હને ભમાવો નહી. માફ કરો. "

"જો તો ખરો ! આંધળા પતંગીયાની માફક એકલો દુનિયામાં બધે દીવોજ શું જોઇ રહ્યો છે ? નીચે અંધારૂં પણ હોય છે. "

કારાગૃહના બારણાને લોખંડના સળીયાની જાળી હતી, તેમાંથી ચંદ્ર જોઇ શકે એમ ન્યાયાધિશે એક બનાવટી પત્ર ધર્યો.

ચંદ્રે એ જોયો ન જોયો, ત્યાંતો ન્યાયાધિશે ગજવામાં મુકી દીધો. " કેમ મ્હારૂં કેવું ખોટું છે ?"

" પણ પૂરો વાંચવા તો દયો. આટલે દૂરથી આવા ઝાંખા અજવાળામાં હુ અક્ષર નથી ઉકેલી શકતો, નથી વાંચી શકયો. "

" હવે મને વખત નથી. હું જાઉં છું. આપણે કાલે પાછા મળીશું. "

" તમે જરા પાસે આવો. મ્હારે આપને એક વાત કહેવી છે. "

ન્યાયાધીશને એના નસીબે ભૂલાવ્યો. તે દરવાજાની છેક પાસે આવ્યો. " કહે શું કહેવું છે ?"

" અહીં કોઈ બીજું માણસ છે કે ?"

" ના....કોઈ નથી. "

" તો બહુ સારૂં ! જરાક હજુ પાસે આવો."

ન્યાયાધિશ દ્વારની છેક અડોઅડ આવ્યો. મ્હોળા સળીઆમાંથી એકાએક બેડીવાળા બે પ્રચંડ હાથો ચંદ્રે બ્હાર કાઢયા. " જુઓ આ ! કહેવાનું હતું. " કહી તેનું ગળું બૂમ ન મરાય એમ બળપૂર્વક પકડી દાબી દીધું.

" બોલ, સાચુ બોલ. નહિતો ગળું દાબી દેતાંજ વાર છે, મ્હારી સુધા અપવિત્ર હતી ? "

" ના....ના....ના ન્હોતી...."

" તો જુઠું કેમ બોલ્યો ?"

લમણામાં એક જોરથી મુકકી મારી ગળું દબાવી ન્યાયાધિશને બેહોશ કરી ચંદ્રે મૂકી દીધો. એટલામાં જેલર ત્યાં આવી પહોંચ્યો. ન્યાયાધીશને દરવાજા પાસે બેશુદ્ધ પડેલા જોઇ તે વ્હેમાયો. તેના લમણામાંથી લોહી વ્હેતું હતું. તાબડતોબ પ્રયત્ન કરતા ઘણી વારે તે કંઈક જાગૃતિમાં આવ્યો. તેના મુખમાંથી એટલાજ શબ્દો બહાર પડયા. " મારી નાખો....કેદીને ઠાર કરો. "

જેલરે દરવાજાનું તાળું ખોલ્યું, કેદી ચંદ્રને બહાર ઘસડી લાવવા તે ભરેલી પિસ્તોલ સાથે અંદર દાખલ થયો પણ અંદરનો દેખાવ જોતાં તેને કમકમાટી છુટી. કેદી ચંદ્રે પરિણામનો પ્હેલેથી વિચાર કરીનેજ આ કામ કરી નાંખ્યું હતું લોખંડની બેડીઓ માથામાં વારંવાર અફાળી તેણે લોહીના ખાડા ભર્યા હતાં ઠેકઠેકાણે તેના કપાળમાં ઉંડા ઘા પડેલા હતા, તે મરી ન્હેતો ગયો. પરન્તુ મરવાની ઘડીઓ ગણી રહ્યો હતો

તેના હાથ પગમાંથી બેડીઓ કાઢી નાખવામાં આવી એવીજ હાલતમાં તેને કારાગૃહની બ્હાર લાવવામાં આવ્યો નીચે પડેલા જખ્મી અને બેશુદ્ધ ન્યાયાધિશના કાળા મોઢા તરફ છેલ્લી નજર નાખી, છેલ્લી આંખો ઉઘાડી, તેણે પોતાના પ્રાણ છોડયા. મરતાં મરતાં તે " પોતાનું અર્ધાંગ પવિત્ર રહ્યું છે," એ મધૂરાં બોલ સાંભળતો ગયો.

પુષ્પ:—૧૫ મું.

"ભયંકર સજા."

દયાધરને ત્યાં લીલાવતીનું મૃત્યુ જોયાં પછી મરણીયો અને વૈરમાં ગાંડો બનેલો બંસીધર ન્યાયાધિશને મકાને આવ્યો. અત્યારે ન્યાયાધિકારી જેલમાં છે. એમ ખબર મળતાં પ્રાણની પરવા છોડી એ પાગલ મધ્યરાત્રિને વખતે જેલ-દરવાજે જઈ ઉભો. દરવાજાના પહેરેગીરની નજર તેના ઉપર ન પડે એમ જેલની ઉંચી દિવાલ કૂદી તે પાછલે રસ્તેથી અંદર દાખલ થયો જે વખતે જેલર ચંદ્રનુ શબ બ્હાર કાઢી ન્યાયાધિશને બચાવવા મદદ મેળવવા તૈયાર થતો હતો, બરાબર એજ વખતે બંસીધર ત્યાં આવી ઉભો.

મધ્યરાત્રિ હોવાથી પ્રત્યેક કેદીઓ તથા અમલદારો પ્રથમની થુલાણી ઉંઘમાં ઘેરાયેલા હતા. એવે વખતે અચાનક એક અજાણ્યા માણસને આવી ઉભેલો જોતાંજ ચમક્યો.

"તમે કોણ છો ?"

"હું ન્યાયાધિશ સાહેબને મળવા માગું છું."

"પરન્તુ છો કોણ ? એ જવાબ આપો."

"ભાઇ ! તમે જલદી કરો. જે વખત જાય છે, તેમાં તમારા ન્યાયાધિશ સાહેબનુજ નુકશાન થતું જાય છે. મ્હને

તમે નામે નહી ઓળખો, પણ તેઓ મ્હને જોતાંજ ઓળખી જશે."

"પરન્તુ તેઓ તો ઘાયલ થઈ આ પડયા...."

"ન્યાયાધીશને ઘાયલ અવસ્થામાં પડેલો જોતાંજ બંસીધર પ્રથમ તો આશ્ચર્ય પામ્યા, પણ તુર્તજ તેણે નાટક ભજવવો શરૂ કર્યો. "હાય ! ત્યારે શું મ્હારા કાકા એમના ભાઈના માઠા માઠા સમાચાર સાંભળવા પણ ન રહ્યા ?"

"તમે કોણ છો ?"

"હું એમના ભત્રિજો થાઉં છું. એમને આટલી મોડી રાત્રે એમના વડીલબંધુના દેવલોક થયાના સમાચાર સંભળાવવા શોધતો શોધતો ઉઘાડે માથે, અને આવે વેશે દોડતો અહીં સુધી આવ્યો. ત્યાં તો એજ...."

"ભાઈ ! તમે રડો નહી. એઓ હજી જીવે છે. જો ચાંપતા ઉપાયો નહી લેવામાં આવશે, તો તમારા કાકા..."

"હા ! હા ! પણ ક્યા કર્મચંડાળે એમની આ દશા કરી ?"

" આ પાસે પડેલા કેદીએ."

ચંદ્રની ધવલ ચાંદનીના પ્રકાશમાં બંસીધરે ચંદ્રવદનનું મોંઢું જોયું. એને ઓળખ્યો. એના દીલમાં જરા ટાઢક વળી. "જે થનું છે, તે ઠીકજ થયું છે."

" હા તમારા કાકાને જખ્મી કરી, એ પોતાને હાથે આપઘાત કરી મૂવો છે."

"એમ તો જાવ ! તમે જલ્દી કરો. બીજા કોઇને કાને આ વાત ન જાય. ગૂપચૂપ એક ઘોડાગાડી કરી લાવો. જાવ. ઉતાવળા થાવ. તમે આવો. ત્યાં સુધી એમની પાસે હું બેઠો છું. આ વાત છૂપી રાખવાની છે."

જેલર બાપડો ! બંસીધરના કૃત્રિમ કલ્પાંતમાં અંજાઇ કોઇને કશી પણ ખબર આપ્યા વિના, ન્યાયાધીશને બંસીધરના હાથમાં સોંપી મધ્યરાત્રે ગાડી લઇ આવવા દોડયો.

તેના ગયા પછી બંસીધરે પ્રથમ તો જમાઇના મોઢા તરફ જોયું. એનામાં જીવ ન્હોતો. પછી તેણે છુપાવેલી કારી કટાર બ્હાર ખેંચી કાઢી. ચંદ્રદેવનો તથા કારાગૃહમાં બળતા ઝાંખા દીવાનો મંદ પ્રકાશ એના ચકચકતા પાના ઉપર પડી રહ્યો હતો. બેશુદ્ધ ન્યાયાધીશને બંસીધરે ખૂબ ઢંઢોળ્યો, એટલે તે કંઇક ભાનમાં આવ્યો.

"મારી નાખો ! જેલર !"

"હું જેલર નથી. જરા બરાબર આંખ ઉઘાડીને જુઓ, હુંકોણ છું?"

મરતા ન્યાયાધિશના ડોળા ફાટયા. "કોણ તું.... બંસી...ધર ?"

"હા ! ઓળખાણ પડે છે ?"

"તું....અત્યારે ? અહીં ?....કયાંથી ?"

'તમને ખાસ મળવા આવ્યો છું.''

"તું....તું....શું ચ્હાય છે ?"

"વેર." બંસીધરે પોતાની ચળકતી કટારી તેની આંખ આગળ ધરી બતાવી.

"શું...શું...તું મ્હારૂં ખૂન કરવા આવ્યો છે ? "

"જરૂર ! કરો તે ભરો !"

વખત બહુ ઓછો હતો. પ્રત્યેક પળે મામલો પલટાઇ, જવાનો ભય હતો. એક પળનો પણ વિચાર કીધા વિના બંસીધરે એ તીવ્ર કટાર પાપાત્માની છાતીમાં ખોસી દીધી.

"ઓહ ! હવે શું...તું....બચી શકશે ?" મરતા મરતા તરડાતી જીભે,અને ઉંચે ચઢતે ડોળે ન્યાયાધિશ બોલ્યો.

એટલામાં ગાડી બહાર ઉભી રખાવી, સાથે બે ચાર સીપાઇઓ મદદ માટે લઇ જેલર ત્યાં આવી પ્હોંચ્યો. એને આવતો જોતાંજ બંસીધરે છરી ઉગામી. મ્હારૂં છેલ્લું કામ, હવે ખતમ થયું છે. હવે મ્હારે પણ આ દુનિયામાં નથી રે'વું."

"પકડો." બોલી જેલર ખૂની બંસીધરને પકડવા પોલિસો સાથે ધસ્યો, પરન્તુ તે પ્હેલાં તો બંસીધરની કટાર તેનુ કામ કરી ચૂકી હતી. પોતાના કાળજામાં કટાર ભોંકી એ પણ ત્યાંજ પકડાઇ પડયો. પાંચજ મીનીટમાં એનો પ્રાણ પરલોકમાં રવાના થયો.

પરન્તુ ન્યાયાધિશનો જીવ બહુ બહુ તરફડીયા માર્યાં છતાં હજુ છુટો ન્હોતો થતો. "ઓહ્ ! હા ! મ્હને માફ કર ! ઓ લીલા !....બંસી !...સુધા તમે...."તેની વાચા આગળ વધતી અટકી ગઇ. કરેલાં પાપની ભયંકર સજા તેને મળી ચૂકી હતી. સતીના શ્રાપાનુસાર તે કુતરાને મ્હોતે, અપવિત્ર ભૂમીમાં, એક કેદીની જગ્યાએ તરફડી, તરફડીને મર્યો, છેવટના અગ્નિસંસ્કાર પણ કેદીઓને હાથે પામ્યો.

* * * *

પ્રિય પાઠક !

સમાજના રાક્ષસી રૂઢી–બંધનોને લઇને બંસીધર જેવા કેટલાયે સુશિલ પુરૂષોના સંસાર આમ છિન્નભિન્ન થઇ જતા હશે ! તેનો આછો ખ્યાલ આ એકજ ઉદાહરણ ઉપરથી ત્હને આવી જશે.

આ તમામ લખ્યું, તે "સમાજ ત્હારે ખાતર !" ત્હારાં સંતાનોના આવા હૃદયભેદક મૃત્યુ જોયાં પછી પણ ! ઓ નિષ્ઠુર હિન્દુ–સમાજ ! ત્હારા દીલમાં કંઈ પણ અનુકંપા કે લાગણી થઇ આવે તો છેવટ બે આંસુ પાડ !

\+ \+ \+ \+

"છેવટ"

(૧) લીલાવતીને અગ્નિ સંસ્કાર દયાંવરને હાથે થયો. બંસીધરનો વારસો એ ગરીબ પરન્તુ પ્રરગજુ અને પ્રમાણીક યુવકને મળતાં, એની વફાદારીનો એને યોગ્ય બદલો મળી ગયો.

(૨) વિમળાનો ભવ બાળનાર બાયલો રમણલાલ પ્રથમ પત્ની ન ગમતાં, પોતાની ન્યાતના ધારા મુજબ એક ઉપર બીજી પત્ની લાવ્યો. પરિણામમાં રોષ ભરાયલી પ્રથમ પત્નીએ (શોકયે) તેને ભોજનમાં ઝેર આપી એના જીવનનો અંત આણ્યો, પોતાનું વૈર લીધું.

(૩) બંસીધર, ન્યયાધિશ, તથા ચંદ્રવદન ત્રણેય એકજ ચિતામાં એકજ જગ્યાએ સાધારણ કૈદી, અને સિપાઇઓને હાથે અગ્નિ-સંસ્કાર પામ્યા.



સતીતારામતીનીવાર્તા સચિત્ર ૦-૧૦-૦
કોણચાલાક? સચિત્ર ૦-૧૦-૦
ખુનીની ખોપરી ... ૦-૮-૦
વિષનો વરસાદ ... ૦-૮-૦
પાપનું પડીકું ... ૦-૮-૦
જગતનો જાદુગર ... ૦-૮-૦
શવાશેરની શોધમાં ...૦-૮-૦
ડાકટર દૈત્ય ... ૦-૮-૦
કપટ સીંહ ... ૦-૬-૦
ભેદી મુડદું ... ૦--૦
સોળવરસની સતી ...૦-૮-૦
મેના શેઠાણી ૦-૬-૦
સતિ તેજબા ૦-૬-૦
બરાસ કસ્તુરી ૦-૮-૦
ગજરામારૂ ૦-૮-૦
સદેવંતઅનેસાવલીંગા૦-૮-૦
ગુલબંકાવલી ૦-૮-૦
બત્રીસ પુતળી સંપુર્ણ ૨-૮-૦
સાડાત્રણ ભાઇબંધ ૦-૮-૦
ભયંકર ભુતાવળી ૦-૬-૦
ડીટેકટીવ કે દેવ ? ૦-૮-૦
ભજનસાગર ૦-૮-૦
ભજન ભંડાર ૦-૮-૦
કૃષ્ણ સુદામા સચિત્ર ૦-૧૦-૦
રાજભાષા (ઇંગ્રેજીસહેલાઈથી

શાખવાનું સાધનકી.૧-૮-૦
સચિત્ર કોકશાસ્ત્ર કી. ૧-૮-૦
હુન્નર પ્રકાશ કી. ૨-૦-૦
રસીક ધોળ પદ કી. ૧-૪-૦
શુદ્ધ કાવ્ય દોહન૧ થી ૫ ભાગ કી. ૨-૦-૦
સુડા બહોતેરી કી. ૨-૦-૦
ગીરધરકૃતરામાયણકી. ૩-૦-૦
તુલસી કૃતરામાયણકી.૬-૦-૦
પૈસા કેમ કમાવા ? વ્યાપારી તાલીમ શાખવનારૂ સર્વોત્તમ પુસ્તક ૧-૮-૦
સ્વામીદયાનંદનું જીવન ચરિત્ર કી ૨-૦-૦
નઝીર કી. ૧-૦-૦
પંચીકરણ કી. ૨-૦-૦
મોટી ગાયનમાળા બાર ભાગ કી. ૦-૧૨-૦
" " આઠ ભાગ કી. ૦ ૮-૦
" " છ ભાગ કી. ૦-૪-૦
મહાભારથ વલ્લભ વ્યાસનું કી. ૬-૦-૦
વિવેકાનંદનું જીવન ચરિત્ર સચીત્ર કી. ૩-૪-૦
સ્વામી રામતીર્થનું જીવન ચરિત્ર ૨-૮-૦

ગામેગામ એજન્ટ જોઇએ છે.

હાલમાં અમોએ સારાં, સસ્તાં અને સચિત્ર પુસ્તકો બહાર પાડયાં છે. નવાં નવાં સચિત્ર તેજદાર પુસ્તકો બહાર પડતાં જાય છે આપ આપનું નામ નોધાવશો તો છપાતાં નવાં પુસ્તકો જણાવતા રહીશું.

પુસ્તકો વેચનાર વ્યાપારીઓને સુચના.

તમો બીજો વ્યાપાર કરતા હો તેની સાથે વીસ પચીસ રૂપીઆના અમારાં સારા સસ્તાં ને સચિત્ર પુસ્તકો રાખશો. મુડીમાં ઘણો સારો નફો મેળવશો.

સદેવંત સાવળીંગા સચિત્ર ૦-૧૦-૦

ન્યુ ખુબસુરત ગાયન માળા સચિત્ર ૦-૮-૦

મોટી ન્યુ ખુબસુરત ગાયનમાળા ૧-૧૨-૦

વિજયા વિજય સચિત્ર ૦-૧૦-૦

સુદામાજી સચિત્ર ૦-૧૦-૦

દયાની દેવી સચિત્ર કી ૦-૬-૦

લવંગ કુમારી ભાગ ૧-૨ દરેકના ૦-૮-૦

નળ દમયંતી સચિત્ર ૦-૧૦-૦

વિવેકાનંદજીવન સચિત્ર ૩-૪-૦

પંચીકરણ ગુજરાતી ૧-૮-૦

ભાગવત મોટું સચિત્ર કીં. ૬-૦-૦

શુદ્ધ કાવ્યદોહન ૧ થી ૫ ભાગ કીં. ૧-૮-૦

લસી કૃત રામાયણ (સચિત્ર) ૬-૦-૦

છેલની વારતા ૦-૧૨-૦

સંત સમાજ ભજનાવલી સચિત્ર કીં, ૧-૭-૦

બીરબલબાદશાહ મોટું પાકું પુઠું કીં-૨-૦-૦

શોભના ” સાચત્ર ૦-૬-૦

પંચરત્નગીતા ૧-૧-

ઉપરનાં તમામ પુસ્તકો તથા બીજા દરેક પુસ્તક મળવાનું સ્થળઃ—

બુકસેલર રણછોડલાલ મોતીલાલ
પુસ્તકો વેચનાર—અમદાવાદ.

સચિત્ર. # સરોવરની સુંદરી. સચિત્ર.



પ્રકાશકઃ—મૂળચંદ

ગોંડલ — અમદાવાદ

કીંમત ૦-૧૨-૦

ભાગ ઝેરની પ્યાલી. બીજો



“ મ્હેણું જોગે મારે શેઠને એ શબ્દ કહ્યા.” (અરવિન્દાની આત્મકથા)